श्रीवल्लभनुं वसियतनामुं



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ વિજયતે શ્રીવલ્લભવિભુઃ ॥

શ્રીવલ્લભનું વસિયતનામું

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપિંગ સેન્ટર,
બી. કે. સિનેમા સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૯૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

Śhrī Vallabhnuṃ Vasiatnāmum
by *Prof. Rameshbhai V. Parikh*

© કૉપીરાઇટ - શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

વિજયભાઈ એમ. દેસાઈ *(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)*
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, પહેલા માળે
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ *(રૂબરૂ અને પોસ્ટથી)*
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૯૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨
દ્વિતીય આવૃત્તિ : ૧૯૯૩
તૃતીય આવૃત્તિ : ૨૦૦૫

પુસ્તક પ્રકાશન સહાય : રૂ.૨૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા. ફોન : ૨૪૫૩૦૪

પ્રસ્તાવના

આજે શ્રીવલ્લભપ્રભુની સૌ પુષ્ટિજીવો પર સવિશેષ કૃપા વરસી રહી હોય, એવો સુખદ અનુભવ થાય છે. આપે પુષ્ટિ જીવનનો રાજમાર્ગ માત્ર એક પંક્તિમાં બતાવી દીધો - ''શાસ્ત્રમવગત્ય મનોવાક્દેહૈઃ શ્રીકૃષ્ણઃ સેવ્યઃ સ્મર્તવ્યશ્ચ,'' અર્થાત્ શાસ્ત્રોને સમજીને, શાસ્ત્રની આજ્ઞા મુજબ મન, વાણી અને શરીરથી શ્રીકૃષ્ણની સેવા અને સ્મરણ કરવાં.

શાસ્ત્રોમાં વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવતને શ્રીવલ્લભે મુખ્ય પ્રમાણો તરીકે સ્વીકાર્યાં. તેમાં રજૂ થયેલા સિદ્ધાંતો જ આપે વધુ સ્પષ્ટતાથી આપના ગ્રંથોમાં સમજાવ્યા. સર્વ પ્રમાણ શાસ્ત્રોના સાગરનું મંથન કરીને આપે પુષ્ટિભક્તિનું અમૃત આપણને આપ્યું. જે ભગવદ્મુખમાંથી શાસ્ત્ર - વાણી પ્રકટી, એ જ ભગવદ્મુખાવતાર આપ હોવાથી, આપે આપની ગૂઢ વાણીને પૂર્ણ સત્ય સ્વરૂપે, સરળ શબ્દોમાં સમજાવી.

પાછલા દોઢેક સૈકામાં આપણી પુષ્ટિસૃષ્ટિ શ્રીવલ્લભના મૂળ ગ્રંથોને શીખવા, સમજવામાં થોડી શિથિલ બની. શાસ્ત્ર-શિક્ષણ ઘટે, ઘસાય ત્યારે સમાજના વિચારોમાં વિકૃતિ આવે, આવું પુષ્ટિસમાજમાં પણ થયું. શ્રીવલ્લભે બતાવેલા સર્વ સિદ્ધાંતોનો શિરોમણિ સેવાનો સિદ્ધાંત એના મૂળભૂત સ્વરૂપથી જુદી દિશામાં ફંટાઇ ગયો અને પુષ્ટિજીવોના મનમાં સિમેન્ટની જેમ રૂઢ-દ્દઢ થઇ ગયો. તેના કારણે સેવાના સ્વરૂપમાં વિકૃતિઓ આવી. તેને લઇને પુષ્ટિજીવોમાં પ્રભુથી બહિર્મુખતા વધતી ગઇ.

છેલ્લાં પંદરેક વર્ષોથી પૂ. પા. શ્રીગોસ્વામી આચાર્યચરણોની કૃપા અને અથાક પરિશ્રમથી સિદ્ધાંતોની ગેરસમજોનો અંધારયુગ ઓસરી રહ્યો છે, અને શ્રીવલ્લભના મૂળભૂત માર્ગનો પ્રકાશ આપણા મનમાં થઇ રહ્યો છે, તે સુખદ ઘટના છે. શ્રીવલ્લભની જ કૃપાનો આ અનુભવ છે. આના પરિણામે આજે પુષ્ટિજીવોની રુચિ શ્રીવલ્લભ-ગ્રંથો દ્વારા શ્રીવલ્લભ-વિચારના શ્રવણ-સત્સંગ, વાચન-ચિંતન તરફ વધી રહી છે. એ રુચિને પોષવા શ્રીવલ્લભવિચારને

સરળતા અને રસમયતાથી રજૂ કરવાના સ્તુત્ય પ્રયત્નો પણ સંપ્રદાયમાં થઇ રહ્યા છે. પુષ્ટિસૃષ્ટિની આ માટેની માગ પણ વધી રહી છે.

આ સંજોગોમાં શ્રીવલ્લભની અંતિમ આજ્ઞા રૂપ ''શિક્ષા-શ્લોકી'' ગ્રંથ પુષ્ટિજીવનના ઘડતર માટે ઘણો ઉપયોગી જણાતાં, તેને શ્રીવલ્લભની પ્રેરણા અને કૃપાથી આ લઘુપુસ્તક રૂપે પ્રકાશિત કરતાં આનંદ થાય છે. શ્રીવલ્લભનો એવો જ બીજો લઘુગ્રંથ ''પંચશ્લોકી'' છે, તેમાં પણ પુષ્ટિજીવનનો રાજમાર્ગ બતાવેલો છે. તેના પર કોઇ સંસ્કૃત ટીકા પ્રાપ્ય નથી અને વૈષ્ણવોમાં તે ઝાઝો પ્રસિદ્ધ પણ નથી. એનું વિવરણ પણ આ લઘુ પુસ્તકમાં સમાવિષ્ટ કર્યું છે.

આશા છે શ્રીવલ્લભના આ બંને લઘુગ્રંથોનો સ્વાધ્યાય આપણા સૌ માટે હિતકારી સિદ્ધ થશે.

આ ગ્રંથલેખન કેવળ શ્રીવલ્લભની કૃપાનું ફળસ્વરૂપ હોઇ, આ લઘુ પુસ્તક આપશ્રીનાં સુખદ ચરણકમળોમાં સદૈન્ય, સાનંદ સમર્પિત કરું છું.

એના પ્રકાશનમાં સહયોગી બનનાર સૌ સ્વજનો પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરું છું.

દાસાનુદાસ

રમેશના સદૈન્ય ભગવત્સ્મરણ

બીજી આવૃત્તિ ટાણે

આ આવૃત્તિ પ્રથમ આવૃત્તિનું માત્ર પુનઃ પ્રકાશન છે. અલબત્ત, એમાં પ્રથમ આવૃત્તિના મુદ્રણ-દોષ અને ક્રમાંક વાક્ય-રચના કે શબ્દરચનામાં આવશ્યક એવા સામાન્ય ફેરફાર સિવાય વિશેષ કંઈ સુધારા વધારા કર્યા નથી. અનેક વૈષ્ણવોની અતિશય આગ્રહભરી માગણી જ, માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં આ પુસ્તકના પુનર્મુદ્રણ માટે નિમિત્ત બની છે.

શ્રીવલ્લભપ્રભુની વાત સૌ ગંભીરતાથી જીવનમાં ઉતારે, એ જ અભીપ્સા.

રમેશના સદૈન્ય ભગવત્સ્મરણ

આ ત્રીજી આવૃત્તિ ટાણે

'શિક્ષાશ્લોકી' અને 'પંચશ્લોકી' નામના શ્રીમહાપ્રભુજી રચિત લઘુગ્રંથોની સુંદર સમજ આપતું આ નાનકડું પુસ્તક વૈષ્ણવોની આગ્રહભરી - પ્રેમભરી માગણીને કારણે ત્રીજીવાર મુદ્રિત થઈ રહ્યું છે. શ્રીમહાપ્રભુજીના ગ્રંથો સમજવાની વૈષ્ણવોની જિજ્ઞાસા વધતી જાય છે. તેવું પુસ્તકોની વધતી જતી માગ ઉપરથી દેખાઈ રહ્યું છે. આ બાબત સંપ્રદાય માટે ઘણા આનંદની છે. સૌ વૈષ્ણવો આ બંને ગ્રંથોને સમજીને યથાશક્તિ જીવનમાં આચરે તેવી શુભેચ્છા.

- વસંતબેન પરીખ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી
વિરચિત

શિક્ષાશ્લોકાઃ

[મૂળ સંસ્કૃત ગ્રંથ]

યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન ।
તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ॥૧॥
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ ।
ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ॥૨॥
ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।
પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા ॥૩॥
સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ॥૩½॥

■

મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે ।
તદા કૃતાર્થા યૂયં હિ શોચનીયં ન કર્હિચિત્ ॥૧॥
મુક્તિર્હિત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ॥૧½॥

■

ટીકા સાહિત્ય

શ્રીદ્વારકેશજીકૃત વિવૃત્તિ

શ્રીવલ્લભનું વસિયતનામું

વસિયતનામું : જગતમાં મનુષ્યને અનેક પ્રકારની ચિંતાઓ હોય છે. તે પૈકીની એક મોટી ચિંતા તેને સતાવે છે કે તેની આંખ મિંચાઈ ગયા પછી, તેના કુટુંબનું શું થશે? અનેક કષ્ટો બાદ તેણે એકઠી કરેલી સંપત્તિ અને કીર્તિ તેના વારસદારો વેડફી તો નહિ નાંખે ને? એમાંય જો તેનાં સંતાનો પુખ્ત વયનાં ન બન્યાં હોય તો તેમની ચિંતા અધિક સતાવે છે. વૃદ્ધ બનતાં પહેલાં, અકાળે જ જો તે રાજરોગનો ભોગ બની જાય અને તેનું અણચિંતવ્યું મૃત્યુ થાય, તો તેનો જીવ તેની સંપત્તિમાં ભરાઈ રહે! કદાચ બીજો જન્મ સર્પયોનિમાં પણ થાય!

આવી સ્થિતિમાં, દુનિયાના ડહાપણમાં પાવરધો આદમી, પોતાના, કુટુંબની ભાવિ સુરક્ષા કાજે પોતાનું ઈચ્છાપત્ર (વિલ) તૈયાર કરે છે, જેને વસિયતનામું પણ કહેવાય છે. આ 'વિલ'માં તે પોતાની ભૌતિક સંપત્તિના ઉપયોગ અને વહેંચણીની વ્યવસ્થા લખતો જાય છે.

આ તો વાત થઈ દુનિયાદારીમાં રાચનારા માણસના વિલની. પરંતુ મહાપુરુષો પણ ક્યારેક પોતાનું વિલ-વસિયતનામું મૂકતા જાય છે. તેમને તેમના વારસો માટે ભૌતિક સંપત્તિ છોડી જવાની ચિંતા તો ક્યારેય જન્મી હોતી જ નથી! તેમના વિલ દ્વારા તેઓ તેમને પ્રાપ્ત થયેલ વિચાર-સમૃદ્ધિનો વારસો આપતા જાય છે.

આપણા શ્રીમહાપ્રભુજીનું આવું વસિયતનામું આપણી સામે છે. આપશ્રીએ સ્વયં સામે ચાલીને તે લખ્યું નથી. આ વસિયતનામું કયા સંજોગોમાં, ક્યાં, કેવી રીતે લખાયું તેનો પહેલાં વિચાર કરીએ.

શ્રીમહાપ્રભુજીના વસિયતનામાની રચના :

લૌકિક મનુષ્યો અને મહાપુરુષોની જીવનયાત્રામાં આસમાન-જમીન જેટલો તફાવત હોય છે. લૌકિક મનુષ્યોનો જન્મ તેમના પૂર્વજન્મોનાં કર્મોનાં

ફળ ભોગવવા માટે હોય છે. તેમની જીવનયાત્રા કર્મ ફળોનું બંધન હોય છે. જીવનની આયુરેખા તે મુજબ નાની-મોટી હોય છે. તેમના મૃત્યુનું સ્વરૂપ પણ તેના પર આધારિત હોય છે. મહાપુરુષોનો જન્મ ભગવદાજ્ઞાને આધીન ભગવત્કાર્ય માટે હોય છે. તેમને સોંપાયેલું ભગવત્કાર્ય પૂરું થતાં, તેઓ તેમની જીવનયાત્રા સમેટી લે છે. આદિ શંકરાચાર્ય. વિવેકાનંદ, કવિ કલાપી વગેરેનાં જીવન આ બાબત સમજાવે છે. તેમણે યુવાન વયમાં જ ભૂતળત્યાગ કર્યો હતો.

આપણા શ્રીમહાપ્રભુજી માત્ર મહાપુરુષ જ નથી, સાક્ષાત્ ભગવાનના મુખારવિંદનું સ્વરૂપ છે. આપ પૂર્ણ પુરુષોત્તમ છે. પ્રભુની આજ્ઞાથી, ત્રણ ભગવત્કાર્યો કરવા, આપ પૃથ્વી પર અવતાર લઈને પધાર્યા. (૧) નિત્યલીલાના પુષ્ટિજીવો-દૈવીજીવોનો ઉદ્ધાર (૨) માયાવાદનું ખંડન અને બ્રહ્મવાદનું સ્થાપન. (૩) શ્રીભાગવતના ગૂઢ અર્થનું પ્રકાશન.

પહેલાં બે કાર્યો માટે આપે આપની દસ વર્ષની વયથી પ્રારંભીને, સતત ત્રણ વખત આખા ભારતની પદયાત્રા કરી. આ સમયગાળામાં આપે દૈવીજીવોને શરણે લઈ, શ્રીઠાકોરજી સાથે તેમનો બ્રહ્મસંબંધ કરાવી, ભગવત્સેવા દ્વારા તેમને ભગવત્પ્રાપ્તિ કરાવી, તેમનો ઉદ્ધાર કર્યો. કન્યાકુમારીથી બદરિકેદાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી ભારતના ખૂણેખૂણે વસેલા માયાવાદી આચાર્યો અને વિદ્વાનો સાથે શાસ્ત્રચર્ચા કરી, આપે માયાવાદનું સંપૂર્ણ ખંડન કર્યું. તદુપરાંત 'અણુભાષ્ય', 'તત્ત્વાર્થદીપનિબંધ', 'ગાયત્રીભાષ્ય', 'ષોડશગ્રંથ' જેવા ગ્રંથો રચીને, તે દ્વારા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગનું સુદૃઢ સ્થાપન પણ કર્યું. આમ બે ભગવત્કાર્યો પરિપૂર્ણ કર્યાં.

શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકટ કરવા આપે શ્રીભાગવતનો અર્થ સાત પ્રકારે પ્રકટ કર્યો. 'શ્રીભાગવતાર્થપ્રકરણ'માં આપે શ્રીભાગવતના શાસ્ત્ર, પ્રકરણ, સ્કંધ અને અધ્યાય-એમ ચાર બાબતોના ગૂઢ અર્થ સમજાવ્યા. આપે શ્રીભાગવત પર 'સૂક્ષ્મ ટીકા' લખી. તેમાં શ્રીભાગવતના વાક્ય, પદ અને અક્ષર એમ ત્રણ બાબતોના ગૂઢ અર્થ પ્રકટ કર્યા. દરમ્યાનમાં કાશ્મીરના વતની માધવ ભટ્ટ આપના શરણે આવ્યા. તેમનામાં શીઘ્ર લેખનની પ્રભુદીધી શક્તિ હતી. તેની સહાયથી આપે શ્રીભાગવતના મહાસાગરનું મંથન કરી તેનો અલૌકિક અમૃતરસ 'સુબોધિની'માં પ્રકટ કરવાનો પ્રારંભ કર્યો.

ત્રીજી ભારતયાત્રા દરમ્યાન આપ પશ્ચિમ બંગાળમાં આવેલા ગંગાસાગર સંગમના પ્રદેશમાં હતા, ત્યારે આપને ભગવદાજ્ઞા થઈ :

“હે વલ્લભ, મારી ત્રણે ઈચ્છાઓનું તમે સુપેરે પાલન કર્યું છે. તમને સોંપાયેલું કાર્ય પરિપૂર્ણ થયું છે. અહીં નિત્યલીલામાં સૌ પરિકરને તમારો વિયોગ સાલે છે. માટે તમે હવે દેહત્યાગ કરી, લીલામાં પાછા પધારો.”

શ્રીવલ્લભ ભૂતળ પર પધાર્યા, ત્યારથી જ ભગવદ્વિરહનો ઉત્કટ અનુભવ તો કરી જ રહ્યા હતા! આપને ય ભગવલ્લીલાના સંયોગનો રસાનુભવ કરવાની અદમ્ય અભિલાષા તો હતી જ પરંતુ ભક્તવત્સલ શ્રીવલ્લભને ભક્તો પર અસાધારણ કૃપા કરવી હતી. કૃપાશક્તિનું આપ તો સાક્ષાત્ સ્વરૂપ! કૃપા કરવાનો સહજ સ્વભાવ! ભક્ત સુખ માટે સ્વસુખનો પરિત્યાગ કરનારા!

શ્રીભાગવતના પહેલા, બીજા અને ત્રીજા-એમ ત્રણ સ્કંધો ઉપર ‘શ્રીસુબોધિની’ ભાષ્ય લખાયું અને આ આજ્ઞા થઈ! પરંતુ તે જ સમયે સાથે સાથે પ્રભુએ એવી પણ આજ્ઞા કરી : “તમે ચોથા સ્કંધના ભાષ્યનો આરંભ ન કરતાં, દશમ સ્કંધના ભાષ્યનો આરંભ કરો.” આથી, તે પ્રમાણે શ્રીવલ્લભે દશમ સ્કંધના ‘સુબોધિની’ના લેખનનો પ્રારંભ કર્યો. આ આજ્ઞા પાછળ ભગવદિચ્છા એવી હતી કે ભૂતળના જીવો માટે એટલું જ પૂરતું છે. તેથી વધુ ભાગવતરસ તેઓ જીરવી શકશે નહિ.

આપ ત્રીજી ભારતયાત્રા બાદ થોડાં વર્ષો પછી, વ્રજમંડળમાં પધાર્યા, ત્યારે દશમ સ્કંધનાં ‘સુબોધિની’ પરિપૂર્ણ થઈ ગયાં હતાં. તેથી મધુવનમાં આપને બીજી વખત ભગવદાજ્ઞા થઈ :

“વલ્લભ, હવે આપ આ દેહનો ત્યાગ કરો, તમારું કાર્ય પૂર્ણ થયું છે.”

પરંતુ અનેક પુષ્ટિજીવોના ઉદ્ધારના મંગલ હેતુથી શ્રીવલ્લભે એકાદશ સ્કંધના ‘સુબોધિની’ લખવાનો પ્રારંભ કર્યો. હવે પ્રભુને પણ શ્રીવલ્લભનો વિશેષ વિયોગ માન્ય ન હતો. આથી, શ્રીવલ્લભને નિત્યલીલામાં પાછા પધરાવવાના હેતુથી પ્રભુએ બે કાર્યો કર્યાં. (૧) શ્રીભાગવત પર શ્રીવલ્લભે લખેલી ‘સૂક્ષ્મટીકા’ અંતર્ધાન થઈ ગઈ. (૨) શ્રીસુબોધિનીજીનું લેખન કાર્ય કરવામાં સહાયક માધવ ભટ્ટ કાશ્મીરીનો અનાયાસ લીલા-પ્રવેશ થયો. આથી, શ્રીવલ્લભે લેખનકાર્ય સમેટી લીધું.

આપ ત્રણ ભારતયાત્રા બાદ અડેલમાં સ્થિરવાસ કરીને બિરાજ્યા હતા, ત્યાં સં. ૧૫૮૭ ના વૈશાખ-જેઠના સમયગાળામાં ત્રીજી વખત ભગવદાજ્ઞા થઈ: ''હવે આપે જરા પણ વિલંબ કરવાનો નથી. હવે આપ શીઘ્ર સંન્યાસ ધારણ કરી, આસુરવ્યાહમોહલીલા કરો.'' ત્યારે આપે એ માટેની તૈયારી કરી. આપે દેહ-દેશ પરિત્યાગ માટે પોતાના અંતઃકરણને બોધ આપતાં 'અંતઃકરણ પ્રબોધ' ગ્રંથ સં. ૧૫૮૭ ના વૈશાખ વદ સાતમના અરસામાં રચ્યો. તેમાં આ સર્વ ઘટના આપે નીચેના શ્લોકોમાં વર્ણવી છે:

આજ્ઞાપૂર્વં તુ યા જાતા ગંગાસાગરસંગમે ।
યાપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્ - દ્વયં મયા ॥

દેહદેશ - પરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ।
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોહં ન ચાન્યથા ॥

અર્થાત્ પહેલાં ગંગાસાગરના સંગમ પર અને પછી મધુવનમાં જે બે ભગવદાજ્ઞા થઈ, તેમનું પાલન મારાથી નથી થયું. હવે ત્રીજી ભગવદાજ્ઞા લોકગોચર દેહદેશપરિત્યાગની થઈ છે. આ આજ્ઞાનું પાલન તો કરવું પડશે. છતાં તેમાં પશ્ચાત્તાપની કોઈ વાત નથી. જ્યારે હું સેવક છું - મારું સર્વ કંઈ મારા સ્વામી-પ્રભુને સમર્પિત છે - ત્યારે દેહદેશના પરિત્યાગમાં પશ્ચાત્તાપ કેવો?

શ્રીપુરુષોત્તમજી આ ગ્રંથની ટીકામાં આજ્ઞા કરે છે કે- આજ્ઞાનું પાલન નથી થયું, એમ કહેવા કરતાં આજ્ઞાનું પાલન થયું છે, એવો મર્મ શ્રીમહાપ્રભુજીના શબ્દોમાંથી નીકળતો હોય તો સુરમ્ય ગણાય. 'દેહ' શબ્દ ઉપચયાર્થ અને 'દેશ' શબ્દ અતિસર્જનદાનાર્થ લઈએ તો એવો અર્થ થાય કે હવે આપ વધુ ગ્રંથલેખન અને ઉપદેશ રૂપી દાનનો ત્યાગ કરો, એવી ભગવદાજ્ઞા થઈ. સુબોધિની અધૂરાં રહેતાં તે આજ્ઞાનું પાલન થઈ જ ગયું છે.

આમ, શ્રીવલ્લભે નિત્યલીલામાં પધારવા માટેની ભગવદાજ્ઞા સ્વીકારી, પોતાની જીવનયાત્રા સમેટી લેવાનો નિર્ણય કર્યો. એ પ્રસંગે શ્રીદ્વારકેશજીએ 'શિક્ષાશ્લોકી' ગ્રંથ પરની તેમની ટીકામાં નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

શ્રીભાગવતના અગિયારમા સ્કંધના અઢારમા અધ્યાયનો બારમો શ્લોક નીચે મુજબ છે :

યદા કર્મવિપાકેષુ લોકેષુ નિરયાત્મસુ ।
વિરાગો જાયતે સમ્યઙ્ન્યસ્તાગ્નિઃ પ્રવ્રજેત્તતઃ ॥

અર્થાત્, શ્રીવલ્લભને અડેલમાં ત્રીજી ભગવદાજ્ઞા થતાં, આપે ભક્તિમાર્ગીય સંન્યાસ ધારણ કરવાનો નિર્ણય કર્યો. તે માટે પત્નીની સંમતિ જરૂરી ગણવામાં આવી છે. આપે વારંવાર શ્રીમહાલક્ષ્મીજી વહુજીની સંમતિ માગી પણ તે ન મળી. આપે અગ્નિસ્વરૂપ હોવાથી, અગ્નિ પ્રકટ કરીને પોતાની પર્ણકુટિ પ્રજ્વલિત કરી. તે વખતે આપ પર્ણકુટિમાં બિરાજતા હતા. પર્ણકુટિને આગ લાગેલી જોઈને શ્રીમહાલક્ષ્મી વહુજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી : બહાર નીકળી જાવ... બહાર નીકળો. આ શબ્દોને આપે સંન્યાસ માટેની સંમતિ રૂપ માની, કૌપીન વસ્ત્રો લઈ, પર્ણકુટિનો ત્યાગ કર્યો.

પછી આપે અડેલમાં વિધિવત્ સંન્યાસ ગ્રહણ કરી, ''પૂર્ણાનંદ'' નામ ધારણ કર્યું. આસુરવ્યાહમોહલીલા કરવા માટે આપ સંન્યાસી સ્વરૂપે કાશી પધાર્યા. ત્યાં ગંગાકિનારે હનુમાન ઘાટ પર બિરાજ્યા.(ત્યાં આજે પણ આપનાં બેઠકજી બિરાજે છે.) દેહદેશપરિત્યાગની બે પૂર્વ આજ્ઞાઓના પાલન ન થવાના અપરાધ-દોષના નિવારણ માટે આપ ત્યાં એક માસ અનશન (ઉપવાસ) કરી, ભગવદ્ધ્યાનમાં બિરાજ્યા. પછી એક અઠવાડિયું અનશન સાથે આપે મૌન ધારણ કર્યું.

આ સમયે શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ કુમાર શ્રીગોપીનાથજીની વય ઓગણીસ વર્ષની હતી, જ્યારે દ્વિતીય કુમાર શ્રીવિઠ્ઠલનાથજી(શ્રીગુસાંઈજી)ની વય પંદર વર્ષની હતી. આપના બંને કુમારો સહકુટુંબ કાશી પધાર્યા. સાથે હરસાનીજી આદિ ઘણા સેવકો પણ હતા. સૌએ હનુમાન ઘાટ પર શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં. શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી અને સૌ સેવકોએ હાથ જોડી, વિનમ્ર ભાવે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી :

''કૃપાનાથ, આપ ભૂતળત્યાગ કરવા તત્પર છો, ત્યારે આપની ભૂતળ પરની અનુપસ્થિતિમાં અમારું કર્તવ્ય શું? અમારે શું કરવાનું? આપની અંતિમ આજ્ઞા કઈ છે?''

શ્રીમહાપ્રભુજીએ મૌનવ્રત ધારણ કરેલું હતું, તેથી આપ કૃપાસ્નિગ્ધ નેત્રોથી સકલ પરિકર તરફ કૃપાનું દાન કરતા રહ્યા. આપનાં નેત્રકિરણો સૌનાં હૃદયને શ્રીવલ્લભના હાર્દથી પ્રકાશિત કરી રહ્યાં. **'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્'** (ગુરુનું મૌન પણ વ્યાખ્યાનરૂપ છે.) એ મુજબ આપ મૌન રહીને સૌને સમજાવી રહ્યા હતા :

'મારો પરિવાર મારી બિન્દુસૃષ્ટિ છે, તો મારો સેવક પરિકર મારી નાદસૃષ્ટિ છે. જેમ સાગરની લહેરો તેની બિંદુસૃષ્ટિ છે અને એ લહેરોનો ઘોષ સાગરની નાદસૃષ્ટિ છે, તેમ તમે સૌ બિંદુ કે નાદ સ્વરૂપે મારી જ સૃષ્ટિ છો-મારાં જ છો. મારું અશેષ માહાત્મ્ય મેં તમારામાં સ્થાપન કર્યું છે! અર્થાત્ હું સદા તમારામાં બિરાજમાન રહીશ. તમને ક્યારેય મારો વિયોગ નહિ સાલે. ભૂતળત્યાગની લીલા તો આસુરી જીવોને વ્યામોહ કરાવવા માટેની લીલા હશે! તમારા માટેની એ લીલા નથી.'

આપે નેત્રસંકેતથી વિશેષ આજ્ઞા કરી : 'લૌકિક મનુષ્યો જન્મ વખતે પૂર્ણ અજ્ઞાની હોય, વયની સાથે સાથે અનુભવો વધે, તેમ તેમ તેમનું જ્ઞાન વધે, તે પ્રમાણે તેમના વિચારોમાં સુધારા વધારા થાય. તેથી તેમનો અંતિમ વિચાર જાણવાની, તેમના અંતેવાસીઓની ઈચ્છા રહે. પરંતુ મારા માટે એવું નથી. હું તો ''વૈશ્વાનર'' છું. ભગવન્મુખારવિંદ છું. ભગવન્મુખારવિંદમાં બિરાજતું જ્ઞાન શાશ્વત-સનાતન-સત્ય હોય છે. તેમાં ક્યારેય, કોઈ પ્રકારે પરિવર્તન ન હોય એટલે શાસ્ત્રોનું મંથન કરીને મેં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગના જે સિદ્ધાંતો આપ્યા છે, તે સનાતન છે. મારો પોતાનો કોઈ અલગ શબ્દ નથી, તેથી મારો જે પહેલો શબ્દ હતો તે જ આજનો અંતિમ શબ્દ પણ છે.'

આપ મૌન દ્વારા આજ્ઞા કરી રહ્યા હતા : આપણે સૌ પ્રભુના દાસ છીએ. મારી અલૌકિક સંપત્તિ પ્રભુ પોતે જ છે, જે મેં સૌને સોંપી દીધી છે. જે અલભ્ય નિધિ મારી પાસે હતો, તે મેં આપી દીધો છે. હવે આપવા મારી પાસે શેષ કંઇ જ નથી! મારો પરિવાર અને પરિકર બંને મારી આંખો છે. બે ય આંખ સરખી જ હોય. તમે બંને મને સમાન પ્રિય છો. સેવકો માટે ગુરુ ગુરુસ્થાને છે, પણ પ્રભુ પાસે ગુરુ અને સેવક બંને દાસસ્થાનના અધિકારી

છે. તેથી બંને માટે ભગવન્‌મય જીવન સમાન છે. જે ધર્મમય જીવનનો ગુરુ ઉપદેશ આપે, તેનું આચરણ તેમણે અવશ્ય કરવું જોઈએ. આચારપૂર્વકનો ઉપદેશ ગુરુ આપે તો જ સેવકો તેનો દૃઢતાથી સ્વીકાર કરતા થાય. માટે જે ઉપદેશ મારા પરિવાર માટે છે, તે જ મારા પરિકર માટે છે અને જે ઉપદેશ મારા પરિકર માટે છે, તે જ ઉપદેશ મારા પરિવાર માટે પણ છે. સૌ સમાન રીતે તેને આચરજો!

શ્રીવલ્લભના કૃપાદલલોચનમાંથી પ્રેમની લિપિ ઝબકતી હતી : પ્રિયજનો, વિરહતાપના આ માર્ગમાં ભગવત્‌પ્રાપ્તિ સિવાયની અન્ય કોઈ ઈચ્છા-અભિલાષા ન હોય. પ્રભુના દાસને પ્રભુનાં ચરણકમળો સિવાય, પોતાનું ચિત્ત ચોંટાડવાનું કોઈ સ્થાન ન હોય. શ્રીહરિ જ સર્વના કર્તાહર્તા છે એ હકીકતનો સ્વીકાર કરી જીવવું તે વિવેક છે. મારે તમને વિશેષ કંઈ સોંપવાનું નથી.

સૌનાં હૃદય ભરાઈ આવ્યાં. સૌ વાણીથી નહિ, નેત્રોથી શ્રીવલ્લભને વિનવી રહ્યા : આપ છેલ્લે છેલ્લે કંઈક તો આજ્ઞા કરો.

‘‘શિક્ષાપદ્યો’’ની રચના :

શ્રીવલ્લભે ગંગાકિનારે પથરાયેલી સફેદ રેશમ શી મુલાયમ રજમાં, પોતાના જમણા કરની અંગુલિથી સાડા ત્રણ શ્લોક લખ્યા. સાડા ત્રણ શ્લોકોમાં આપે સ્વપરિવાર અને સ્વપરિકરને અંતિમ આજ્ઞા રૂપી ઉપદેશ-શિખામણ-શિક્ષા આપી, તેથી આપનો આ લઘુગ્રંથ ‘‘શિક્ષાપદ્યાનિ’’ કહેવાયો. તે ‘‘શિક્ષાશ્લોકાઃ’’ અથવા ‘‘શિક્ષાશ્લોકી’’ના નામે પણ વૈષ્ણવોમાં પ્રસિદ્ધ છે. શ્રીમહાપ્રભુજીના બધા ગ્રંથોમાં તે નાનામાં નાનો ગ્રંથ છે. તદુપરાંત શ્રીમહાપ્રભુજી વિરચિત તે છેલ્લો ગ્રંથ છે. આ ગ્રંથ ઉપર શ્રીદ્વારકેશજી રચિત ટીકા છે.

ભગવાને વામન અવતારમાં બલિ રાજા પાસે સાડા ત્રણ પગલાં ભૂમિ માંગી, ત્યારે બલિરાજાએ ત્રણ લોકનું રાજ્ય અર્પણ કર્યા પછી, બાકીનું અડધું પગલું પોતાના મસ્તકે ધરવા વામન ભગવાનને વિનંતી કરી હતી. ભગવાને ત્રણ ડગ વડે બલિ રાજાનું કાયિક, વાચિક અને માનસિક સમર્પણ અંગીકાર કરીને, અર્ધા ડગથી તેમના આત્માના સમર્પણનો અંગીકાર કર્યો હતો.

એવી જ ભાવનાથી શ્રીમહાપ્રભુજી પણ આપણને પ્રભુને સર્વ સમર્પણ કરવાનો ઉપદેશ સાડા ત્રણ શ્લોકથી ફરી એક વખત આપે છે. બ્રહ્મસંબંધની દીક્ષા વખતે મંત્રનો માત્ર ઉચ્ચાર જ કર્યો હતો. એ પ્રતિજ્ઞાનું કાયિક, વાચિક અને માનસિક સમર્પણ કરવાનું બાકી છે. બીજી રીતે વિચારીએ તો, આપણી જાત, આપણાં સ્વજનો અને આપણી સંપત્તિ- એ ત્રણેનું સમર્પણ હજી યથાર્થ રીતે થયું નથી. એ ન કરવાથી તેનાં જે દુઃખદ પરિણામ ભોગવવાં પડે તે તરફ શ્રીમહાપ્રભુજી છેલ્લી ચેતવણી આપે છે.

હવે આપણે આ ગ્રંથનો ભાવ વિચારીએ.

''ટીકા''નું મંગલાચરણ :

શ્રીદ્વારકેશજી આ ગ્રંથની ટીકાના મંગલાચરણમાં નીચેનો શ્લોક આપે છે.

શ્રીમદ્વલ્લભપાદાબ્જ - દ્વયં હૃદિ સુશીતલમ્ ।
નિધાય શિક્ષાપદ્યાનિ વિવરિષ્યે યથામતિ ॥

અર્થાત્ શ્રીમદ્વલ્લભ પ્રભુનાં બંને સુશીતળ ચરણકમળોને હૃદયમાં પધરાવીને, હું યથામતિ ''શિક્ષાપદ્યાનિ''નું વિવરણ કરીશ.

શ્રીમહાપ્રભુજીનાં ચરણ કમળ જેવાં અતિ શીતળ છે. આપણા ત્રિવિધ તાપ-આધિ, વ્યાધિ અને ઉપાધિ તથા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તાપોને દૂર કરી, હૃદય તથા અંતઃકરણને શીતળ બનાવી, સ્વસ્થતા આપનારાં છે. આપશ્રીના લીલાપ્રવેશનો પ્રસંગ હૃદયને અવશ્ય અસ્વસ્થ બનાવે. અસ્વસ્થ સ્થિતિમાં આપની આજ્ઞા સરખી રીતે મન, બુદ્ધિ ધારણ કરી શકે નહિ. આથી શ્રીદ્વારકેશજી આપણને સમજાવે છે કે હે વૈષ્ણવો, જ્યારે પણ લૌકિક કે અલૌકિક ઘટનાથી તમારાં મન-બુદ્ધિ અસ્વસ્થ બને ત્યારે તેમની સ્વસ્થતા માટે તમે શ્રીમહાપ્રભુજીનાં વરદ ચરણકમળોનું ધ્યાન કરી, એ ચરણકમળોને ભાવાત્મક રીતે તમારા હૃદયમાં પધરાવજો.

શ્રીમહાપ્રભુજીનું એક નામ છે - ''પ્રિયવ્રજસ્થિતિઃ''. શ્રીમહાપ્રભુજીને વ્રજવાસ પ્રિય છે. જ્યાં પ્રભુ પોતાના લીલા પરિકર સાથે રસવિલાસ કરે તે વ્રજ. આપણા હૃદયને આવું વ્રજ બનાવીએ એટલે શ્રીમહાપ્રભુજી સ્વયં

તેમાં બિરાજે. આથી પ્રાચીન ભગવદીયોએ એવી ભાવના સેવી કે શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠકો ૮૪ વૈષ્ણવોના હૃદયના સ્થાનરૂપ છે. એક એક બેઠક એક એક ભગવદીયનું હૃદય છે. ભગવદીયોનાં હૃદયમાં શ્રીમહાપ્રભુજી સદૈવ બિરાજે છે.

આથી આપણે પણ શ્રીમહાપ્રભુજીને હૃદયમાં પધરાવીને, આ ગ્રંથનું રહસ્ય સમજવા તત્પર થઈશું, તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે સમજાશે.

ટીકાની પ્રારંભિક પ્રસ્તાવના :

ટીકાના પ્રારંભમાં શ્રીદ્વારકેશજીએ શ્રીમહાપ્રભુજીના સંન્યાસ ગ્રહણનો પ્રસંગ રજૂ કર્યો છે, જે આપણે આગળ જોઇ ગયા છીએ.

શ્રીદ્વારકેશજીએ આ ગ્રંથ માટે બે નામ આપ્યાં. ટીકાના સમાપનમાં તેને ''શ્રીશિક્ષાપદ્યાનિ'' કહ્યો. પ્રસ્તાવનાના અંતમાં તેને **''શિક્ષાસાર્ધત્રયશ્લોકી''** કહ્યો, જે ''શિક્ષાશ્લોકી''નામથી વિશેષ પ્રચલિત છે.

શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીએ શ્રીપ્રભુચરણ શ્રીગુસાંઈજી આદિને સંબોધીને પોતાના નિગૂઢ સિદ્ધાંતનો નિજજનોને ઉપદેશ આપ્યો. આપે નિજજનોને આજ્ઞા નથી કરી કે આદેશ પણ નથી આપ્યો, માત્ર ઉપદેશ આપ્યો છે. તેનું કારણ એમ જણાય છે કે સેવક પોતાનું કર્તવ્ય પૂછવા જાય અને ગુરુ અમુક કરવાની અને અમુક ન કરવાની આજ્ઞા કે આદેશ આપે, ત્યારે સેવકની ચુસ્ત ફરજ બની જાય છે કે ગુરુની આજ્ઞાનું તે દૃઢતાથી પાલન કરે. પછી તેમાં કોઈપણ પ્રકારનો તર્કવિતર્ક કે આનાકાની ન કરે. જો તે આજ્ઞાપાલનમાં આઘોપાછો થાય તો તેને ગુરુઆજ્ઞાના ઉલ્લંઘનનો દોષ લાગે, તેનું અહિત થાય. માટે મહાકારુણિક શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો કે જ્યારે બધા પુષ્ટિજીવો પણ સરખી પાત્રતા-અધિકાર ધરાવતા નથી, ધર્મપાલનની સમાન રુચિ અને શક્તિ તેમનામાં નથી, ત્યારે બધાને એક આજ્ઞા આપવાથી તેમનું હિત થશે નહિ. આથી આપે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનો ઉપદેશ આપ્યો, તે પૈકી કેટલું આચરવું તે પુષ્ટિજીવો પર છોડી દીધું. કહેવત છે કે ''નાહ્યા તેટલું પુણ્ય'' જે જેટલું આચરશે તે તેટલા ફળનો અધિકારી બનશે.

શિક્ષાશ્લોકાઃ

પ્રથમ દોઢ શ્લોક :

યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન ।
તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ॥૧॥
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ ॥૧$\frac{૧}{૨}$॥

શબ્દાર્થ :

યદા = જ્યારે, **બહિર્મુખાઃ** = બહિર્મુખ (પ્રભુ તરફ પીઠ ફેરવી લેનારા), **યૂયં** = તમે, **ભવિષ્યથ** = થશો, **કથંચન** = કોઈપણ કારણે, **તદા** = ત્યારે, **કાલપ્રવાહસ્થાઃ** = કાળના પ્રવાહમાં ખેંચાઈ જશો, **દેહચિત્તાદયઃ** = શરીર, ચિત્ત વગેરે, **અપિ** = પણ, **ઉત** = મારી સમજ છે, **સર્વથા** = સર્વ પ્રકારે, **ભક્ષયિષ્યન્તિ** = ખાઈ જશે, **યુષ્માન્** = તમને, **ઈતિ** = એવો, **મતિઃ** = અભિપ્રાય, **મમ** = મારો છે.

શ્લોકાર્થ :

જો તમે કોઈપણ કારણે પ્રભુથી બહિર્મુખ થશો એટલે કે પ્રભુ તરફ પીઠ ફેરવી લઈ, પ્રભુથી વિમુખ થશો તો, કાળના પ્રવાહમાં તમારાં શરીર, ચિત્ત વગેરે પણ ખેંચાઈ જશે એમ હું સમજું છું. (૧)

તે કાલપ્રવાહ તમને સર્વ પ્રકારે ખાઈ જશે, અર્થાત્ ડુબાડી દેશે એવો મારો અભિપ્રાય છે. (૧$^{૧}/_{૨}$)

વિવરણ

બહિર્મુખતાનો દોષ :

શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગમાં મોટામાં મોટો દોષ છે બહિર્મુખતા. મન, વચન અને કર્મથી પ્રભુની સન્મુખ - નિકટ રહેવું તે અંતર્મુખતા. મન, વચન અને કર્મથી પ્રભુથી વિમુખ થવું, દૂર થવું તે બહિર્મુખતા.

જીવ ભગવાનથી છૂટો પડ્યો તે ક્ષણથી બહિર્મુખ થયો હતો. તેથી ભગવાનને ભૂલી ગયો હતો. ભગવાન સાથે તેનો શો સંબંધ છે, ભગવાન

પ્રત્યે તેનું શું કર્તવ્ય છે, તેને પણ જીવ ભૂલી ગયો હતો. આથી જીવને પોતાના સ્વરૂપનું અને ભગવત્સ્વરૂપનું વિસ્મરણ થયું હતું.

બહિર્મુખતાનાં આ બે મુખ્ય લક્ષણો છે (૧) આપણા પોતાના મૂળ સ્વરૂપ અને કર્તવ્યને વિસરી જવું. (૨) ભગવાનને વિસરી જવા.

આનું પરિણામ એ આવ્યું કે જીવ ચોર્યાશી લાખ યોનિના જન્મ-મરણના કાલસાગરમાં અટવાતો, અથડાતો રહ્યો. આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાં જિંદગી વેડફતો રહ્યો. પોતાની જાતનાં ક્ષણિક સુખ માટે ફાંફાં મારતો રહ્યો અને દુઃખો ભોગવતો રહ્યો. એ પ્રવાહી બની ગયો! આનું નામ ''વિનાશકાળે વિપરીત બુદ્ધિ''.

આવી દુર્દશા થવાનું કારણ શાસ્ત્રોએ બતાવ્યું. **''વિવેકભ્રષ્ટાનાં શતમુખઃ વિનિપાતઃ''** અર્થાત્ જે પોતાના આચાર-વિચારના વિવેકોનું પાલન કરવામાંથી ભ્રષ્ટ થાય છે, તેમનો સેંકડો પ્રકારે વિનિપાત થાય છે-તેમની અધોગતિ થાય છે. કહેવત છે ''ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય.'' ગીતાજીમાં પણ ભગવાને એ જ આજ્ઞા કરી કે બુદ્ધિનાશથી સર્વનાશ થાય છે. **બહિર્મુખતા એટલે જીવનો બુદ્ધિનાશ.**

પુષ્ટિજીવને પ્રભુના શ્રીઅંગમાંથી પ્રભુએ પોતાની સેવા માટે જ પ્રકટ કરેલો, પ્રભુનો આવો ખાસ કૃપાપાત્ર જીવ પ્રભુની સેવાનું કર્તવ્ય છોડીને, સંસારનાં માયાવી સુખો પાછળ પાગલ બની, મૃગજળ પીવા દોડે તો તેની બીજી શી ગતિ થાય? પુષ્ટિજીવ પ્રવાહી બની જાય ને! એ જ એનો વિનિપાત, એજ એની અધોગતિ!

બાળક શરૂઆતમાં એની અબુધ બુદ્ધિને લઈને ગુનો કરવા પ્રેરાય છે. એને સમજાવી રોકવા-ટોકવામાં ન આવે તો તે જતે દિવસે રીઢો ગુનેગાર બની જાય છે, પછી તેનામાં સુધારો થવો મુશ્કેલ બને છે. તેવું જ 'પ્રવાહી' બનેલા પુષ્ટિજીવનું હતું તે પ્રભુના 'બગડેલા બાળક' (spoiled child) જેવો હતો. તેનો ઉદ્ધાર અન્ય સાધનોથી અશક્ય હતો. કેવળ પ્રભુની કૃપાશક્તિ જ તેનો ઉદ્ધાર કરી શકે તેમ હતી. આથી પોતાના 'બગડેલા બાળક'નો ઉદ્ધાર કરવા, ભગવાને પોતાની કૃપાશક્તિના દિવ્ય સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીને ભૂતળ પર મોકલ્યા હતા.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોને માતૃવત્ વાત્સલ્યથી સમજાવી, ટપારી-ટકોરી ભગવચ્ચરણારવિંદમાં શરણાગત કર્યા. બ્રહ્મસંબંધ કરાવી, તેમની બહિર્મુખતા દૂર કરી, તેમને અંતર્મુખ કર્યા. આમ, પુષ્ટિજીવો અંતર્મુખ તો થયા, પણ તેથી શ્રીમહાપ્રભુજી નિશ્ચિંત થયા નથી. ભટકેલા દીકરાને મા સાચા રસ્તે લાવીને, દીકરા તરફ વિશ્વાસ રાખી બેધ્યાન થઇ જાય તો એ દીકરાને ફરી બગડવાના સંજોગો ઊભા થાય પણ ખરા! શ્રીમહાપ્રભુજીને પણ પોતાના પુષ્ટિજીવો માટે આવી જ ચિંતા રહે છે. માટે આપશ્રી ભૂતળત્યાગ કરતાં કરતાં પણ છેલ્લી વાર, સ્વપરિવાર અને પરિકરને પ્રભુથી બહિર્મુખ ન થવાનો ઉપદેશ આપે છે.

બ્રહ્મસંબંધ લઇ આત્મનિવેદન કરનાર, પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પિત કરી સેવાપરાયંણ બનનાર જીવને બહિર્મુખતા ક્યાંથી આવે? આપણા આ પ્રશ્નના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ તો મોઘમ આજ્ઞા કરી : ''કથંચનઃ'' અર્થાત્ બહિર્મુખ થવાનાં કારણો તો અનેક છે. તેમાંથી કોઇપણ કારણ તમને બહિર્મુખ બનાવી શકે.

શ્રીદ્વારકેશજી 'ટીકા'માં બહિર્મુખતાનાં ચાર કારણો બતાવે છે : (૧) અન્યાશ્રય (૨) અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ (૩) અસદાલાપ અને (૪) દુઃસંગ. આ ચારે બાબતો એકબીજા સાથે સાંકળની જેમ જોડાયેલી છે. તેમાં પહેલી કઇ અને છેલ્લી કઇ તે કહેવું મુશ્કેલ છે. ગુલાબના વર્તુળાકાર ફૂલમાં પહેલી પાંદડી કઇ? જ્યાંથી આપણે ગણવાની શરૂઆત કરીએ, ત્યાંથી તે પહેલી પાંદડી બને. પુષ્ટિજીવને બગડવાની શરૂઆત આ ચાર બાબતો પૈકી કોઇ એક બાબતથી થઇ શકે, પરંતુ પ્રભુ તરફથી પીઠ ફેરવી લેવામાં મુખ્ય પ્રેરકબળ છે અન્યાશ્રય.

અન્યાશ્રય :

અન્યાશ્રયનો સાદો સીધો અર્થ એટલો કે આપણે જેમને આપણું સર્વસમર્પણ કર્યું, જેમની સાથે બ્રહ્મસંબંધથી જોડાયા, જેમના શરણાગત બન્યા, જેમને આપણા સ્વામી-સર્વસ્વ-તરીકે સ્વીકાર્યા તેમનામાં, તેમની શક્તિઓમાં આપણને વિશ્વાસ ન રહ્યો, બલ્કે અવિશ્વાસ થયો. તેઓ આપણું પાલન પોષણ કરશે, આપણા સર્વ યોગક્ષેમનું વહન કરશે એવી એમનામાં શ્રદ્ધા ન રહી.

શંકા થઇ. આપણો તેમના પરનો સ્નેહ ડગી ગયો! આપણો પતિવ્રતાધર્મ ખંડિત થયો!

જીવન જીવવાની પદ્ધતિઓ જુદી જુદી છે. દરેક પદ્ધતિની એક આગવી વ્યવસ્થા (System) હોય છે. એ વ્યવસ્થાને પાકા પાયે અનુસરવું એનું નામ શિસ્ત (Discipline). શિક્ષકના જીવનની શિસ્ત એક હોય તો સૈનિકના જીવનની શિસ્ત બીજી હોય. બંનેને પોતપોતાના જીવનની શિસ્તનું પાલન કરવું જરૂરી ગણાય.

આથી ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરી :

'સ્વેસ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।
સ્વકર્મનિરતઃ સિદ્ધિં યથા વિન્દતિ તચ્છૃણુ ॥

(ભગવદ્‌ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૪૫)

પોતપોતાની ફરજમાં તત્પર રહેનાર વ્યક્તિ જ સારી સિદ્ધિ મેળવે છે. 'પારકા ભાણે મોટો લાડુ' ભાળી, 'શીરા સારુ શ્રાવક' થવા જનાર ક્યાંયનો રહેતો નથી! માટે ભગવાને ગીતાજીમાં વિશેષ આજ્ઞા કરી કે **"સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ"** આપણી ફરજનું પાલન કરતાં મૃત્યુ આવે તો ઉત્તમ, પણ આપણી ફરજ છોડી, બીજાની ફરજનું અનુકરણ કરવું ભારે ભયકારી છે!

આથી શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં સમજાવે છે કે **"અન્યાશ્રયો મહાનેવ બાધકઃ"**- અન્યાશ્રય મહાબાધક છે. કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગમાં અન્યાશ્રયનો વિચાર નથી, પરંતુ ભક્તિમાર્ગમાં પહેલો અને મોટામાં મોટો દુશ્મન અન્યાશ્રય છે, કારણકે ભક્તિમાર્ગ પ્રેમમાર્ગ છે. પ્રેમમાં વ્યભિચારથી મોટો દોષ નથી. પ્રેમી પ્રત્યે અવિશ્વાસથી વધીને મોટો કોઇ ગુનો નથી. પ્રિયતમને પોતાના સ્વાર્થ માટે તરછોડી દેવાથી વધીને બીજું મોટું કોઇ પાપ નથી. પુષ્ટિમાર્ગ કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગ નથી. પુષ્ટિમાર્ગ પ્રેમમાર્ગ છે. એ પ્રેમમાર્ગનો પરિચય કરાવતાં કવિ પ્રીતમે કહ્યું:

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
સુત, વિત, દારા, શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને.

એક બીજા કવિએ પણ કહ્યું - "રે શિર સાટે નટવરને વરીએ". સૂરદાસજીએ પણ કહ્યું "ભજન બિન જીવત જૈસે પ્રેત".

આથી પુષ્ટિમાર્ગમાં મોટામાં મોટો દોષ પ્રભુમાં અવિશ્વાસ કરવાનો, પ્રભુને છોડીને બીજે ભટકવાના અન્યાશ્રયનો છે.

અન્યાશ્રય તરફ વળવાનું મુખ્ય પ્રેરક બળ આપણામાં રહેલી કામવાસના છે. જેમ અગ્નિમાં ઘી હોમતાં, અગ્નિની જ્વાળાઓ વધે, તેમ કામવાસનાઓ સંગદોષથી વધે છે. કામવાસના એટલે ઇન્દ્રિયોનાં સુખો ભોગવવાની લાલસા. પાંચ કર્મેન્દ્રિયોને પાંચ સુખની લાલસા સતાવે છે. આંખને રૂપદર્શનની, કાનને મધુર શબ્દશ્રવણની, નાકને મધુર સુગંધની, જીભને મધુર સ્વાદની અને હાથને મધુર રૂપના સ્પર્શની. રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચે લૌકિક પદાર્થો નરકની ખાણ છે. તે નરને પશુ બનાવે છે. દુનિયામાં સંગદોષથી આ પાંચેને ભોગવવાની જે ઇચ્છા જાગે છે, તે કામ છે-વાસના છે. જેનાં મન-બુદ્ધિમાં આ કામવાસના જાગે છે, તે નશાખોર માણસની જેમ 'પ્રકૃતિકૃપણ' બને છે-બધી સૂધબુધ ખોઈ બેસે છે. **"કામાતુરાણાં ન ભયં ન લજ્જા"** - એને કોઈનો નથી રહેતો ભય કે નથી રહેતી શરમ. પરિણામે માણસ જ્યારે માણસ જ મટી જાય, ત્યારે તે ભક્ત તો રહી જ કેવી રીતે શકે? પછી એને અનન્યાશ્રય અને અન્યાશ્રયનો ભેદ તો ક્યાંથી ધ્યાનમાં રહે?

કામવાસનાને ઉત્તેજિત કરનારા પાંચ તત્ત્વો- રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ- ની લાલસા વધારનારા જગતમાં બે પદાર્થો છે (૧) કંચન (૨) કામિની. કંચન એટલે સોનું. કંચનથી બે વસ્તુ સમજાય (૧) સંપત્તિ (૨) સત્તા. યુગોથી આ બંને માનવજીવનનાં કેન્દ્ર રહ્યાં છે. માણસ તેને પામવા, વધારવા અને ટકાવવા મથતો રહ્યો છે, ગમે તે રસ્તો લેતો રહ્યો છે. ન કરવા જેવું કરતો રહ્યો છે, અનીતિ અને અધર્મ આચરતો રહ્યો છે. અસંતોષ અને લોભ તેનાં પ્રેરકબળ છે.

''ગરજે ગધેડાને કાકો કહેવો'' એ કહેવત પ્રમાણે લોભી માણસ અન્યાશ્રય જ કરે ને? ''લાલો લાભ વિના ન લોટે''. આવો માણસ ક્ષણિક, ક્ષુદ્ર લાભ-સ્વાર્થ માટે જ, ચેતન, માનવ-દેવ, ભૂત-પ્રેત-ગમે તેના પગ ચાટવા દોડી જાય છે! કવિ અખાએ અન્યાશ્રયીની મનઃસ્થિતિ બતાવી -

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
તુલસી દેખી તોડે પાન, પાણી દેખી કરે સ્નાન.

સોના માટે કહેવાયું છે કે "સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે". જ્યાં સોનું ભેગું થયું, ત્યાં બધા ગુણોનો પણ ઢગલો થઈ ગયો! શ્રીમંત પોતાને વિદ્વાન, સંસ્કારી, ધર્મનિષ્ઠ, દાનવીર માનવા લાગે. તે ખુશામતપ્રિય બને, અભિમાની બને. ઈશ્વરને ય ન ગાંઠે! સૌથી વધુ અન્યાશ્રય તે પોતાની જાતનો જ કરે છે! રાવણનો બીજો અવતાર જ જોઈ લો!

શ્રીભાગવતજીમાં પ્રસંગ છે : પરીક્ષિત રાજાએ કલિને પરાજિત કર્યો. પરાજિત થયેલા કલિએ રાજાને પ્રાર્થના કરી : "મહારાજ, આપ તો પ્રજાના આશ્રયદાતા, પાલક, પોષક છો. હું આપની પ્રજા છું. માટે આપના રાજ્યમાં મારે લાયક વાસ મને આપો." પરીક્ષિતને દયા આવી. તેમણે કલિને પાંચ સ્થાનોમાં વાસ આપ્યો- (૧) મદ્યપાન, (૨) જુગાર, (૩) પરસ્ત્રીગમન, (૪) કલહ અને (૫) સોનું. આ પાંચે માનવીને ધર્મથી-મંગળમય જીવનથી વિમુખ અને બરબાદ કરનારાં છે. આ પાંચથી જે દૂર રહે છે, તેને ભગવત્સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે. આમ, કલિયુક્ત કંચન વૈષ્ણવને અન્યાશ્રય કરાવે છે.

આથી શ્રીમહાપ્રભુજીએ "પંચશ્લોકી"માં આજ્ઞા કરી :

ગૃહં સર્વાત્મના ત્યાજ્યં, તત્ ચેત્ ત્યક્તું ન શક્યતે ।
કૃષ્ણાર્થં તત્ પ્રયુંજીત, કૃષ્ણોનર્થસ્ય મોચકઃ ॥

અર્થાત્ ઘર કહેતાં સર્વ સંપત્તિનો સર્વથા ત્યાગ કરવો. જો તે શક્ય ન હોય તો, તે કૃષ્ણ માટે - કૃષ્ણસેવામાં વાપરવી, કારણ કૃષ્ણ અનર્થમાંથી બચાવનારા છે.

શ્રીમહાપ્રભુજીએ "ચતુઃશ્લોકી"માં પણ આજ્ઞા કરી :

એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુઃ સર્વસમર્થો હિ, તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥

અર્થાત્ આપણે ભગવત્સેવાનું આપણું કર્તવ્ય કરે જવું. પ્રભુ સર્વ કંઈ

કરવા સમર્થ છે. તે જ આપણા અલૌકિક અર્થ (સંપત્તિ) રૂપ છે. તેથી સેવા કરતાં યોગક્ષેમની ચિંતા ન કરવી. નિશ્ચિંત થઇને રહેવું.

ગોપીજનોએ પણ તેમનો આ જ અનુભવ ''ગોપીગીત'' ના આરંભમાં આપણને કહ્યો છે : **''જયતિ તેડધિકં જન્મના વ્રજ, શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ।।''** હે શ્યામસુંદર, આ વ્રજમાં તમારા જન્મથી અધિક જય (સુખ) થયો છે. હવે તો સ્વયં લક્ષ્મી જ કાયમને માટે રહી ગયાં છે!

લક્ષ્મીજી તો પ્રભુનાં ચરણકમલનાં દાસી છે. ચરણસેવા જ લક્ષ્મીજીનું જીવન છે. જ્યાં નારાયણ પધારે, ત્યાં લક્ષ્મીજી હોય જ. પ્રભુને તો લક્ષ્મીજી કરતાં ય પોતાના ભક્તો અધિક પ્રિય છે. આથી ભગવાન જેટલા લક્ષ્મીજીને વશ નથી, તેટલા પોતાના ભક્તોને વશ છે. **''લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્.''** એ કલાનિધિ કૃષ્ણ તો હજારો લક્ષ્મીરૂપા ગોપીજનોથી સેવાય છે. ત્યાં ભગવચ્ચરણ-સેવા પામવા લક્ષ્મીજીને ય ભક્તોની કૃપા યાચવી પડે છે. ભક્તો દ્વારા જ લક્ષ્મીજીને સેવા મળે છે.

આથી શ્રીહરિરાયજી ''શિક્ષાપત્ર''માં સમજાવે છે :

યથોપકરણાદીનાં રક્ષા તદ્વદ્ વિધીયતામ્ ।
ભાર્યાદિષ્વનુરાગોપિ સેવાહેતુક એવ હિ ।।$^{૧}/_{૪}$।।

અર્થાત્ સેવાના હેતુ માટે જ સાધન-સંપત્તિ, પત્ની-પરિવાર વગેરેની રક્ષા કરવી અને તેમનામાં અનુરાગ રાખવો.

પ્રભુમાં અવિશ્વાસ લાવી, પ્રભુથી વિમુખ થઇ-સેવા છોડી, સંપત્તિ કમાવા ન દોડવાની શિખામણ શ્રીહરિરાયજી આપે છે :

કેવલૌદારિકત્વં તુ તદીયાનાં ન ચોચિતમ્ ।
ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિઃ ।।$^{૧૮}/_{૨}$।।

અર્થાત્ કેવલ પેટ ભરવા પ્રવૃત્તિ કરવી તે 'હે પ્રભુ! હું તારો છું' એમ કહેનાર તદીય વૈષ્ણવો માટે યોગ્ય નથી. કૃપાનિધિ પ્રભુ શું પોતાના સેવકોનું પેટ નહીં ભરે?

શ્રીગોકુલનાથજી તેમના 'વચનામૃત'માં ધન અને દ્રવ્ય વચ્ચેનો તફાવત સમજાવે છે- જેને તિજોરીમાં પૂરી રખાય તે ધન. જેનો સેવાકાર્યમાં અંગીકાર

થાય તે દ્રવ્ય. પ્રભુકૃપાથી મળેલ દ્રવ્યનો પ્રભુની સેવામાં વિનિયોગ કરાવતા રહેવાથી, વૈષ્ણવનું મન કંચનમાં રમતું નથી. એ અન્યાશ્રયી બનતો નથી. જે દ્રવ્ય પાછળની દોટ છોડીને, દામોદર પાછળ દોડે તે 'દાસ'. દામોદર પકડાઇ જશે તો પછી લક્ષ્મીજી આપોઆપ પકડાંયેલાં જ છે ને!

ભગવદીયોનાં ચરિત્રો આ સિદ્ધાંત આપણને સુપેરે સમજાવે છે :

શ્રીમહાપ્રભુજીના સેવક નારાયણદાસ બ્રહ્મચારી, મહાવનમાં રહે. પરિવારમાં એક ભત્રીજી. શ્રીચંદબાવાની સેવા જ તેમનું જીવન. લૌકિકમાં ત્યાગી-વૈરાગી. તેઓ રાતે સૂઇ જાય, ત્યારે તેમની પથારીની આજુબાજુ લક્ષ્મીજી ધનના ઢગલા કરી દે. સવારે નારાયણદાસ તે ઢગલા જુએ. જરા પણ ચલિત થયા વિના તેઓ ભત્રીજીને કહે : બેટા ઘરમાં બગાડ પડ્યો છે. ટોપલો ભરીને ઊકરડે ફેંકી આવ તો!

આમ સાચા ભક્તોને ધન 'બગાડ' લાગે છે-ઊકરડે ફેંકી આવવા જેવું જણાય છે!

શ્રીમહાપ્રભુજીના બીજા સેવક કાશીના નગરશેઠ પુરુષોત્તમદાસ. મબલખ સંપત્તિ. કરોડપતિ નહિ, કરોડોપતિ. છતાં ય પોતડી પહેરી ગૌશાળા જાતે સાફ કરે. ગાયોની બધી સેવા પોતે કરે. ધન પ્રભુની સેવામાં વાપરે. એક વખત તેઓ દક્ષિણ તરફ ગયા. સાથે એક વિરક્ત વૈષ્ણવ હતા. રાતે એક મંદિરના ઓટલે બંને સૂઇ ગયા હતા. ભક્તના મનની પરીક્ષા કરવા ભગવાન બ્રાહ્મણ રૂપે પધાર્યા. પહેલા વિરક્ત વૈષ્ણવને જગાડી, આજ્ઞા કરી : ''તમે આ મણિ રાખો. તે રોજ સવા શેર સોનું આપશે.'' વિરક્તે કહ્યું : '' બ્રહ્મદેવ, હું વિરક્ત છું. મારે પેટ ભરવા રોજ પાશેર આટો જોઇએ, પ્રભુ મેળવી આપે છે. મારે મણિ કે સોનાનો ખપ નથી. બાજુમાં શેઠ સૂતા છે, તેમને આપો.'' શેઠને જગાડ્યા. શેઠે કહ્યું : '' વૈષ્ણવ, તમારે રોજ પાશેર આટો જોઈએ છે, તો મારે પાંચ શેર જોઈએ છે. જે તમને પાશેર આપે છે, તે મને પાંચ શેર આપે છે. મારે મણિની જરૂર નથી.''

શેઠ દામોદરદાસ સંભરવાળા. કનોજના નગરશેઠ અને દીવાન હતા. તે પણ કરોડપતિ આસામી. સસરાએ દાયજામાં સંપત્તિ સાથે સો દાસીઓ આપેલી. છતાં શ્રીઠાકોરજી માટે જળ ભરવા, ખુલ્લા બજારમાં થઇ, તેઓ જાતે જતા.

આવા અનેક ભગવદીયો થઇ ગયા અને આજે પણ છે. તેમણે દ્રવ્યને કદી વહાલું કર્યું નથી, દ્રવ્ય પાછળ કદી પાગલ બન્યા નથી.

શ્રીમહાપ્રભુજીએ તો તેમના જીવનમાં અપરિગ્રહવ્રત સેવ્યું હતું. જે દિવસે જે મળે તે બધું જ તે દિવસે અંગીકાર કરાવી દેતા. બીજા દિવસ માટે કંઇ પણ બચાવતા નહીં.

શ્રીગુસાંઇજી દ્રવ્ય વધારે મળે તો શ્રીઠાકોરજીને વિવિધ મનોરથો કરી, લાડ લડાવતા. ક્યારેય ધનસંગ્રહ કરતા નહિ. આપે ઘણીવાર સર્વ ભૌતિક સંપત્તિ દાન કરી દીધી હતી.

શ્રીહરિરાયજી વાર્તાસાહિત્ય પરના "ભાવપ્રકાશ"માં દ્રવ્ય બાબત આજ્ઞા કરે છે : "**યથાલાભ સંતોષ-પ્રાપ્તં સેવેત્ નિર્મમ**"ની શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવું. ખરા પરસેવાની પ્રામાણિક કમાણીની આવકથી ભગવત્સેવા દ્વારા જીવન નિર્વાહ કરવો. (૧) ચોરીનું ધન (૨) વ્યાજનું ધન (૩) દેવું કરીને મેળવેલ ધન અને (૪) પારકાના ધનથી સેવા ન કરવી. એ સેવા શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

શ્રીમહાપ્રભુજીએ આજીવિકા મેળવવાનો વિવેક શીખવ્યો : "**વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં:**" નોકરી-વેપાર કરતાં પણ મન પ્રભુમાં રાખવું. સાથે સાથે "**પ્રાપ્તં સેવેત્ નિર્મમઃ**". અનુસાર જે વખતે જે મળે, તેમાં સંતોષ માની મન સેવા કરવી.

મુકુંદદાસ આવા ભગવદીય થઇ ગયા. પરિવારમાં એકલા. નોકરી માટે એક શેઠ પાસે ગયા. શરત કરી : રોજ આઠ કલાકને બદલે ચાર કલાક નોકરી પર આવીશ. બપોરે બારથી ચાર. પણ કામ આઠ કલાક જેટલું કરીશ. પગાર અડધો આપશો તો વાંધો નથી. સવાર-સાંજ સેવાનો સમય સાચવીને, તેમણે નોકરી કરી.

બંગાળના દીવાન નારાયણદાસે દીવાનગીરી કરતાં ભગવત્સ્મરણ કરવા એક વ્રજવાસીને રોકી લીધા. વ્રજવાસી થોડી થોડી વારે દીવાનજીને પૂછે : "ભૈયા, ગોકુલ કબ ચલેંગે?" દીવાનજી એકાદ ક્ષણ શ્રીમદ્ ગોકુળનું સ્મરણ કરી લે. પાછા કામમાં લાગી જાય!

કુંભનદાસજી પાસે રાજા માનસિંહ આવ્યા. ધન-સંપત્તિ આપવાની તૈયારી બતાવી. કુંભનદાસજીને જે જોઈએ તે માંગવા કહ્યું. કુંભનદાસજીએ માંગ્યું : “આજ પછી તમારું મોં મને ન બતાવશો!” પાંચ દીકરા, ભત્રીજી અને પત્નીના બહોળા કુટુંબની જવાબદારી હોવા છતાં ય, નિર્ભયતા અને નિર્લેપતાથી બાદશાહ અકબરને મોઢામોઢ કહે છે : “ભક્તનકો કહા સીકરી કો કામ?”

આવા જ ભક્તો પ્રભુના દ્રઢ અનન્યાશ્રયી બનીને જીવી શક્યા છે. ધન-સંપત્તિ માણસને ભયભીત બનાવે છે, લાલચુ લોભી બનાવે છે. તેના તનમનને અસ્વસ્થ અને અશાંત બનાવે છે. માટે શાસ્ત્રોએ સમજાવ્યું કે ઈચ્છાઓના સરવાળા અને ગુણાકાર ન કરો. ઈચ્છાઓની બાદબાકી અને ભાગાકાર કરો. આમ કરવાથી ક્યારેય તમને ‘કંચન’ કષ્ટદાયક નહિ બને. એ મેળવવા તમારે પ્રભુને છોડી, બીજાની પાસે દોડી જવું નહિ પડે.

બાઈબલે પણ આ જ વાત તેની રીતે બતાવી : “No man can serve two masters. Either you serve the God and leave the world or you serve the world and leave the God.” અર્થાત્ કોઈપણ માણસ એકસાથે બે માલિકની સેવા કરી શકતો નથી. ક્યાં તો તમે ભગવાનની સેવા કરો અને દુનિયાને છોડો, અથવા તમે દુનિયાની સેવા કરો અને ભગવાનને છોડો.

શ્રીમહાપ્રભુજી “બાલબોધ”માં આજ્ઞા કરે છે :

ભોગમોક્ષફલે દાતું, શક્તૌ દ્વાવપિ યદ્યપિ ।
ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ॥

અર્થાત્ વિષ્ણુ અને શિવ બંને ભોગ અને મોક્ષ આપવા સમર્થ તો છે, પરંતુ શિવ ભોગ આપે છે, જ્યારે વિષ્ણુ મોક્ષ આપે છે.

આનું કારણ શ્રીમહાપ્રભુજી પછીના શ્લોકમાં આપે છે.

લોકેડપિ યત્ પ્રભુર્ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્ ।
અતિપ્રિયાય તદપિ દીયતે ક્વચિદેવ હિ ॥

અર્થાત્ દુનિયામાં પણ માલિક જે ભોગવવા ઈચ્છે છે, તે કોઈને આપતા નથી. પોતાને અતિ પ્રિય હોય, તે કોઈકને જ આપે છે.

વિષ્ણુને તેમનાં પત્ની લક્ષ્મીજી સૌથી વિશેષ પ્રિય છે, એટલે વિષ્ણુ બીજાને લક્ષ્મી નથી આપતા, મોક્ષ આપે છે. શિવને ભક્તિ-મોક્ષ પ્રિય છે, તેથી તેઓ ભક્તિ-મોક્ષ નથી આપતા, સૌને ભોગ આપે છે.

આથી શ્રીમહાપ્રભુજી ચેતવે છે કે તમે તમારા જીવનનું લક્ષ્ય નક્કી કરી લો. તમારે ભોગ જોઇએ છે કે ભક્તિ? ભોગ જોઇએ તો શિવની આરાધના કરો. ભક્તિ જોઇએ તો કૃષ્ણની સેવા કરો. આપશ્રીએ **'નવરત્ન'**માં સ્પષ્ટ ચેતવણી આપી કે **"લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ"**. અર્થાત્ લૌકિક અને વૈદિક કાર્યોમાં ભગવાન ભક્તને સુખશાંતિ આપશે નહિ.

છતાં ભગવાન વિરુદ્ધધર્માશ્રયી અને કૃપાનિધિ છે. ભક્ત પર કૃપા કરવા પોતાના નિયમો પોતે તોડે છે. ભક્તને ભક્તિની સાથે ભોગ પણ આપે છે. જ્યાં નારાયણ પધારે છે, ત્યાં લક્ષ્મીજીને લઇને પધારે છે. છતાં ભક્ત કદી ભોગ ઝંખતો નથી, તે સદા ભક્તિ ઝંખે છે. ભોગ મળી જાય તો, પ્રભુ માટે વાપરે છે. માટે જે દ્રવ્ય પ્રભુની સેવામાં વપરાય તે દૈવી દ્રવ્ય. જે દુનિયાના ભોગવિલાસમાં વપરાય તે આસુરી દ્રવ્ય. આસુરી દ્રવ્ય આપણા જીવનમાં કલિયુગના ઉત્પાત લાવે, જ્યારે દૈવી દ્રવ્ય આપણા જીવનમાં કૃષ્ણસુખનો ઉત્સવ લાવે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુની કૃપા બે પ્રકારની છે : (૧) કઠોર કૃપા (૨) કોમળ કૃપા. ભગવાન આપણને ધન-સંપત્તિ-સુખનાં સાધન આપે, પણ તે ભોગવવા યોગ્ય શરીર ન આપે તે ભગવાનની કઠોર કૃપા. મિષ્ટાન્ન આપે અને સાથે ડાયાબીટીસ આપે. છત્રીપલંગ અને સાથે કમરના મણકાની તકલીફ પણ આપે. રૂપવાન પત્ની આપે, પણ કર્કશા હોય. લવકુશની જોડી જેવા પુત્રો હોય, પણ કાયમના 'પ્રોબ્લેમ' હોય. આ બધી ભગવાનની કઠોર કૃપા છે, જે લાભ નથી આપતી, પણ લપડાક મારે છે.

ભગવાનની કોમળ કૃપા એવી હોય છે કે તે માતાની જેમ બાળકનું શ્રેય- કલ્યાણ કરે છે. બાળક રમતો હોય ત્યાંથી સાપ નીકળે તો અબુધ બાળક તેને નવું રમકડું માની, રાજી થઇ પકડવા લલચાય, પણ સમજદાર માતા બાળકને સાપ પકડવા નથી દેતી. બાળક રડે તો ય તે બાળકની જીદ પૂરી નથી કરતી. આ કોમળ કૃપા છે.

કઠોર કૃપા બહારથી કોમળ લાગે, પણ તેનું પરિણામ કઠોર દુઃખદ હોય. કોમળ કૃપા બહારથી કઠોર લાગે, પણ તેનું પરિણામ કોમળ સુખદ હોય.

આથી શ્રીમહાપ્રભુજી ''વિવેકધૈર્યાશ્રય''માં આપણને સમજાવે છે કે :

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।
સર્વત્ર તસ્ય સર્વં હિ, સર્વસામર્થ્યમેવ ચ ॥

અર્થાત્ આ જગતમાં સર્વ કંઇ આપણા સ્વામી પ્રભુની સત્તાનું જ છે. સર્વ આપવા કે ન આપવા તેઓ એકલા જ સમર્થ છે. તેમના અભિપ્રાયમાં આપવાની ઇચ્છામાં શંકા કરીને તેમની પાસે પ્રાર્થના માંગણી કરવાથી શું વધારે મળી જશે ભક્તોએ કદી ભગવાન પાસે માગવું નહિ. માગણી કરવી એ અવિશ્વાસ છે.

આ વાત થઇ કંચન-ધનસંપત્તિ-માટે ફાંફાં મારવાથી થતા અન્યાશ્રયની. હવે કામવાસનાના બીજા પરિબળનો વિચાર કરીએ. તે છે **કામિની**. કામિની એટલે સ્ત્રી, કામવાસના ઉશ્કેરનાર તે બહુ મોટું પરિબળ છે, તેથી તો તેને 'કામિની' કહી. જેના અંગ-અંગમાં કામ જાગૃત કરવાની શક્તિ છે તે કામિની. શિવજીએ કામદેવને ભસ્મ કર્યો, ત્યારે તેની પત્ની રતિના દુઃખથી કરુણાવાન બની શિવજીએ તેને વરદાન આપ્યું કે તારા પતિનો દેહ નાશ પામવા છતાં તેનો આત્મા વિદ્યમાન રહેશે. તે નિરાકાર સ્વરૂપે જન-જનમાં વ્યાપેલો રહેશે. જગતમાં જેની પાસે સંપત્તિ આવી, તેના મનમાં કામ આસન જમાવી બેસી જાય છે. તે ધનલોલુપ બનવાની સાથે સ્ત્રીલોલુપ બને છે. **''પરસ્ત્રી માત સમાન''** એ નીતિ શાસ્ત્રને તે તદ્દન વિસરી જાય છે. સ્ત્રીમાં તેને 'અપ્સરા' દેખાય છે. **'અપ'** એટલે પાણી. **'સરા'** એટલે સરનારી. પાણીની જેમ જે આવે અને હાથતાળી દઈને સરી જાય તે 'અપ્સરા'.

દેવો તો ભગવાનના દિવ્ય અંશવાળા છે. તેમના રાજા ઇન્દ્ર તો અનેક યજ્ઞોનાં તપ પછી બની શકાય. એવા દિવ્ય દેવોને ય કામવાસના સતાવતી રહી. ત્રણ મુખ્ય દેવો પૈકી બ્રહ્મા કામી બની, તેમની જ પુત્રી સરસ્વતી પાછળ દોડ્યા. શિવ ભીલડીની પાછળ પડ્યા. ઇન્દ્ર ગૌતમ ઋષિની પત્નીનું

શીલ ભ્રષ્ટ કરવા કામાંધ બન્યો. ચંદ્રની કામકથા પણ જાણીતી છે. પોતાને પત્ની હોવા છતાં દમયંતીને પરણવા પાંચ-પાંચ દેવો સ્વર્ગમાંથી આવ્યા હતા!

આપણા પ્રાચીન ઋષિમુનિઓને યાદ કરો. જીવનભર વનવાસ સેવી, દેહદમન કરી, તપસ્વી જીવન જીવનારા, સતત બ્રહ્મચિંતન કરનારા, એ તપસ્વીઓ મહામના હોવા છતાં, એકાદી નબળી ક્ષણના શિકાર બની ગયા હતા. વ્યાસજીના પિતા પરાશર મુનિ, વિશ્વામિત્ર ઋષિ, નારદજી, ભરત મુનિ-આવા અનેક મહાપુરુષો પણ કામવાસનાના આવેશથી બચી શક્યા નથી! તો સામાન્ય મનુષ્યની તો દયા જ ખાવી રહે!

ભગવાને ગીતામાં કામવાસના જાગૃત થવાનું કારણ બતાવ્યું-**"સંગાત્ સંજાયતે કામઃ"** સંગથી કામ જાગે છે. ઋષિએ જળમાં સ્નાન કરતાં, મત્સ્યયુગલને જલક્રીડા કરતું જોયું અને પરિણામે તેમનામાં કામાગ્નિ જાગ્યો. વિશ્વામિત્ર ઋષિ મેનકાના નૃત્યથી તપોભંગ થયા. મેનકાના અનુપમ દેહસૌંદર્ય પર દૃષ્ટિ પડતાં, હજારો વર્ષનું તપ ભુલાઈ ગયું અને તેઓ કામાતુર બન્યા. કામદેવના પાંચ બાણ છે : (૧) રૂપ (૨) શબ્દ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ. દારુમાં દેવતા પડે તો ભડકો થાય જ! અગ્નિમાં ઘી હોમાય તો અગ્નિ ભભૂકે જ.

માણસના મનમાં સુખ ભોગવવાની જન્મજાત કામના રહેલી છે. એ દારૂખાના જેવી છે. એને કામિનીનાં પાંચ કામબાણોથી વીંધવાનું થાય એટલે કામાગ્નિ ભડકે બળે જ! વળી આ કામવાસના એવી કે એકવાર ભોગવવાથી કાયમનો સંતોષ ન થાય. જેમ ભોગવો, તેમ વાસના વધે. **"ન જાતુ કામઃ કામાનાં ઉપભોગેન શામ્યતિ"**. આથી કામવાસના કીચડ જેવી છે. તેમાં માણસ પડે, પછી બહાર નીકળવા જેમ જેમ પ્રયત્ન કરે, તેમ તેમ તેમાં વધારે ઊંડે ખૂંપતો જાય. અંતે તેનો સર્વનાશ થાય. કામી મનુષ્યને 'કામાંધ' કહ્યો છે. કામ માણસને આંધળો બનાવે છે. સારાસારનો વિવેક ભુલાવે છે, બીજાં અનેક દૂષણોમાં ડુબાડે છે. જિંદગીમાં કંઈ સારું કરવા લાયક તે રહેતો જ નથી. રાત-દિવસ એની બધી ઇન્દ્રિયો કામેચ્છા ભોગવવા તરફડે છે. તે સુરાસેવન, અભક્ષ્યભોજન, જુગાર, પરસ્ત્રીગમન, કલહ વગેરેમાં

છે. પોતાને
થી આવ્યા

વાસ સેવી,
રનારા, એ
બની ગયા
જી, ભરત
ાચી શક્યા

ું-“સંગાત્
ાન કરતાં,
ગ્નિ જાગ્યો.
અનુપમ
અને તેઓ
(૩) ગંધ
ગ્નિમાં ઘી

ી છે. એ
ાય એટલે
ોગવવાથી
ાતુ કામઃ
છે. તેમાં
તેમ તેમાં
‘કામાંધ’
ક ભુલાવે
લાયક તે
ા તરફડે
વગેરેમાં

ફસાય છે, બરબાદ થાય છે. કાદવમાં અને ઉકરડામાં ભૂંડ, કૂતરા, કીડા સબડે. કામી માણસ પણ **‘ભૂંડનો ભાઇ’** લાગે છે!

ગીતાજીમાં કામનું જન્મસ્થાન સંગદોષ બતાવ્યો. શ્રીમહાપ્રભુજી ‘નિબંધ’માં તેની સ્પષ્ટતા કરે છે : **“જિહ્વોપસ્થપરાયણાઃ”** શરીરનાં બે અંગો માણસને સંગદોષથી કામી બનાવે છે : **જીભ અને જનનેન્દ્રિય.**

જીભને સ્વાદ ભાવે અને બોલવું ગમે. વિવિધ ખાટા-ખારા-તીખા-મીઠા સ્વાદની વાનગીઓ માણસના મનમાં રાજસ ગુણ અને તામસ ગુણ વધારે છે, એની શરીરના તંત્ર પર બે અસર થાય છે. જ્ઞાનતંતુઓ શિથિલ બનતાં માણસ પ્રમાદ-આળસ-અનુભવે છે. પૌષ્ટિક ભોજન વીર્યવર્ધક છે, જે આપણને પ્રમોદ-આનંદ-તરફ ખેંચે છે. આમ જીભને ભોજનના સંગથી, શરીરમાં ‘કામ’ જાગે છે. જગતમાં જેટલા સમૃદ્ધ દેશો છે, તે બધે મોટામાં મોટી સમસ્યા ‘સેક્સ’ની છે. જેમ ભોગસામગ્રી વધી, તેમ સંભોગવૃત્તિ પ્રબળ થઇ. નાનાં બાળકોથી લઇને વૃદ્ધો સુધી ‘કામ’ રોગ બની ગયો છે. કામેચ્છાની અતૃપ્તિ અને અતિતૃપ્તિ બંનેને લઇને તે દેશોમાં શારીરિક-માનસિક રોગોનું પ્રમાણ અતિશય થયું છે. આપઘાતના બનાવો અમર્યાદિત થયા છે. જીવન જ કામકેન્દ્ર બની ગયું છે.પરિણામે જીવન અસહજ, અસંયમી, અસંતોષી બન્યું છે!

જે પછાત દેશો છે ત્યાં ‘કામ’ માણસને માટે તેનાં દુઃખો ભૂલવા માટે ઘડીભર નશાની ગરજ સારે છે, જેને કારણે પ્રજોત્પત્તિ ફાલતી રહી છે. તેનો ય અંત તો દુઃખદ જ છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્યારે માણસ આવી રીતે કામવાસનાનો ગુલામ અને શિકાર બન્યો હોય, ત્યારે તે શાસ્ત્રસંમત નીતિમય જીવન દ્વારા ધર્માચરણ ક્યાંથી કરી શકે? એને ‘શ્યામ’નો વિચાર જ ન આવે! એ તો ‘કામ’નો જ જાપ કરે! **“વિષયાક્રાંત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ”**-શ્રીમહાપ્રભુજી ચોખ્ખા શબ્દોમાં આજ્ઞા કરે છે કે જેમના શરીરની બધી ઇન્દ્રિયો વિષયવાસનામાં ડૂબેલી છે, જેને લઇને આંખોને ભગવત્સ્વરૂપ કરતાં લૌકિક રૂપ વધુ ગમે છે, કાનને કીર્તન કરતાં કૂથલી પ્રિય લાગે છે. જીભને પ્રભુનાં ગુણગાન કરતાં પોતાનાં બણગાં ફૂંકવામાં વધુ રસ પડે છે, હાથ-પગને

ભગવત્સેવા કરતાં કામવાસના ભોગવવામાં વધુ તત્પરતા રહે છે, મન-બુદ્ધિ-હૃદય પ્રભુમાં ડૂબેલા રહેવાને બદલે, વિષયવાસનામાં ડૂબેલા રહેવાનું પસંદ કરે છે, એ મનુષ્યો પ્રભુના ભક્ત બની જ કેવી રીતે શકે?

મનનો એક કુદરતી ગુણધર્મ છે. તે એક સાથે એક બાબતમાં જ લાગેલું રહી શકે છે. એક મ્યાનમાં બે તલવાર સમાતી નથી, તેમ એક મનમાં એક સાથે બે વિરોધી બાબતો રહી શકતી નથી. શ્યામ અને કામ વચ્ચે આસમાન-જમીન જેવું અંતર છે. જો મનમાં કામ વસે તો શ્યામ ન વસે અને શ્યામ વસે તો કામ ન ટકે.

આપણી પ્રિય વ્યક્તિ આપણે ત્યાં આવવાની હોય ત્યારે તેની પ્રસન્નતા માટે આપણે આપણા ઘરને સાફસૂફ કરી, સારી રીતે સજાવીએ છીએ. આપણે પોતે પણ તેના સ્વાગત અને સોબત માટે ઉચિત વસ્ત્રો સજી Presentable બનીએ છીએ. તો આપણા અલૌકિક પ્રિય પ્રભુને આપણાં તન-મનમાં પધરાવવા આપણે તન-મનની સફાઈ ન કરવી પડે? તન-મનને પ્રભુ લાયક શુદ્ધ, પવિત્ર, સુંદર ન બનાવવાં પડે?

તન-મનની શુદ્ધિ અને પવિત્રતા માટે શ્રીમહાપ્રભુજીએ માર્ગ બતાવ્યો : (૧) સ્વધર્મ-સેવાધર્મ તથા નીતિધર્મનું શક્તિ પ્રમાણે આચરણ કરો. (૨) વિધર્મ-શાસ્ત્રવિરુદ્ધના અધર્મ-અનીતિથી બચતા રહો. (૩) તમારા ઈન્દ્રિયો રૂપી ઘોડાઓને વશમાં રાખો. આ ત્રણે બાબતોમાં જે જાગતો રહે છે તે ભગવન્માર્ગે ચાલી શકે છે-તેનું કલ્યાણ થાય છે. “જો જાગત હૈ સો પાવત હૈ”. જે ઊંઘતો રહે છે, તે ડૂબતો રહે છે. “જો સોવત હૈ વો ખોવત હૈ”.

આથી શ્રીહરિરાયજીએ “શિક્ષાપત્ર”માં આજ્ઞા કરી : “વિવાહાદિષુ કાર્યેષુ વધ્વાઃ સેવાર્થમાનસઃ ।” અથવા સેવાના વિચારથી જ વિવાહ કરવો. “ભાર્યાદિષ્વનુરાગોપિ સેવાહેતુક એવ હિ”. પત્ની આદિ પરિવાર પ્રત્યેની પ્રીતિ પણ સેવા અર્થે જ. શ્રીમહાપ્રભુજીએ “નિરોધલક્ષણ”માં આ જ આજ્ઞા કરી : “પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ” કૃષ્ણની સેવા માટે જ સંતાનોત્પત્તિ અને સંતાનોમાં સ્નેહ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે-પત્ની કામપૂર્તિનું સાધન કે માધ્યમ નથી, સેવામાં સહાયક સ્વજન છે; માટે-

, મન-બુદ્ધિ-
કેવાનું પસંદ

ાં જ લાગેલું
મનમાં એક
આસમાન-
. શ્યામ વસે

ની પ્રસન્નતા
એ. આપણે
Present-
તન-મનમાં
પ્રભુ લાયક

બતાવ્યો :
કરો. (૨)
રા ઇન્દ્રિયો
રહે છે તે
સો પાવત
ત હૈ".
ાવાહાદિષુ
ાહ કરવો.
ર પ્રત્યેની
જ આજ્ઞા
નત્તિ અને
સાધન કે

અનુકૂલે કલત્રાદૌ, વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ।
ઉદાસીને સ્વયં કુર્યાત્, પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥

અર્થાત્ પત્ની વગેરે પરિવાર અનુકૂળ હોય તો તેમની પાસે ભગવત્કાર્યો કરાવવાં. ઉદાસીન હોય તો આપણે જાતે સેવા કરવી. તેઓ પ્રતિકૂળ હોય તો આપણે ઘરનો ત્યાગ કરવો.

આ આજ્ઞાઓનો વિચાર કરતાં નક્કી થાય છે કે કામિની અને કામવાસના મહાન બાધક છે. શ્રીગુસાંઈજીએ "શૃંગારરસમંડન" ગ્રંથના પ્રારંભમાં તેનું રસપાન કરવા ઇચ્છુક જનોને ચેતવ્યા છે કે જો તમારાં હૃદય નિષ્કામ અને શુદ્ધ હોય તો જ આ ગ્રંથમાં વર્ણવેલી રસમય ભગવલ્લીલાઓ વાંચજો-વિચારજો, અન્યથા તે વાંચશો નહિ. તમારો બગાડ થશે. ભગવલ્લીલા અલૌકિક, નિષ્કામ, વિશુદ્ધ છે. તે વાંચતાં મનમાં લૌકિક કામ જાગે તો વાંચનારનું અધઃપતન થાય છે. અલૌકિકમાં લૌકિક ભાવ કરવો એ અપરાધ છે.

રાજા પરીક્ષિત જીવનના અંતિમ સમયમાં ત્યાગી અને નિષ્કામ બની, ભાગવતકથા સાંભળી રહ્યા હતા. સંભળાવનાર પણ શુકદેવજી જેવા નિષ્કામ સંત હતા. છતાં 'રાસપંચાધ્યાયી'ના પ્રસંગમાં ભગવચ્ચરિત્રમાં રાજાને લૌકિક બુદ્ધિ થતાં, શ્રીશુકદેવજી ચૂપ થઇ ગયા! અલૌકિક લીલા શ્રવણ માટે સંસારથી અનાસક્ત, નિષ્કામ, વિશુદ્ધ મન-બુદ્ધિ જરૂરી છે. આપણું મન ક્યારે બગડે તે કહેવું અઘરું છે.

આથી શ્રીમહાપ્રભુજીએ સેવા માધુર્ય ભાવથી કરવાને બદલે, બાલભાવથી-વાત્સલ્યભાવથી જ કરવાની આજ્ઞા કરી.

આદિ શંકરાચાર્યનો પ્રસંગ છે. શિષ્યો સાથે પ્રવાસમાં હતા, ત્યારે એક ગામના ગોંદરે બપોરે પહોંચ્યા. સૌને કકડીને ભૂખ લાગી હતી. એક ચમાર બાઇ રોટલા ટીપતી હતી. શ્રીશંકરે ભિક્ષા માટે કમંડળ લંબાવ્યું. તેમના શિષ્યોએ પણ ભિક્ષા માગી. સૌ ભોજન કરી, પાણીની શોધમાં ચાલ્યા. એક લુહાર લોઢું તપાવી, ટીપતો હતો. શ્રીશંકરે જળ માટે કમંડળ લંબાવ્યું. કંટાળેલા લુહારે ઊકળતો સીસાનો રસ કમંડળમાં રેડ્યો. શ્રીશંકર જળની જેમ તે

ગટગટાવી ગયા. પણ શિષ્યોની ત્યાં જળ માગવાની હિંમત ન ચાલી. શ્રીશંકરે ઉપદેશ આપ્યો : **મોટાનું અનુકરણ ન કરો. મોટાની આજ્ઞાનું પાલન કરો.**

આથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી આદિએ પણ આજ્ઞા કરી કે : સિદ્ધાંતોનો સ્વાધ્યાય કરો. પૂરો અધિકાર ન થાય ત્યાં સુધી લીલાચિંતનથી દૂર રહો. પ્રમાણની પાકી વાડ ન બને ત્યાં સુધી પ્રમેયનો વિચાર ન કરો. ભગવલ્લીલાના નામે વામાચાર તરફ ન સરકી જવાય તેની જાગૃતિ રાખવી ખૂબ જ જરૂરી છે.

કામિની અને કામનો સંગ પણ અન્યાશ્રય કરાવનાર છે, કારણ તે સ્થિતિમાં ભગવદાશ્રય છૂટે છે અને લોકાશ્રય બને છે.

શ્રીગુસાંઇજીના સેવક એક વિરક્ત વૈષ્ણવ હતા. તેઓ એક શ્રીમંત વિધવા બાઇના પરિચયમાં આવ્યા. સત્સંગ નિમિત્તે પરિચય ગાઢ બન્યો. તેઓ અવારનવાર શ્રીગુસાંઇજી પાસે તે બાઇની પ્રશંસા કરે. ભક્તવત્સલ શ્રીગુસાંઇજીએ વિચાર કર્યો : આ વિરક્ત વૈષ્ણવને આ બાઈનો સંગ છોડાવવો જરૂરી છે, નહિ તો તેનું અધઃપતન થશે. આપે એક યુક્તિ કરી. આપે તે વિરક્ત વૈષ્ણવને આજ્ઞા કરી : ''વૈષ્ણવ, મારે હમણાં ને હમણાં પાંચ હજાર રૂપિયાની જરૂર ઊભી થઇ છે. મને પેલી ક્ષત્રિયાણી પાસેથી લાવી દો ને!''. વૈષ્ણવ પેલી બાઇને સમજાવી રૂપિયા લઇ આવ્યા. બે દિવસના ચાર દિવસ થયા. બાઇએ પૈસા માટે વિરક્તને તકાદો કર્યો. વિરક્ત શ્રીગુસાંઇજી પાસે માગી શકે નહિ. બાઇએ વૈષ્ણવને ઘણા અપમાનિત કર્યા. વૈષ્ણવનું મન બાઇ પરથી પૂરેપૂરું ઊતરી ગયું. તેનો સંગ સદાને માટે છોડી દીધો. પછી શ્રીગુસાંઇજીએ પેલી રકમ વિરક્તને પાછી આપી.

રસખાનજીને યાદ કરો. સુખી પઠાણ સરદારનો એ જુવાનજોધ દીકરો. એક માસૂમ ખૂબસુરત બાળકના રૂપ પાછળ પાગલ બની ગયો. એક દિવસ એક વૈષ્ણવે યુવાન રસખાનને શ્રીનાથજીની છબિનાં દર્શન કરાવ્યાં. તેથી રસખાનની લૌકિક આસક્તિ તત્કાળ છૂટી ગઇ. તેમનું મન સદા માટે શ્યામસુંદરમાં આસક્ત થઇ ગયું.

રામભક્ત તુલસીદાસના નાના ભાઇ નંદદાસ જુવાનીમાં તીર્થાટને નીકળેલા. આગ્રામાં એક શ્રીમંત ક્ષત્રિય પરિવારની પુત્રવધૂ તરફ દૃષ્ટિ પડી. પ્રથમ નજરે જ કામવિહ્‌વળ થઇ ગયા. તેનું મોં જોવા કલાકો સુધી તેની હવેલી સામે બેસી રહે. મોં ન જુએ ત્યાં સુધી પાણી પણ ન પીએ. ક્ષત્રિય પરિવાર કંટાળી, રાતોરાત ગામ છોડી ગોકુળ જવા નીકળી ગયો. નંદદાસને પાછળ છોડ્યા. જમુના કિનારે હોડી ન મળવાથી ભૂખ્યાતરસ્યા પડી રહ્યા. શ્રીગુસાંઇજીએ એક વૈષ્ણવને હોડી લઇ નંદદાસને લેવા મોકલ્યા. શ્રીગુસાંઇજીનાં દર્શને તેમની કામાતુરતા નાશ પામી. અનન્ય ભગવદીય થયા.

ગુલાબદાસ નામના આગ્રાના એક ક્ષત્રિય શ્રીગુસાંઇજીના શરણે આવ્યા. તેમણે વૈષ્ણવો પાસેથી સાંભળેલું કે જીવ ગમે તેવો દુષ્ટ હોય, છતાં શ્રીગુસાંઇજીની કૃપાથી, તેનો ઉદ્ધાર થાય છે. ગુલાબદાસ સેવક થઇ, સેવા પધરાવ્યા વિના આગ્રા પાછા ગયા. ત્યાં નાચગાનમાં ડૂબી ગયા. તેના વેશને લઇ સૌ કોઇ તેમને ગુલાબખાન કહી બોલાવતા. તેમનો અંતિમ શ્વાસ ચાલતો હતો ત્યારે શ્રીગુસાંઇજીએ એક વૈષ્ણવને તેમની પાસે આગ્રા મોકલ્યા. શ્રીગુસાંઇજી આવી અપરાધી સ્થિતિમાં પણ તેમને યાદ કરે છે, એ જાણી તેમને પોતાના વિલાસી જીવનનો ઘણો પસ્તાવો થયો. પસ્તાવાના તાપમાં તેમનો દેહ છૂટી ગયો. તેઓ ભગવચ્ચરણારવિંદને પામ્યા.

ગોવિંદસ્વામીની એકની એક દીકરી. પરણાવેલી. વર્ષો બાદ સાસરેથી પિતાને મળવા વ્રજમાં આવી, પણ પિતા તેની સામે પણ ન જુએ. દીકરી ઘણી દુઃખી થાય. ગોવિંદસ્વામીનાં બહેન કાન્હબાઇ. તેમણે ભાઇને કહ્યું: “આ છોડીનો કંઇ વાંકગુનો છે? તું કેમ તેની સાથે બોલતો નથી? મા વિનાની છે!” ગોવિંદસ્વામીએ જવાબ આપ્યો : “પ્રભુએ મને એક મન આપ્યું છે, જે તેનામાં લાગી ગયું છે. તારી છોડી માટે બીજું મન ક્યાંથી લાવું?”

આવા તો અનેક ભગવદીયો થઇ ગયા કે જેમની વિષયવાસના શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી આદિએ દૂર કરી છે. વેશ્યા, વેશ્યાની પુત્રી આદિ

પતિતોને પણ આપે શરણે લઇ ઉદ્ધાર કર્યો છે. શ્રીહરિરાયજીએ પણ મોહાંધ બનેલી ઉદયપુરની રાજકુંવરીને માતૃસ્વરૂપે દર્શન આપી, તેના હૃદયને વિશુદ્ધ બનાવ્યું હતું. તેને નિમિત્ત બનાવીને આપે સૌ વૈષ્ણવોને શિખામણ આપવા **"કામાખ્યદોષ-વિવરણ"** નામનો ગ્રંથ પણ રચ્યો છે.

કૃષ્ણલીલામાં 'અંતર્ગૃહગતા' ગોપીજનોનો પ્રસંગ છે. કેટલીક ગોપિકાઓને શ્રીકૃષ્ણમાં પ્રેમભાવને બદલે કામભાવ હતો. જ્યારે શરદપૂનમની રાતે ભગવાને વેણુનાદ કર્યો, ત્યારે કામભાવવાળા ગોપીજનોને ભગવાને પોતાની પાસે ન આવવા દીધાં. તેમના કુટુંબીજનોએ તેમને ઘરમાં રોકી રાખ્યાં. વિરહતાપમાં તેમના પ્રાણ છૂટી ગયા. ભગવાને તેમને સાયુજ્ય મોક્ષ આપ્યો. પણ પુષ્ટિમાર્ગનું ઉત્તમોત્તમ ફળ-રાસનો સ્વરૂપાનંદ તેમને પ્રાપ્ત ન થયો. ભગવાનમાં રાખેલો કામભાવ પણ ભક્તને મુખ્ય ફળથી વંચિત રાખે છે, ત્યારે લૌકિક કામભાવના દોષનું તો પૂછવું જ શું? માટે શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી :

વિષયાક્રાંતિતો દૂરે ભગવદ્ભાવસંતતિ ।
હૃદયસ્યાત્યશુદ્ધત્વાન્ન તત્રાવેશસંભવઃ ॥

વિષયાક્રાંત વ્યક્તિથી ભગવદ્ભાવ સદા દૂર રહે છે. ભગવાન ભાવાત્મક છે. જ્યાં સુધી હૃદય અતિ અશુદ્ધ છે, ત્યાં સુધી ભાવાત્મક પ્રભુના અનુભવનો સંભવ જ નથી.

લૌકિકે પરમા પ્રીતિર્વિરુદ્ધ-વિષયેષણા ।
અવિરુદ્ધે તથાસક્તિર્વિષયૈ ર્ભોગ-ભોજનમ્ ॥

લૌકિકમાં પરમ પ્રીતિ, તેને અનુસરતી વિષયેષણા, તે મુજબની વિષયોમાં આસક્તિ, તેનો ભોગ અને તેવું ભોજન.

એતે ચાન્યે ચ બોદ્ધવ્યા દોષા વિસ્મારકા હરેઃ ।
સાવધાનીભૂય દાસૈઃ કૃષ્ણસ્ય સ્થેયમાદરાત્ ॥

આ અને આવા બીજા દોષો પ્રભુનું વિસ્મરણ કરાવનારા છે. તેથી શ્રીકૃષ્ણના સેવકોએ તેનાથી સાવધાન રહી, પ્રભુમાં આદરભાવ રાખીને રહેવું.

કંચન અને કામિની અન્યાશ્રયના પાયામાં છે તે બાબતનો વિચાર કર્યો. આ અન્યાશ્રય પહેલાં વિચાર રૂપે મનમાં જન્મે છે, પછી વાણી દ્વારા બહાર પ્રકટ થાય છે અને છેલ્લે શરીર દ્વારા તેનું આચરણ થાય છે. આથી અન્યાશ્રયનાં ત્રણ સ્વરૂપ છે. (૧) માનસિક (૨) વાચિક (૩) શારીરિક.

અન્યનો આશ્રય એટલે અન્યાશ્રય. ભક્ત માટે ભગવાન સિવાય બાકીનાં બધાં જ અન્ય. માણસ પોતાની જાતનો આશ્રય કરી, ભગવદાશ્રય છોડી દે તો તે પણ અન્યાશ્રય કહેવાય. અન્યાશ્રય બે પ્રકારે અનુભવાય છે (૧) સ્થૂળ (૨) સૂક્ષ્મ. આપણા સ્વાર્થ માટે, લાભ માટે, કોઇ દેવ-દેવી કે મનુષ્ય આદિનો આશ્રય કરી, તેમનાં દર્શને જવું, પૂજા-પ્રાર્થના કરવી, એ સ્થૂળ-દેખી શકાય તેવો અન્યાશ્રય છે. રાતે સખત ગરમી હોય. અચાનક પવનની લહેર આવે. આપણે બોલી ઊઠીએ : ''હાશ, પવને રાહત કરી.'' વાસ્તવમાં પવન મોકલી, રાહત કરનાર તો પ્રભુ છે. પણ આપણે પવનનો આશ્રય કર્યો, પ્રભુનો આશ્રય છોડ્યો. આ સૂક્ષ્મ અન્યાશ્રય છે.

૮૪-૨૫૨ વૈષ્ણવો જેવા મહાન ભગવદીયો પૈકીના કેટલાક વૈષ્ણવોને પણ અન્યાશ્રય બાધક થયો છે. જેમકે દામોદરદાસ સંભરવાળાનાં પત્ની શ્રીમહાપ્રભુજીના વરદાનથી ગર્ભવતી હતાં, ત્યારે એક જોષી મહોલ્લામાં આવ્યો. દાસી જોષીને પૂછવા ગઇ. દાસીએ આવીને કહ્યું : ''જોષી કહે છે કે તમને પુત્ર થશે.'' તેમને જોષીની વાતમાં વિશ્વાસ બેઠો. શ્રીમહાપ્રભુજીના વરદાનમાંથી વિશ્વાસ ડગ્યો. આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે મારું વરદાન છે એટલે દીકરો તો થશે, પણ મ્લેચ્છ બનશે. એમને અન્યાશ્રયનો ભારે દંડ ભોગવવો પડ્યો. આ મનનો અન્યાશ્રય હતો.

શ્રીમહાપ્રભુજીનાં એક સેવક વૃદ્ધ બ્રાહ્મણી હતાં. શ્રીઠાકોરજી તેમને અમ્મા કહી બોલાવતા. ગામ વચ્ચે તેમનું નાનું ઘર. ગામના રસ્તા મોટા કરવા લાઇનદોરી આવી. તેમાં તેમનું ઘર કપાતું હતું. બાઇએ અમલદારને તેમનું ઘર ન કાપવા કાકલૂદી કરી. અમલદાર સંમત થયા. બાઇથી બોલાઇ ગયું : ''તેંને મોકો જિવાઇ''. વાણીનો અન્યાશ્રય થયો. શ્રીઠાકોરજીનો આશ્રય છૂટ્યો અને અમલદારનો આશ્રય થયો. પરિણામે તેમના ઘરમાંથી

કાયમ માટે શ્રીઠાકોરજીનું સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું. અન્યાશ્રય કરવાની ઘણી મોટી સજા કહેવાયને?

શ્રીગુસાંઈજીનાં સેવક વણિક પતિ-પત્ની હતાં. સ્થિતિ ઘણી ગરીબ. પડોશીના દુઃસંગથી શ્રીઠાકોરજીને પડતા મૂકી દેવીને પૂજવા બાઈ તૈયાર થયાં. પતિ પર પૂજાપો લાવી આપવા દબાણ કર્યું. પૂજાપો લેવા ગયેલ પતિએ પોતાની પૈસાની કોથળી દુકાનદારના ગલ્લે મૂકી, પૂજાપો બંધાવ્યો. ભૂલમાં દુકાનદારની કોથળી લઈ ચાલવા માંડ્યા. પકડાયા. અવળા ગધેડે બેસાડી પોલિસોએ ગામમાં ફેરવ્યા. અન્યાશ્રય કરવા જતાં આબરૂ ગુમાવી.

ત્રીજા ઘરમાં થયેલા ગોસ્વામી શ્રીદ્વારકાનાથજી કાશી અભ્યાસ કરવા પધારેલા. સમય ઓછો અને વિદ્યા વધારે. એક તાંત્રિક ભેટી ગયો. જીભ પર સરસ્વતીમંત્ર લખાવ્યો. વાણીનો અન્યાશ્રય થયો. તેમના સેવ્ય શ્રીદ્વારિકાધીશપ્રભુ અપ્રસન્ન થયા. તેમની સેવા અંગીકાર ન કરી!

આવી અનેક સત્યઘટનાઓથી સમજાય છે કે 'અન્યાશ્રય' વૈષ્ણવને ઘણો બાધક છે. તે વૈષ્ણવને પ્રભુથી બહિર્મુખ કરે છે, સમાજમાં પણ તે પામર બને છે. માટે શ્રીમહાપ્રભુજીએ અન્યાશ્રયથી બચવા ''વિવેકધૈર્યાશ્રય''માં ચેતવ્યા :

અન્યસ્ય ભજનં, તત્ર સ્વતો ગમનમેવ ચ ।
પ્રાર્થના કાર્યમાત્રેડપિ, તતોડન્યત્ર વિવર્જયેત્ ॥

વૈષ્ણવોએ ત્રણ બાબતથી દૂર રહેવું. (૧) આપણા શ્રીઠાકોરજીને છોડીને, કોઈ દેવદેવી કે માણસ વગેરીની સેવાપૂજા ન કરવી. (૨) તેમની પાસે જાતે પોતાની ઈચ્છાથી જવું નહિ. (૩) તેમની પાસે કશું પણ માગવું નહિ. આમ કરવાથી અન્યાશ્રયનો ભય રહેશે નહિ. પ્રભુથી બહિર્મુખ થવાશે નહિ.

સાથે સાથે આપણે કોઈ દેવદેવી, મનુષ્ય વગેરેનો અનાદર કે અપમાન પણ ન કરવાં. માન સૌને આપવું. પરંતુ પ્રેમ કેવળ પ્રભુમાં જ રાખવો.

શ્રીદયારામભાઈએ "ભક્તિપોષણ" ગ્રંથમાં અન્યાશ્રય શા માટે ન કરવો જોઈએ, તેનાં કારણો અનેક દૃષ્ટાંતો આપીને સમજાવ્યાં છે. તેઓ કહે છે :

શ્રીપુરુષોત્તમને પરહરી, જેનું અન્ય અમરે મન મોહે,
તે કામદૂધા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે.
દોહે ગાય મૂકી મૂઢ પાડો, તરસ્યો ગંગા તીરે ખોદે ખાડો,
તેમ પૂર્ણ તજી અવર આરાધે, મહેનત માથે પડે કાંઈ ન લાધે. સેવો૦

અર્થાત્ : જે વૈષ્ણવો પૂર્ણ પુરુષોત્તમ પ્રભુને વેગળા મૂકીને તેમનું મન બીજા દેવોમાં રાખે છે તેઓ કામદૂધા ગાયને મૂકીને પાડાને દોહવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે. જેમ તરસ્યો માણસ ગંગા કિનારે રહેવા છતાં ગંગાજળ ન પીતાં પાણી માટે ખાડો ખોદે છે તેમ વૈષ્ણવો તેમને પ્રાપ્ત થયેલા શ્રીપૂર્ણપુરુષોત્તમને છોડીને બીજાઓની આરાધના કરે છે, ત્યારે તેમને જોઈતું કંઈ મળતું નથી, તેમની મહેનત માથે પડે છે.

રાખી ભરોસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ,
ઈચ્છે અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ.
આશ કરે તરવા દધિ-પૂર, શ્વાનનું હાથ ગ્રહી લંગૂર,
તે જેવો પામશે સાગર પાર, તરશે તેવો હરિ-વિમુખ સંસાર. સેવો૦

અર્થાત્ : આપણા મનમાં બે ઈચ્છાઓ મુખ્યત્વે હોય છે. બધું દુઃખ દૂર થાય અને સર્વ સુખ પ્રાપ્ત થાય. આમ બધાં દુઃખ દૂર કરવા અને શ્રેય એટલે કલ્યાણ મેળવવાની મનમાં આશા અને ઈચ્છા રાખીને જ્યારે આપણે બીજાઓ ઉપર ભરોસો કરીએ છીએ અને અવિનાશી ભગવાનનો આશ્રય કરતા નથી, ત્યારે આપણું તે કામ કૂતરાનું પૂંછડું પકડીને સમુદ્ર તરવા જેવું ગાંડપણભર્યું છે. કૂતરાના પૂંછડાના આધારે આજસુધી કોઈ સમુદ્ર તરી ગયો એવું જાણ્યામાં નથી. કૂતરું પોતે ડૂબે અને આપણને પણ ડૂબાડે. એવી જ રીતે આપણે ભગવાનથી વિમુખ થઈને મોહ માયાનો સંસાર પાર કરવાની, તરી જવાની ઈચ્છા રાખીએ તો તે શક્ય નથી. હરિવિમુખથનાર સંસારમાં ડૂબી જાય છે.

કોડી ઉપાસન મલિનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો,
રૂપૈયો સુર-સેવના, વ્યૂહ કંચન મહોર પ્રમાણો.
કંચન મહોર વ્યૂહ, હરિ હીરો, એમ અંશ અંશી સમજી રહો,
સર્વ એ દ્રવ્ય હીરાથી થાય, હીરો કોઈએ કર્યો નવ કહેવાય. સેવો૦

અર્થાત્, શ્રીદયારામભાઈ જુદા જુદા દેવો અને પ્રભુ વચ્ચેની સરખામણી કરે છે. ભૂતપ્રેત વગેરે મલિન તત્ત્વોની ઉપાસના કરવી એ કોડી સમાન છે. દુનિયાના કોઈ માણસની ચાકરી કરવી એ તાંબાના પૈસા સમાન છે. દેવોની ઉપાસના રૂપિયા સમાન છે. ભગવાનનાં વ્યૂહ સ્વરૂપોની ઉપાસના સોનામહોર જેવી છે. જ્યારે શ્રીહરિની સેવા હીરા સમાન છે. જેમ એક રૂપિયાનું જુદું જુદું પરચૂરણ આવે તેમ શ્રીહરિ રૂપિયા સમાન છે અને બીજા બધા પરચૂરણ સમાન છે. ચાર આની આપવાથી રૂપિયો મળતો નથી, પરંતુ રૂપિયો હોય તો ચાર આનીના ચાર સિક્કા મળે. રૂપિયો અંશી છે. ચાર આનીનો સિક્કો અંશ છે. તેમ ભગવાન અંશી છે અને બીજા બધા તેમના અંશ છે. ભગવાન હીરો છે. માટે હીરો આપવાથી સોનામહોરથી લઈને કોડી સુધીનું બધું દ્રવ્ય મળે, પરંતુ બીજું દ્રવ્ય આપવાથી કિંમતી હીરો મળતો નથી. હીરાની બરાબર દુનિયામાં બીજું કોઈ દ્રવ્ય નથી. તેમ ભગવાનની બરાબર દુનિયામાં બીજું કોઈ નથી. માટે આપણા સ્વાર્થ માટે ભગવાનને છોડીને બીજા કોઈની ઉપાસના કરવાની જરૂર નથી.

જગત વૃક્ષ, તેહનું મૂળ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય,
પ્રતિ શાખા જળ સિંચિયે, તેથી તરુવર-તૃપ્તિ ન થાય.
તૃપ્તિ ન થાય, વૃથા શ્રમ પહોંચે, સમજણ આવે ત્યારે પછી શોચે.
મુખ દ્વારા સહુ ઈન્દ્રિયો સંતોષે, ભોજન અંગે લેપ્યું કોઈને ન પોષે. સેવો૦

અર્થાત્ : શ્રીદયારામભાઈ જગતને વૃક્ષ અને શ્રીહરિને વૃક્ષના મૂળ સાથે સરખાવે છે. વૃક્ષને ઉછેરવા માટે વૃક્ષના મૂળમાં પાણી રેડવામાં આવે છે. તેથી વૃક્ષનો વિકાસ થાય છે. મૂળમાં પાણી રેડવાને બદલે વૃક્ષનાં ડાળ-પાન ઉપર પાણી રેડીએ તો વૃક્ષને તે પાણી પહોંચતું નથી. પરિણામે વૃક્ષ સુકાઈ જાય છે. આપણી મહેનતનું ફળ મળતું નથી. મહેનત નકામી જાય છે. વૃક્ષ

સુકાઇ ગયા પછી આપણને આપણી ભૂલ સમજાય ત્યારે આપણે તેનો શોક કરીએ છીએ. પરંતુ ત્યારે તો ઘણું મોડું થઇ ગયું હોય છે. એવી રીતે જગત વૃક્ષ છે અને ભગવાન તેનું મૂળ છે. આપણે ભગવાનની સેવા કરીને ભગવાનને પ્રસન્ન કરીએ તો જગત આપોઆપ પ્રસન્ન થાય છે. પછી જગત માટે અલગ મહેનત કરવાની જરૂર રહેતી નથી, પરંતુ આપણે તો જગતને રાજી કરવા મથીએ છીએ અને પ્રભુની પ્રસન્નતાનો વિચાર કરતા નથી. આથી, પ્રભુ અપ્રસન્ન થાય છે અને આપણને મનવાંછિત ફળ મળતું નથી.

શ્રીદયારામભાઇ બીજું ઉદાહરણ આપે છે. પેટમાં ભૂખ લાગે ત્યારે મુખ દ્વારા ભોજન લઇ પેટની ભૂખ સંતોષીએ છીએ. તેનાથી કેવળ પેટની જ નહિ, શરીરની બધી ઈન્દ્રિયોની તૃપ્તિ થાય છે. પરંતુ કોઇ પાગલ માણસ ભૂખ લાગે ત્યારે ભોજનના પદાર્થો પેટ ઉપર અને બીજી ઈન્દ્રિયો ઉપર મૂકે અને મોંમાં ન મૂકે તો તેનાથી તેના શરીરને પોષણ મળતું નથી. તેની ભૂખ ભાંગતી નથી. આવું જ પ્રભુ અને અન્ય પદાર્થોનું છે. પ્રભુની સેવામાં અન્ય સૌનો સમાવેશ થઇ જાય છે, પરંતુ અન્યની ચાકરીમાં પ્રભુનો સમાવેશ થતો નથી. માટે કેવળ પ્રભુનો દૃઢ આશ્રય રાખી, તેમની સેવા કરવાથી સૌને સંતોષ આપી શકાય છે અને પ્રભુની કૃપાથી મનવાંછિત ફળ મેળવી શકાય છે.

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનના અવગુણ પણ ગુણ જાણે,
અવળું પડે અન્ય દેવને, સામું દુઃખ શત્રુ પ્રમાણે.
પ્રમાણ નહિ, ફળ દે તોહે જાય, હરિનું આપ્યું કદી નાશ ના થાય,
અમર અલ્પ વર, અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દે રત્ન. સેવો૦

અર્થાત્ : શ્રીકૃષ્ણનો સ્વભાવ એવો છે કે માણસ તેમનો દ્વેષ કરે તો પણ તે માણસ પર તેઓ કૃપા કરે છે. પૂતના તેમને મારવા આવી હતી, આપે એ પૂતનાને માતા માની તેનો મોક્ષ કર્યો. બીજા દેવોનો સ્વભાવ આવો નથી. બીજા દેવોને વાતવાતમાં વાંકુ પડે એટલે તેઓ મિત્ર મટી શત્રુ બની દુઃખ આપે છે. બીજી બાબત એવી છે કે શ્રીકૃષ્ણ માંગીએ તેટલું બધું આપી શકે છે. માંગવાથી યે વધારે અધિક આપી શકે છે. તેનું કોઇ પ્રમાણ હોતું નથી. જ્યારે દેવોનો અધિકાર મર્યાદિત છે, તેઓ તેમની મર્યાદામાં રહીને ફળ આપી શકે છે. આથી આપણું માંગ્યું બધું આપી શકતા નથી. ત્રીજી વાત

એવી છે કે દેવો ક્ષણિક ફળ આપે છે, તે થોડા સમય પછી નાશ પામે છે. જ્યારે ભગવાનનું આપેલું ફળ કદી નાશ પામતું નથી. ચોથી વાત એ છે કે દેવો અલ્પ વરદાન આપે છે. તે મેળવવા આપણે ઘણા પ્રયત્નો કરવા પડે છે. જ્યારે ભગવાનના ચરણે આપણે એક કોડી ભેટ ધરીએ તો તેના બદલામાં ભગવાન રત્ન આપે છે. આમ, બધા કરતાં ભગવાન મહાન ઉદાર છે. માંગ્યું બધું આપનારા છે અને સર્વ સમર્થ છે. માટે શ્રીદયારામભાઈએ સમજાવ્યું કે તમે અન્યાશ્રય છોડીને ભગવાનનો દૃઢ આશ્રય કરો.

વેળુ પીલતાં જો તેલ નીકળે, જળ મથ્યે જો નવનીત હોય,
મૃગજળથી જો તૃષા ટળે તોય, હરિભક્તિ વિના ભદ્ર ન હોય.
ન હોય ભદ્ર હરિ વિના કદાપિ, અભય ન હરિ વિના કો શકે આપી,
હું નથી કહેતો પોકારે છે વેદ, સ્મરો શ્રીકૃષ્ણ, ટળે સહુ ખેદ. સેવો૦

અર્થાત્ : પ્રભુને મૂકીને અન્ય દેવોની આરાધના કેવી નિષ્ફળ છે, તે સમજીએ. રેતી પીલવાથી જો તેલ નીકળે, પાણી વલોવવાથી જો માખણ નીકળે, મૃગજળ પીવાથી જો તરસ મટે, તો હરિભક્તિ કર્યા વિના આપણું કલ્યાણ થાય. બાકી અન્ય કોઈ રીતે આપણું કલ્યાણ થતું નથી. વેદ આ વાત પોકારી પોકારીને કહે છે. હરિભક્તિથી જીવનું કલ્યાણ થાય છે. શ્રીહરિ જ જીવને અભયદાન આપી શકે છે. તેનાથી જ જીવનાં બધાં દુઃખ દૂર થાય છે. માટે શ્રીકૃષ્ણના બનીને રહો. તેમનાં સેવા સ્મરણ કરો.

અન્યાશ્રય વિષે સમજણ મેળવ્યા પછી આપણા મનમાં કેટલાક પ્રશ્નો જાગવાનો સંભવ છે, કારણકે વર્ષોથી આપણે એક યા બીજા પ્રકારનો અન્યાશ્રય કરતા રહ્યા છીએ. આપણી કુટુંબપરંપરામાં પણ આવા અન્યાશ્રયના કાર્યો થતાં હોય છે. સાથે સાથે અન્યાશ્રય વિષેની સાચી સમજ ન હોવાથી પણ, આપણે ગેરમાર્ગે દોરાઈએ છીએ. આ બધામાંથી બચવા આપણે થોડોક વિચાર કરીએ.

પહેલી વાત તો એ સમજી લેવી જોઈએ કે પ્રેમ અને આદરમાં તફાવત છે. પતિવ્રતા પત્ની એક જ પુરુષને પ્રેમ આપે છે અને તે તેનો પતિ છે. પત્ની પતિને પ્રેમ આપે છે એટલે એનું તન, મન બધું પતિને સમર્પિત કરી દે

છે. તે કેવળ પતિની બનીને રહે છે. આવી પતિવ્રતા સ્ત્રીને એનો ઘરસંસાર ચલાવવાનો હોય છે. એના ઘરમાં કેવળ એનો પતિ જ નથી, અન્ય પુરુષો પણ છે. એના સસરા, જેઠ, દિયર, પતિના મિત્રો, મામા-કાકા ઘણા બધા હોય છે. એ બધાને પણ યોગ્ય રીતે રાખવાની પત્નીની ફરજ હોય છે. પતિવ્રતા સ્ત્રી જે વ્યવહાર એના પતિ સાથે કરે છે એ જ વ્યવહાર આ બધા પુરુષો સાથે કરતી નથી. બંને સાથેનો વ્યવહાર અલગ હોય છે. પતિને પ્રેમ આપે છે, જ્યારે અન્ય પુરુષોને આદર આપે છે. આથી તે પતિવ્રતા રહીને પણ સૌને યોગ્ય આદર આપતી રહે છે.

આવું જ ભક્તિમાં છે. ભક્ત ભગવાનને પોતાનો પ્રેમ આપે છે. પોતાનું સર્વસ્વ સમર્પણ કરી, તે ભગવાનનો બનીને રહે છે. જેનામાં પૂરેપૂરો સ્નેહ જાગે તેને જ સર્વસ્વ સમર્પણ થાય. સ્નેહ વિના સમર્પણ સંભવે નહિ. ભક્તને ભગવાનમાં જ્યારે પ્રગાઢ સ્નેહ થાય છે ત્યારે તે ભગવાનને સમર્પિત બનીને રહે છે. તેથી ભગવાન તેનું સર્વસ્વ બને છે. આવા ભક્તને જગતમાં રહેવાનું હોય છે, જગતના વ્યવહારો સાચવવાના હોય છે, ત્યારે જગતના અન્ય મનુષ્યો, પ્રાણીઓ અને દેવોની સાથે તે આદરભાવનો વ્યવહાર રાખે છે. તે માને છે કે આ સર્વ મારા પ્રભુના અંશો છે. તેમાં અંશરૂપે મારા પ્રભુ રહેલા છે. એટલે પોતાના પ્રભુના સંબંધથી તે સૌનો આદર-સત્કાર કરે છે, સૌને સન્માન આપે છે. સૌ સાથે મિત્રતાનો વ્યવહાર રાખે છે. કોઈને દુ:ખ થાય, કોઈનો અનાદર થાય, કોઈનું અપમાન થાય એવો વ્યવહાર તે કરતો નથી. ભક્તની આ અનન્યતા છે. આવી અનન્યતા તેની ભક્તિમાં સાધક છે.

આપણે આ વાત સમજવા જેવી છે. ઘણા વૈષ્ણવો અણસમજમાં અન્ય દેવ દેવીનો અથવા તેમને ભજનારા લોકોનો તિરસ્કાર કરે છે. તેમની સાથે ખરાબ વ્યવહાર કરે છે. તે બરાબર નથી. રસ્તે મળનારને હાથ ઊંચો કરી સન્માન આપવાથી તેનો અન્યાશ્રય થતો નથી. તેની પાસે કોઈ અપેક્ષા લઈને જવાથી અન્યાશ્રય થાય છે. આ વાત જો સમજમાં આવે તો સૌની સાથેનો આપણો વ્યવહાર સન્માનભર્યો બનશે અને પ્રભુ સાથેનો આપણો વ્યવહાર પ્રેમભર્યો બનશે.

એક નવયુવાન લગ્ન માટે યોગ્ય પાત્રની શોધમાં હોય, ત્યારે તેનાં સ્વજનો તરફથી તેને જુદા જુદા પાત્રો બતાવવામાં આવે છે. કન્યાઓના ફોટા તેને આપવામાં આવે. તેના પાકીટમાં આ બધા ફોટાઓ તે રાખે અને તેમના વિષે વિચાર પણ કરે. એમાં નૈતિકતાની દૃષ્ટિએ કશું ખોટું નથી. વિચારને અંતે તે યુવાન તેમાંથી એક કન્યાને પસંદ કરે અને તેની સાથે લગ્નથી જોડાય. લગ્ન બાદ તેના પાકિટમાંથી તેણે પોતાની પત્ની સિવાયના અન્ય ફોટાઓ દૂર કરવા જોઈએ અને મનમાંથી પણ અન્ય કન્યાઓના વિચારો દૂર કરવા જોઈએ. જો તે લગ્ન બાદ તેના પાકિટમાં પત્ની સિવાયની અન્ય કન્યાઓના ફોટાઓ રાખે અને મનમાં તેના વિચારો સેવે તો તેના માટે આ કૃત્ય અન્યાશ્રય બને છે.

આવી જ રીતે આપણે શ્રીઅષ્ટાક્ષરમંત્રની દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી અન્ય દેવ-દેવીઓ સાથે ભલે સંબંધ રહ્યો હોય, પરંતુ અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લીધા પછી આપણાં મન, વચન અને કર્મમાં કેવળ આપણા સ્વામી શ્રીકૃષ્ણ રહેવા જોઈએ. આ વાત સમજી લેવા જેવી છે.

આપણને બીજો સતાવનારો પ્રશ્ન છે આપણા કુટુંબમાં ચાલી આવતી અન્યાશ્રયની પરંપરાઓ. ઘણાં કુટુંબોમાં નવરાત્રિનું વ્રત કરવામાં આવે છે. ઘણાં કુટુંબો ગણેશચતુર્થી અને મહાશિવરાત્રી ઊજવે છે. ઘણાં ઘરોમાં દીકરીઓ ચોમાસામાં ગોરો, વટસાવિત્રી જેવાં વ્રતો કરે છે. આ બધાં વ્રત ઉપાસના નિશ્ચિત રીતે અન્યાશ્રય છે. તેનું શું કરવું? એનો વિચાર કરવો જોઈએ.

ચાલી આવતી આ પરંપરાઓ બંધ થવી જોઈએ. પરંતુ એ બંધ કરતાં આપણને ડર લાગે છે કે આ દેવ દેવીઓ આપણા ઉપર ખીજાશે અને આપણું અકલ્યાણ કરશે તો? આવો ડર રાખવાને કોઈ કારણ નથી. વાર્તાસાહિત્યમાંથી સમજાય છે કે બધા દેવ-દેવીઓ પ્રભુના સેવકો છે. સ્વામીની સેવા કરવા તૈયાર થનાર ઉપર સેવકો કદી કોપે નહિ. સેવકો તો પ્રસન્નતા અનુભવે. ભગવાનના ભક્ત ઉપર કોપીને કલ્યાણ કરવાનું સામર્થ્ય કોઈ દેવ-દેવીમાં નથી. પોતાના ભક્તનું અહિત ભગવાન કદી થવા દેતા

નથી. અંબરીષ રાજાના પ્રસંગમાં ભગવાને આ વાતનો વિશ્વાસ આપ્યો છે. દુર્વાસા મુનિ અંબરીષ ઉપર કોપ્યા ત્યારે દુર્વાસા મુનિ પાછળ ભગવાને પોતાનું સુદર્શન ચક્ર છોડી અંબરીષની રક્ષા કરી હતી. દેવ દેવીઓના ઉપાસક ઘણા મનુષ્યો એમના ઈષ્ટદેવની આજ્ઞાથી જ એમને છોડીને શ્રીમહાપ્રભુજીના શરણે આવેલા છે. જ્યારે આપણે તો વંશપરંપરાથી વૈષ્ણવ છીએ.

એક એવી દલીલ પણ થાય છે કે વર્ષોથી ચાલી આવતી રૂઢિઓ છોડી દેવી મુશ્કેલ પડે છે. એનો જવાબ એ છે કે આપણને જે અનુકૂળ નથી આવતું તે આપણે સહજમાં છોડી દઈએ છીએ. જેમ કે આપણો પોષાક, રહેણીકરણી, ભાષા, ભોજનની ટેવો, રાચરચીલું એમ ઘણું બધું આપણે બદલી નાંખ્યું છે. જો આ બધું બદલી શકાય તો દેવોપાસનાની ભૂલ ભરેલી રૂઢિઓ પણ જરૂર બદલી શકાય. એ બદલવામાં કોઈ સંકોચ કે ભય રાખવાનું કારણ નથી. પ્રભુમાં જો આપણો દૃઢ પ્રેમ હોય તો જ અન્યાશ્રય આપોઆપ છૂટી જાય.

એક ત્રીજો પ્રશ્ન ઘણીવાર આપણને નડે છે. દુનિયાના સંબંધે અન્ય કુટુંબોમાં યજ્ઞ, સત્યનારાયણની કથા જેવા પ્રસંગોએ જવાનું થાય, ત્યાં અન્ય દેવને નમસ્કાર કરવા, તેમના પ્રસાદનો સ્વીકાર કરવો, વગેરેથી કેવી રીતે બચવું?

આપણા વડીલોએ એના માટે સુંદર માર્ગ બતાવ્યો છે. ફરી એક વખત અન્યાશ્રયની પાયાની બાબત યાદ કરી લઈએ. પ્રભુ સિવાય કોઈની પાસે કંઈ પણ અપેક્ષા લઈને ચાહી ચલાવીને આપણે જઈએ તો જ તે કૃત્ય અન્યાશ્રય બને છે. આવી કોઈ અપેક્ષા ન હોય ત્યારે તે કૃત્ય અન્યાશ્રય બનતું નથી. શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે લૌકિક, વૈદિક કાર્યો તેમાં આસ્થા રાખ્યા વિના કરવાં, જેથી કરીને લોકનિંદાના આક્ષેપમાંથી બચી શકાય, અને આપણું મન લોકનિંદાથી વ્યગ્ર ન બને. આવા પ્રસંગોને લૌકિક પ્રસંગો સમજીને તેમાં આસ્થા રાખ્યા વિના માત્ર દેખાવ ખાતર જવાથી અન્યાશ્રય થતો નથી. ત્યાં નમન કરવાથી પણ

અન્યાશ્રય થતો નથી, કારણકે આપણું નમન સન્માનસૂચક છે. ત્યાં પ્રસાદ મળે તો હાથમાં તેનો આદરપૂર્વક સ્વીકાર કરવાથી અન્યાશ્રય થતો નથી. તે લેવાથી અન્યાશ્રય થાય. માટે અન્ય કોઇને તે પ્રસાદ આદરપૂર્વક આપી શકીએ છીએ. આમ અન્યાશ્રયના લૌકિક પ્રસંગોમાં વિવેક અને સમજપૂર્વક વર્તીને અન્યાશ્રયથી દૂર રહી શકાય છે.

ચોથો પ્રશ્ન છે લગ્ન, મૃત્યુ વખતે થતી ધાર્મિક વિધિઓમાં અન્યાશ્રયનો. શ્રીમહાપ્રભુજી વેદમાર્ગના પ્રતિપાલક છે. માટે આપશ્રીએ વેદની આજ્ઞા મુજબના ષોડશ સંસ્કારો સ્વીકાર્યા છે. તે સંસ્કારોમાં જન્મથી લઇને મૃત્યુ પછીની વિધિઓનો સમાવેશ થાય છે. આ બધી વિધિઓ શાસ્ત્રમાં બતાવેલા પ્રકારે જ કરવી જોઇએ. તેમાં આપણી બુદ્ધિ પ્રમાણે ફેરફાર કરી શકાય નહિ. લગ્ન, મૃત્યુ વગેરે પ્રસંગોએ જે વિધિ કરવામાં આવે છે તે બધી વેદની આજ્ઞા માનીને વૈષ્ણવોએ કરવાની છે. તેમાં અનાસક્તિ ભાવ રાખવાનો છે. ફળની કામના રાખવાથી અન્યાશ્રય થાય છે એ વાત સતત યાદ રાખવી. ફળની કામના વિના વેદઆજ્ઞાનું પાલન કરવાથી અન્યાશ્રય થતો નથી. આમ આ બધી વિધિ વૈદિક નિયમો પ્રમાણે જ કરવી. અન્ય રીતે નહિ. જેમ કે ગણેશ-સ્થાપનમાં શ્રીગણેશજીનું જ સ્થાપન થાય, શ્રીગણેશજીના સ્થાને શ્રીનાથજીનું સ્થાપન ન થાય.

આ પ્રમાણે અન્યાશ્રયના સમગ્ર સિદ્ધાંતનો આપણે વિચાર કરીને આપણો જીવનવ્યવહાર એવો બનાવવો જોઇએ કે તેમાં અન્યાશ્રયને કોઇ સ્થાન રહે નહિ. વિજ્ઞાનનો નિયમ છે કે કોઇ વાસણમાં પાણી રેડવામાં આવે તો જેટલા ભાગમાં પાણી ભેગું થાય એટલા ભાગમાંથી હવા બહાર ચાલી જાય. પાણી અને હવા સાથે રહી શકે નહિ. જેટલા ભાગમાંથી પાણી ખાલી કરો, એટલા ભાગમાં હવા ભરાઇ જાય. એવી જ રીતે મનમાં જો લૌકિક ઇચ્છાઓ અને સ્વાર્થોને રમતા રાખીએ તો અન્યાશ્રયમાં જરૂર જાણે-અજાણે ફસાઇ જવાય. પરંતુ મનમાંથી લૌકિક કામનાઓ દૂર કરીએ અને મનને પ્રભુના પ્રેમમાં ડુબાડીએ તો આપોઆપ અન્યાશ્રયમાંથી મુક્ત થવાય. એટલે અન્યાશ્રયને દૂર કરવા બે બાબતો જરૂરી છે. લૌકિક

ત્યાં પ્રસાદ
થતો નથી.
પૂર્વક આપી
સમજપૂર્વક

ન્યાશ્રયનો.
દની આજ્ઞા
લઈને મૃત્યુ
ાં બતાવેલા
ાકાય નહિ.
દની આજ્ઞા
છે. ફળની
વી. ફળની
આમ આ
કે ગણેશ-
ીનાથજીનું

યાર કરીને
શ્રયને કોઇ
ી રેડવામાં
ડવા બહાર
ભાગમાંથી
જ રીતે
ન્યાશ્રયમાં
નાઓ દૂર
ાશ્રયમાંથી
છે. લૌકિક

ઈચ્છાઓનો નાશ અને પ્રભુમાં વિશેષ પ્રેમ. આ બેના અભાવમાં જ અન્યાશ્રય થાય છે. એના પરિણામે આપણે પ્રભુથી બહિર્મુખ થઈએ છીએ. લૌકિકમાં પણ આપણા કોઇ સ્વજન પ્રત્યે આપણો પ્રેમ ઘટે એટલે આપણે તેનાથી દૂર થવા લાગીએ છીએ. પ્રેમ વધે તેમ તેની વધારે નજીક જઈએ. અન્યાશ્રય એ આપણા પ્રભુ પ્રત્યેના પ્રેમનું બેરોમીટર છે. પ્રભુમાં પ્રેમ વધે એટલે અન્યાશ્રય ઘટે. અન્યાશ્રય વધે એટલે પ્રભુમાં પ્રેમ ઘટે. માટે શ્રીમહાપ્રભુજીએ સ્વવંશ અને સ્વસેવકોને આજ્ઞા કરી કે બહિર્મુખ થવાથી તમે સંભાળજો. શ્રીદ્વારકેશજીએ બહિર્મુખતાના કારણોમાં પહેલું કારણ અન્યાશ્રયને ગણાવ્યું. કારણકે પ્રેમ પ્રભુના સાથેના વ્યવહારનો પાયો છે. તે ઘટશે તો પ્રભુથી બહિર્મુખ થવાશે.

અસમર્પિત ભોગ :

અન્યાશ્રય પછી બહિર્મુખતાનું બીજું કારણ છે **અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ**. તેના પાયામાં પણ આ જ બાબતો રહેલી છે. પ્રભુ પ્રત્યે પ્રેમ નથી અને લૌકિક સુખ પ્રત્યે ભારે પ્રેમ છે. તેને લઈને વૈષ્ણવો અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ કરવા લલચાય છે. આ સિદ્ધાંતને આપણે શ્રીમહાપ્રભુજી આદિનાં વચનોથી સમજીએ. અસમર્પિત એટલે પ્રભુને સમર્પણ કર્યા વિનાના પદાર્થો. આપણને પ્રશ્ન થાય કે જગતમાં શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, પત્ની, પુત્ર, કુટુંબ, ઘર, ધન વગેરે બધું આપણું છે. આપણા ભાગ્યથી મળેલું છે. આપણે કોઇનું કશું પડાવી લીધેલું નથી. જે આપણું છે તે આપણા માટે ભોગવીએ તેમાં શો વાંધો હોય? એમાં અનીતિ ક્યાંથી થાય? એનો જવાબ એ છે કે આપણે જેને આપણું માનીએ છીએ એ વાસ્તવમાં આપણું છે જ નહિ. દુનિયામાં દરેક મનુષ્ય ખાલી હાથે જન્મે છે અને ખાલી હાથે પાછો જાય છે. તેની ઈચ્છા પ્રમાણેનું શરીર, બુદ્ધિ વગેરે પણ તે મેળવી શકતો નથી. તેને જે કંઇ મળ્યું છે તે ભગવાને આપેલું છે. ભગવાને સર્વ કંઇ મનુષ્યને જગતમાં વાપરવા માટે આપ્યું છે અને સાચવવા માટે આપ્યું છે. તેથી જગતના બધા જ પદાર્થોની માલિકી કેવળ ભગવાનની છે. મનુષ્યની માલિકી નથી. આ વાત પાયાની છે.

આપણે કોઈ વેપારીને ત્યાં મુનિમ તરીકે નોકરી કરતા હોઈએ તો નોકરીના ભાગરૂપે તે વેપારીની લાખો રૂપિયાની રકમ આપણા કબજામાં હોય. તિજોરીની ચાવી આપણી પાસે રહેતી હોય, તેથી તે સંપત્તિ આપણી થઈ જતી નથી. આપણે તો તેના રખેવાળ છીએ. વેપારીના નોકર છીએ. બધી સંપત્તિના માલિક તો વેપારી છે. એટલે આપણે વેપારીની સંપત્તિને ઈચ્છા પ્રમાણે આપણા કે બીજા કોઈના ઉપયોગ માટે વાપરી શકતા નથી. વેપારીની આજ્ઞા પ્રમાણે જ તેની સંપત્તિ વાપરવાની આપણી ફરજ છે. તેનો હિસાબ પણ આપણે વેપારીને રોજરોજ આપવો પડે છે. તેમાં ભૂલચૂક થાય તો તેનો દંડ પણ ભોગવવો પડે. આપણી નોકરીના બદલામાં વેપારી આપણને જેટલો પગાર આપે તેટલી જ રકમના આપણે હકદાર હોઈએ છીએ. આવી જ રીતે મોટી બેંકના કેશિયર પાસે રોજ લાખો રૂપિયાની આવજા થતી જ હોય છે. બેંકની તિજોરીની ચાવી પણ તેની પાસે રહેતી હોય છે, છતાં તેમાંથી તે એક રૂપિયો પણ પોતાની ઈચ્છા પ્રમાણે લઈ શકતો નથી.

બીજા શબ્દોમાં કહીએ તો આજના સમયમાં સંસ્થાના સારા વહીવટ માટે ટ્રસ્ટ કરવાનો વ્યવહાર છે. ટ્રસ્ટના ટ્રસ્ટી, ટ્રસ્ટની રકમ પોતાના ઉપયોગ માટે વાપરી શકતા નથી. જે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટ કરવામાં આવ્યું હોય તે પ્રવૃત્તિઓના ખર્ચ માટે ટ્રસ્ટીને ટ્રસ્ટની રકમ વાપરવાની સત્તા હોય છે. તેમાં પણ ટ્રસ્ટીએ વિવેક, કરકસર, ચોકસાઈ રાખવાનાં હોય છે અને હિસાબો ઓડીટ કરાવવાં પડે છે, જેથી તે ગમે તેમ ટ્રસ્ટની રકમ વાપરી ન નાંખે.

આવું જ આપણા જીવન માટે પણ છે. આ મનુષ્યદેહ, જીવન અને સંપત્તિ વગેરે પ્રભુના છે અને પ્રભુએ આપણને આપ્યાં છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જુદા જુદા જીવોનાં જીવન જુદા જુદા હેતુઓ માટે ભગવાને નક્કી કર્યાં છે. જે પ્રવાહી જીવો છે તેમનાં જીવન જન્મ-મરણના ફેરામાં દુઃખ ભોગવતાં જીવવા માટે છે. મર્યાદા જીવોનાં જીવન જ્ઞાન, કર્મ જેવા માર્ગો દ્વારા આલોક અને પરલોકના મોક્ષ પર્યન્તનાં સુખો મેળવવા

હોઇએ તો
ા કબજામાં
ત્તિ આપણી
ોકર છીએ.
ી સંપત્તિને
ાકતા નથી.
. ફરજ છે.
માં ભૂલચૂક
ામાં વેપારી
ાર હોઇએ
રૂપિયાની
ાસે રહેતી
ામાણે લઇ

રા વહીવટ
ા પોતાના
માં આવ્યું
ાની સત્તા
ાં હોય છે
ની રકમ

વન અને
હાપ્રભુજી
ઓ માટે
-મરણના
ાન, કર્મ
મેળવવા

માટે છે. જ્યારે પુષ્ટિજીવોનાં જીવન એકમાત્ર પ્રભુના સ્વરૂપની સેવા કરવા માટે છે. પુષ્ટિ જીવોનાં જીવનનો આ સિવાય કોઇપણ સમયે કોઈપણ સ્થળે બીજો હેતુ નથી. એનું કારણ એ કે પુષ્ટિ જીવો ભગવાનના શ્રીઅંગમાંથી પ્રગટ થયા છે. ભગવાને તેમને પોતાની સેવા માટે જ પ્રગટ કર્યાં છે. ભગવાનને તેમની પાસે એવી અપેક્ષા છે કે તેઓ ભગવાનની સેવા કરી, ભગવાનનું સુખ સાચવે, ભગવાનને પરિશ્રમ ન થવા દે. ભગવાને પોતાની સેવાના ઉપયોગ માટે તેમને શરીરથી લઈને બધી સંપત્તિ આપેલી છે. એટલે પુષ્ટિ જીવોની સંપત્તિ ભગવત્‌સેવા માટે છે. પુષ્ટિ જીવો ભગવાનના દાસ છે અને ભગવાન તેમના સ્વામી છે. તેથી પુષ્ટિ જીવો ભગવાને આપેલી સંપત્તિના ટ્રસ્ટી છે, માલિક નથી. ટ્રસ્ટી તરીકે તેમની ફરજ છે કે તેમને મળેલી સંપત્તિ દ્વારા પ્રભુની એવી રીતે તન, મન, ધનથી તેમણે સેવા કરવી જોઇએ કે જેથી પ્રભુની પ્રસન્નતા થાય અને તે સંપત્તિ પ્રભુના સુખ માટે જ વપરાય. પ્રભુના સુખ સિવાય અન્ય કોઇપણ હેતુ માટે આ સંપત્તિ વાપરવાનો પુષ્ટિજીવોને કોઇ અધિકાર નથી. માટે પ્રવાહી જીવો અને મર્યાદા જીવો તેમને મળેલી સંપત્તિનો ગમે તેમ ઉપયોગ ભલે કરતા હોય, પરંતુ પુષ્ટિજીવોથી મન ફાવે તેવો ઉપયોગ થઇ શકે નહિ. પુષ્ટિજીવોએ પોતાને જે કંઇ મળ્યું છે તે બધું ભગવાનને સમર્પિત કરવું જોઇએ. જેમ શેઠ નોકરના યોગક્ષેમની ફિકર કરે છે અને પોતાની વાપરેલી વસ્તુઓ નોકરના ઉપયોગ માટે આપે છે, તેમ પુષ્ટિજીવોએ પણ સર્વ કંઇ ભગવાનને સમર્પિત કરીને તે બધી વસ્તુઓ ભગવાનના પ્રસાદરૂપે વાપરવી જોઇએ. જેમ નોકર શેઠની વસ્તુઓ શેઠની વાપરતાં પહેલાં પોતે વાપરે તો ગુનેગાર બને છે તેમ પુષ્ટિજીવો પ્રભુને સમર્પિત કર્યા વિના અસમર્પિત વસ્તુઓ પોતાના ઉપયોગમાં વાપરે તો તે પ્રભુનો અપરાધી બને છે.

આપણને પ્રશ્ન થશે કે આ વાત આજ સુધી આપણી સમજમાં કેમ નહોતી આવી? એનો જવાબ એ છે કે આપણે હજારો વર્ષોથી સંસારસાગરમાં એવા ભટકતા થઇ ગયા હતા કે આપણું મૂળ સ્વરૂપ શું છે

તે સાવ ભૂલી ગયા હતા. આપણી ફરજ પણ વીસરી ગયા હતા. તેને લઈને આપણામાં અવિદ્યા ઘર કરી ગઈ હતી. અવિદ્યાને કારણે આપણામાં અહંતા અને મમતા આવ્યા. અહંતાને લઈને આપણે એવી ગેરસમજ કરી કે આ બધું મારી માલિકીનું છે. અહંતા, મમતાના કારણે આપણે પ્રભુથી ઘણા દૂર ચાલ્યા ગયા. પરિણામે પ્રભુ પ્રત્યેની આપણી ફરજ અને આપણો દાસભાવ ભુલાઈ જવાથી આપણે પણ બીજા પ્રવાહી જીવોના જેવા બની ગયા. એક ખોટું કામ ઘણા લાંબા સમય સુધી થતું રહે તો પછી એ ખોટું કામ કરવાની માણસને ટેવ પડી જાય છે. તેને એમ જ લાગે છે કે હું જે કામ કરું છું તે સાચું છે, યોગ્ય છે, તેમાં કશું ખોટું નથી. આને લઈને તેને પોતાની ભૂલ સમજાતી નથી. માણસને પોતાની ભૂલ સમજાય એને પણ પ્રભુની કૃપા જાણવી. પ્રભુ કૃપા કરે ત્યારે જ માણસની અવિદ્યા જાય અને વિદ્યા આવે.

શ્રીમહાપ્રભુજીએ આપણા ઉપર કૃપા કરી. આપણું સ્વરૂપ આપણને સમજાવ્યું. આપણી સાચી ફરજનું આપણને ભાન કરાવ્યું. પ્રભુ સાથેનો હજારો વર્ષોથી કપાઈ ગયેલો દાસભાવનો મૂળ સંબંધ બ્રહ્મસંબંધ દ્વારા ફરી જોડી આપ્યો. શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે તેમ જીવ દોષોથી ભરેલો છે, પરંતુ પ્રભુ નિર્દોષ છે. નિર્દોષ પ્રભુ સાથે સંબંધ જોડવા માટે જીવને પણ નિર્દોષ બનવું જરૂરી છે. પરંતુ જીવ તેની બુદ્ધિ અને શક્તિથી દોષો દૂર કરીને નિર્દોષ બની શકતો નથી. જેમ કોરું કપડું એની જાતે ભીનું થઈ શકતું નથી. કોરા કપડાને ભીનું કરવું હોય તો તેને ભીના કપડાની સાથે રાખવું પડે. ભીનાં કપડાંના ભેજથી કોરું કપડું ભીનું થાય. માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે જયારે જીવ બ્રહ્મસંબંધ કરે છે ત્યારે પ્રભુ સાથે ફરીથી જોડાતાં પ્રભુના નિર્દોષ સ્વરૂપના સામર્થ્યથી જીવના બધા દોષો નિવૃત્ત થાય છે. જીવ પ્રભુનો દાસ બની પ્રભુની સેવા માટે તે લાયક બને છે. શ્રીમહાપ્રભુજીએ એમ પણ સમજાવ્યું કે સહજ, સંયોગજ, સ્પર્શજ, દેશજ અને કાલજ એવા પાંચ પ્રકારના દોષોથી જીવ ઘેરાયેલો હતો. બ્રહ્મસંબંધ થતાં આ પાંચ દોષોની નિવૃત્તિ થાય છે, પણ નાશ થતો નથી.

‘‘પાણી ભરેલા તળાવમાં પાણીની ઉપર લીલનું પડ જામી ગયું હોય ત્યારે તેની નીચેનું શુદ્ધ પાણી દેખાતું નથી. પાણી પીનાર મનુષ્ય તેના હાથથી લીલનું પડ દૂર કરે ત્યારે તેને શુદ્ધ પાણી મળે છે. માણસ લીલને દૂર કરવાનું અટકાવી દે અને ત્યાંથી ખસી જાય એટલે બાજુમાં ખસેડેલી લીલ પાછી પાણી ઉપર છવાઇ જાય છે. તેમ બ્રહ્મસંબંધથી આપણામાં રહેલા દોષોને શ્રીમહાપ્રભુજીએ દૂર ખસેડી દીધા, પરંતુ જો આપણે સેવામય સમર્પિત જીવન જીવી શકીએ નહિ તો તે બધા દોષો પાછા આપણને ઘેરી લે છે. બ્રહ્મસંબંધની દીક્ષા વખતે આપણે પ્રભુને આત્મનિવેદન કર્યું હતું. પ્રભુ સામે, આપણું કહેવાતું બધું તેમને સમર્પણ કરવાની આપણે પ્રતિજ્ઞા લીધી હતી. એ મૌખિક પ્રતિજ્ઞાનું પાલન કરવું એનું નામ સમર્પિત જીવન. એનું પાલન ન કરવું તે અસમર્પિત જીવન. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધ લીધા પછી, વૈષ્ણવોએ અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ.

આપણને પ્રશ્ન થશે કે ભગવાનને અર્પણ કરવું અને સમર્પણ કરવું એ બંને એક જ કે તેમાં કોઇ તફાવત ખરો? તેનો જવાબ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાંત-રહસ્ય ગ્રંથમાં આપ્યો છે. દુનિયામાં આપણી માલિકીની કોઇપણ વસ્તુ આપણે જ્યારે કાયમને માટે બીજાને આપી દઇએ ત્યારે તેના ઉપરથી આપણી સત્તા છોડી દઇએ છીએ. પછી તેની સત્તા તેને સ્વીકારનારની રહે છે. તેને દાન કહેવામાં આવે છે. તેનો નિયમ એ છે કે દાનમાં આપેલું પાછું લેવાય નહિ અને આપણા ઉપયોગમાં વપરાય પણ નહિ.

આવું દાન જ્યારે કોઇ દેવ-દેવીને કરવામાં આવે ત્યારે તેને અર્પણ કહેવામાં આવે છે. જે નિયમ દાન માટે છે તે જ નિયમ અર્પણ માટે પણ છે. દેવને અર્પણ કરેલી વસ્તુ દેવની માલિકીની બને છે. એટલે તેને **દેવદ્રવ્ય** કહેવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપયોગ આપણાથી કરી શકાય નહિ. જેમ કે આપણે આપણા ઘરનાં પાણિયારામાં અથવા પૂજાના સ્થાનમાં સાંજે ઘીનો દીવો કરીએ તે જ વખતે ઘરની લાઇટો જાય, કોઇ માણસ અગત્યના સંદેશાની ચિઠ્ઠી લઇને આવે, જલદી જવાબ આપવાનો હોય, તે

સ્થિતિમાં ઘીના દીવાના અજવાળે ચિઠ્ઠી વાંચીએ તો તે દેવદ્રવ્યનો ઉપયોગ કર્યો કહેવાય, કારણકે તે દીવો દેવને અર્પણ કર્યો હતો. એટલે આપણા ઉપયોગ માટે તે દીવાનો પ્રકાશ કામમાં લઇ શકાય નહિ. આને અર્પણ કહે છે. દેવદ્રવ્ય પોતાના ઉપયોગમાં વાપરનારને શાસ્ત્રો દેવલક કહે છે. તેને દેવનો ઘોર અપરાધી ગણવામાં આવે છે. જેમ અંત્યજને સ્પર્શ કરવાથી સ્નાન કરવું પડે, તેમ આવા દેવલકને સ્પર્શ કરવાથી સ્નાન કરવું પડે એવું શાસ્ત્રોએ કહ્યું છે.

આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે, શ્રીઠાકોરજીએ આપણને જે આપ્યું છે તે આપણી માલિકીનું નથી, એટલે આપણે તે વસ્તુઓ શ્રીઠાકોરજીને અર્પણ કરી શકતા નથી. દાન અને અર્પણ પોતાની માલિકીનાં હોય તો જ થઇ શકે. બીજાની માલિકીની ચીજ-વસ્તુઓનું દાન કે અર્પણ કરવાનો આપણને કોઇ હક્ક હોય નહિ. આથી શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવ્યું કે હે વૈષ્ણવો! તમે જ્યારે બ્રહ્મસંબંધ લીધું છે, ભગવાનની સમક્ષ તમે આત્મનિવેદન કર્યું કે મારું ન હોવા છતાં હું જેને મારું માનતો હતો, તે બધું તમારું છે, તેથી હું તમને તે બધું પાછું સોંપું છું, એટલે કે સમર્પણ કરું છું. શેઠની મિલકત સાચવવી અને શેઠને પાછી સોંપવી તથા શેઠના ઉપયોગ માટે વાપરવી, એ નોકરનું શેઠ તરફનું સમર્પણ છે, અર્પણ નથી. આવું સમર્પણ કરનાર સેવકને શેઠની વાપરેલી વસ્તુઓ તેના ઉપયોગમાં વાપરવાનો અધિકાર મળે છે. તે દેવદ્રવ્ય બનતું નથી. એટલે પ્રભુને સમર્પિત કરીને તે પ્રસાદની વસ્તુઓથી જીવનનિર્વાહ કરવાથી તેમાં દેવદ્રવ્યનો દોષ લાગતો નથી.

શ્રીમહાપ્રભુજીએ આ પ્રમાણે દાન, અર્પણ અને સમર્પણ પાછળ રહેલો સૂક્ષ્મ વિચાર સમજાવ્યો. પછી આપ આજ્ઞા કરે છે કે પુષ્ટિમાંર્ગીય વૈષ્ણવોએ હંમેશા બધું પ્રભુને સમર્પીને તેના ઉપયોગ દ્વારા જીવન જીવવું. આવું સર્વ સમર્પણ કરવાની રીત પણ શ્રીમહાપ્રભુજીએ બતાવી છે. જેવી રીતે પોતાના માલિકને સમર્પિત થઇને નોકર તેનું જીવન જીવે, તેવી રીતે આપણા સ્વામી પ્રભુને સમર્પિત થઇને આપણે દાસભાવથી આપણું જીવન જીવવાનું

છે. આવું સમર્પિત જીવન જીવવા માટે શ્રીમહાપ્રભુજીએ સેવાનો પ્રકાર આપ્યો. આજે પણ ઘણા વૈષ્ણવો સેવા તો કરે છે, પરંતુ સંપૂર્ણ સમર્પિત જીવન જીવતા નથી. સેવા કરવા છતાં જાણે અજાણે તેઓ ઘણી અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે. વૈષ્ણવો એમ સમજે છે કે શ્રીઠાકોરજીને ભોગ ધર્યા પછી, પ્રાપ્ત થતો પ્રસાદ લેવાથી, સમર્પિત જીવન જીવાય છે. આ સમજ અડધી સાચી છે, પરંતુ પૂરી સાચી નથી. કારણકે જીવન જીવવા માટે કેવળ ભોજન જ ઉપયોગમાં આવે છે એવું નથી. ઘર, રાચરચીલું, કપડાં, જીવનના વ્યવહારો, એમ ઘણી બધી બાબતો જીવન જીવવા માટે જરૂરી બને છે. આ બધું આપણે આપણાં શ્રીઠાકોરજીને અંગીકાર કરાવેલું હોતું નથી. એટલા પૂરતું આપણું જીવન અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ કરનારું રહે છે અને તેને લઈને આપણે આપણા ઠાકોરજીથી બહિર્મુખ થઈએ છીએ એમ શ્રીમહાપ્રભુજી **'શિક્ષાશ્લોકી'** ગ્રંથમાં કહેવા માગે છે.

સમર્પિત જીવન જીવવા માટે વિચાર, વાણી અને કાર્ય ત્રણે જરૂરી છે. આપણા જીવનની નાનામાં નાની ક્રિયા પ્રભુના માટે થાય, પ્રભુના સુખના વિચારથી થાય ત્યારે તે સમર્પિત જીવન બને છે. એ જ અર્થમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **'કૃષ્ણસેવા સદા કાર્યા'**. રાત-દિવસ સતત, જીવન શ્રીકૃષ્ણની સેવામય બનવું જોઈએ. જેમ કે સવારે દંતધાવન કરીએ તેની પાછળ આપણા સુખનો વિચાર ન હોય, પણ પ્રભુના સુખનો હોય, મારા પ્રભુને મારા મોંની દુર્ગંધ ન આવે. શૌચ જેવી ક્રિયા પાછળ પણ એવો જ ભાવ હોય કે શરીરની સ્વસ્થતાથી પ્રભુને શ્રમ ન થાય. ઘરમાં સ્વચ્છતા, સુઘડતા અને સુંદરતા બનાવતાં પણ એવો જ ભાવ હોય, કે આ ઘર મારા પ્રભુનું છે, અહીં ખેલવામાં એમની પ્રસન્નતા થાય માટે હું ઘરની સફાઇ કરું છું. પ્રસાદ લેતાં પણ એવી ભાવના મનમાં રમવી જોઇએ કે શરીર તંદુરસ્ત હશે તો પ્રભુની સેવા સારી રીતે થશે. રાત્રે પૂરતી ઊંઘ લેવા પાછળ પણ પ્રભુના સુખની આવી ભાવના હોવી જોઇએ. આજીવિકા કમાવવાની હોય, પ્રવાસ કરવાનો હોય. લગ્ન કરવાનું હોય, કુટુંબજીવન ચલાવવાનું હોય. સગાસંબંધીને મળવા જવાનું હોય, લગ્ન કે

શ્રાદ્ધ જેવા પ્રસંગો ઉકેલવાનાં હોય. જીવનની આવી બધી સ્થિતિમાં પ્રભુના સુખનો વિચાર અને ભાવના સેવવાથી, આપણું જીવન પ્રભુને સમર્પિત બને છે. આમાંની કોઈપણ બાબત આપણા માટે કરીએ છીએ એવો ભાવ આવવાથી, એટલું અસમર્પિત થાય છે.

શ્રીમહાપ્રભુજીએ એમ પણ સમજાવ્યું કે તમારો ગૃહસ્થાશ્રમ ચલાવવા તમે જે કંઈ કરો તે પહેલાં તમારા ઠાકોરજીને અંગીકાર કરાવો. પછી તે કપડાં હોય, દાગીના હોય, કે ફર્નિચર હોય. લગ્ન આદિ પ્રસંગ માટે પણ પ્રભુની આજ્ઞા લઈને, ઓછામાં ઓછું, જરૂરી હોય એટલું જ દ્રવ્ય વાપરો. આમ, જીવનની દરેક ક્ષણ, દરેક કાર્ય, દરેક સ્થિતિ અને દરેક વિચાર સમર્પણના ભાવથી થવો જોઈએ. આમાં જ્યાં જ્યાં ચૂકી જવાય ત્યાં ત્યાં અસમર્પિતનો દોષ લાગે છે. એના પરિણામ સ્વરૂપે આગળ ગણાવ્યા તે પાંચ દોષ પાછા આપણી ઈન્દ્રિયો તથા મનબુદ્ધિમાં આવીને બેસી જાય છે, જે આપણને બહિર્મુખ બનાવે છે.

શ્રીભાગવતમાં પરીક્ષિત રાજાનો પ્રસંગ છે. એક વખત કલિયુગે પરીક્ષિત રાજાને ઘણી આજીજી કરી કે મને તમારા રાજ્યમાં રહેવા થોડી જગ્યા આપો. રાજાએ દયાથી પ્રેરાઈને કહ્યું : 'જ્યાં શરીર અને મનની અશુદ્ધિ દેખાય ત્યાં તું રહેજે.' એક વખત પરીક્ષિત રાજા મળત્યાગ કરીને હાથ-પગ ધોતા હતા, ત્યારે તેમની એડીનો થોડોક ભાગ અજાણતામ ધોવાયા વિના કોરો રહી ગયો. કલિયુગ અશુદ્ધિની રાહ જોતો હતો પરીક્ષિત રાજાના અશુદ્ધ રહેલા શરીરના એ ભાગમાંથી તે રાજાના મનમ પ્રવેશ્યો. જે પરીક્ષિત રાજા ભગવદ્‌ભક્તના વંશમાં ભગવત્‌કૃપાથી જન્મ્ય હતા, જેમની રક્ષા સ્વયં ભગવાને માતાના ગર્ભમાં કરી હતી, એવા પરીક્ષિત રાજા આટલી નાની સરખી અસાવધાનીને લઈને કલિયુગના શિકાર બન્યા એના પરિણામે તેમણે શમિક ઋષિના ગળામાં સાપ નાંખીને ઋષિને ભારે અપરાધ કર્યો. તેનું ફળ તેમને ભોગવવું પડ્યું. આવી જ રી અસમર્પિતના ઉપયોગથી શરીર, મન, ઈન્દ્રિયો વગેરે અશુદ્ધ બનતાં તેને દોષ ભોગવવો પડે છે.

આપણા વાર્તા સાહિત્યમાં એવો એક પ્રસંગ છે. શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર સેવક રૂપાપોળિયા થઇ ગયા. તેમને શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીના મંદિરની રાતે ચોકી કરવાની સેવા સોંપી હતી. તેમની સેવાથી શ્રીનાથજી સ્વયં તેમના ઉપર એટલા પ્રસન્ન હતા કે રૂપાપોળિયાને ગાતાં નહોતું આવડતું, છતાં રૂપા બેસૂરા રાગે કીર્તન ગાય ત્યારે જ શ્રીજીબાવાને નિદ્રા આવતી. આવા રૂપા પોળિયાના હાથે એક દિવસ અસાવધાનીમાં એક નાનો-સરખો દોષ થઈ ગયો. શ્રીનાથજીના ભીતરિયાએ રૂપાને કહ્યું : 'રૂપાજી, ભંડારી બહાર ગયા લાગે છે. અંદર સામગ્રી કરવા તાત્કાલિક ઘીની જરૂર છે. ભંડારમાંથી મને ઘી આપો.' રૂપાએ ઘી આપ્યું, પછી માટી લઇને હાથ બરાબર ધોઇ નાંખ્યા. રાજભોગનાં દર્શન કરી તેઓ તેમની ઝૂંપડીએ ગયા. ત્યાં દાળ-રોટી બનાવી, ધજાજીને ભોગ ધરી, પ્રસાદ લેવા બેઠા. ગરમ દાળમાં હાથ બોળી તેમણે પ્રસાદ લીધો. અજાણતામાં શ્રીનાથજીને આરોગવાના ઘીનો એક અતિ સૂક્ષ્મ કણ તેમના જમણા હાથના અંગૂઠાના નખમાં ચોંટી રહ્યો હતો. તે ગરમ દાળમાં પીગળી ગયો. એટલો સૂક્ષ્મ અસમર્પિત કણ તેમના પેટમાં ગયો અને તે પણ તદ્દન અજાણતાથી. તેનું પરિણામ તેમને ભોગવવું પડ્યું. વાર્તાસાહિત્યના બતાવ્યા પ્રમાણે તેમને બીજો જન્મ શ્વાન યોનિમાં લેવો પડ્યો. આ ઉપરથી આપણને સમજાશે કે આસમર્પિત વસ્તુઓનો ઉપયોગ આપણને કેટલો બાધક છે! શ્રીઠાકોરજીથી આપણને કેવા બહિર્મુખ કરે છે.

અસમર્પિતનો ત્યાગ કરવાની આજ્ઞા કેવળ શ્રીમહાપ્રભુજીએ જ કરી છે એવું નથી. ગીતાજી અને ભાગવતજીમાં ભગવાને આ આજ્ઞા કરેલી છે. ભગવાન કહે છે : 'જેઓ સ્ત્રી, ઘર, પુત્ર, સંબંધીજનો, પ્રાણ, ધન, આલોક અને પરલોક બધું છોડીને મારે શરણે આવ્યા છે તેમને છોડવાનું મન હું કેવી રીતે કરું?' ભગવાને એમ પણ આજ્ઞા કરી કે મન, વાણી, ક્રિયા, ઈન્દ્રિયો, બુદ્ધિ અને સ્વભાવથી જીવ જે જે કરે તે બધું તેણે પૂર્ણ પુરુષોત્તમને સમર્પિત કરવું જોઇએ. જે વસ્તુ દુનિયામાં ઉત્તમ ગણાતી હોય અને જે મનુષ્યને અતિ પ્રિય હોય, તે બધું ભગવાનને નિવેદન કરવાથી એનું અનંત ફળ જીવને પ્રાપ્ત થાય છે. આથી, શ્રીદયારામભાઇએ

પણ કહ્યું કે : 'અન્યાશ્રય અસમર્પિત એ બે મોટા દુસ્તર રોગ, સર્વ વસ્તુ શ્રીનાથને અર્પી ઉચ્છિષ્ઠ કરવો ભોગ'... ગીતાજીમાં પણ ભગવાને આજ્ઞા કરી કે હે અર્જુન! તું જે કંઇપણ કરે પછી તે ભોજન હોય, હવન હોય કે તપશ્ચર્યા હોય, તે બધું જ મને સમર્પણ કર, તેમ કરવાથી તારાં કર્મો તને કોઇ રીતે બાધા કરશે નહિ. તું જીવનમુક્ત બની શકીશ. ભગવાને અર્જુનને એવી પણ આજ્ઞા કરી કે સામગ્રી સિદ્ધ કર્યા પછી યજ્ઞપુરુષ એવા મને સમર્પણ કરીને તું ભોજન કર, તો તે પ્રસાદ તારા માટે અમૃતરૂપ બની જશે. તેનાથી તું સર્વ દોષોથી મુક્ત થઇશ. જે લોકો પોતાને માટે રાંધે છે અને ભોજન કરે છે તે લોકો પાપનું ભક્ષણ કરે છે, તેઓ તેમનાં પાપ વધારે છે. તેમના શરીરના અણુએ અણુ પ્રાકૃત બની જાય છે. તેમની અધોગતિ થાય છે. માટે ભગવાને અર્જુનને સમજાવ્યું કે કોઇપણ મનુષ્ય પ્રેમપૂર્વક મને પત્ર, પુષ્પ, ફળ અથવા જળ અંગીકાર કરાવે છે તે શુદ્ધબુદ્ધિવાળા મનુષ્યે ભક્તિપૂર્વક અર્પણ કરેલા પદાર્થો હું અંગીકાર કરું છું અને આરોગું છું, કારણકે હું સર્વ યજ્ઞોનો ભોક્તા છું. પરંતુ મારું સ્વરૂપ ન જાણતાં અજ્ઞાની લોકો આ સત્યને સમજતા નથી.

શ્રીગુસાંઇજીએ પણ '**શ્રીવલ્લભાષ્ટક**'માં આવી જ આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગમાં રહેલો કોઇપણ સેવક કોઇપણ યોગ્ય વસ્તુ, કોઇપણ પ્રકારે પ્રભુને અંગીકાર કરાવે છે તો તે વસ્તુને પ્રભુ અત્યંત પ્રસન્નતાથી પોતાના હસ્તમાં લઇને મુખમાં મૂકે છે. શ્રીભાગવતજીમાં ભગવાને ઉદ્ધવજીને એકાદશ સ્કંધમાં આજ્ઞા કરી કે હે ઉદ્ધવ! માત્ર ભોજન જ નહિ, પણ પુષ્પમાળા અને અન્ય માળાઓ, સુગંધ, કપડાં, અલંકાર, ભોજન વગેરે બધું મને અંગીકાર કરાવી, મારા પ્રસાદ તરીકે વાપરવાથી, એ સૌ મારા દાસપદને પામે છે અને મારી માયાને જીતી લે છે. માટે પોતાનું કલ્યાણ ઇચ્છનાર જીવે સદા અસમર્પિતનો ત્યાગ કરવો જોઇએ. ગીતાજીના ત્રીજા અધ્યાયમાં એમ કહેવામાં આવ્યું કે પ્રભુ તરફથી મળેલ ભોગ વસ્તુઓ પ્રભુને સમર્પણ કર્યા સિવાય જે મનુષ્ય ભોગવે છે તે ચોર છે. જીવ જે ભાવથી મને ભજે છે તે ભાવથી હું તેનો બનીને રહું છું. આથી, ઉપનિષદોએ કહ્યું : યજ્ઞપુરુષનું યજ્ઞથી યજન કરવું એ સનાતન ધર્મ છે. પૃથ્વીએ ઉત્પન્ન કરેલી યજ્ઞસામગ્રીઓ યજ્ઞ દ્વારા

ગ, સર્વ વસ્તુ
ગવાને આજ્ઞા
કવન હોય કે
રાં કર્મો તને
ાને અર્જુનને
ા એવા મને
મૃતરૂપ બની
માટે રાંધે છે
તેમનાં પાપ
છે. તેમની
પણ મનુષ્ય
રાવે છે તે
ગીકાર કરું
પરંતુ મારું

જ્ઞા કરી કે
કારે પ્રભુને
ના હસ્તમાં
દશ સ્કંધમાં
અને અન્ય
ાર કરાવી,
અને મારી
સમર્પિતનો
આવ્યું કે
જે મનુષ્ય
ા હું તેનો
જન કરવું
યજ્ઞ દ્વારા

ભગવાનને અર્પણ કરવાથી, જગતરૂપી વૃક્ષ પ્રફુલ્લિત બને છે. આથી શ્રીમહાપ્રભુજીએ યજ્ઞ માટે સેવાનો સુંદર પ્રકાર બતાવ્યો.

વેદની એક શ્રુતિ એમ પણ કહે છે કે મારાં અંગો અને બધી ઇન્દ્રિયો તૃપ્ત થાવ. પરબ્રહ્મ પરમાત્માનો હું ત્યાગ ન કરુ. તે મારો ત્યાગ ન કરે. તેમનામાં અનુરાગવાળા મારા બધા ધર્મો હજો. જે ધર્મો ઉપનિષદમાં કહેવાયા છે. અર્થાત્ પ્રભુને અંગીકાર કરાવી તેમની પ્રસાદી વસ્તુઓથી હું તૃપ્ત બનું અને પ્રભુમાં અનુરાગવાળો બનું. શ્રીગુસાંઇજીએ શ્રીઠાકોરજીને સંબોધીને વિનંતી કરી કે હે કમળલોચન! જે કંઇ પદાર્થો અમારી પાસે છે તે તમામનો આપે અંગીકાર કરવાનો છે. અમારી પાસે છે તે બધું આપનું છે. આપના સુખ માટે છે. માટે જો આપ તેનો અંગીકાર નહિ કરો તો આ માર્ગની મર્યાદા નષ્ટ થઇ જશે.

આમ સર્વ શાસ્ત્રોએ પણ સમર્પિત જીવન જીવવાનો સિદ્ધાંત સમજાવ્યો છે. તેમાં ચૂક કરવાથી કેવું પરિણામ આવે તે સુદામાજીના પ્રસંગમાંથી જાણી શકાય છે.

ગરીબ બ્રાહ્મણના પુત્ર સુદામા, સાંદીપનિ ઋષિના આશ્રમમાં અભ્યાસ કરતા હતા, ત્યારે શ્રીકૃષ્ણ તેમના સહાધ્યાયી હતા. એક વખત ગુરુપત્નીએ આશ્રમનાં બાળકોને બળતણ માટે લાકડાં વીણવા મોકલ્યાં હતાં. પાછા ફરતા મોડું થઇ જાય તો રસ્તામાં નાસ્તા માટે સૌને ભાથું બાંધી આપ્યું હતું. ગુરુપત્નીએ શ્રીકૃષ્ણ, શ્રીબળદેવ અને સુદામાનું ભાથું એક પોટલીમાં બાંધી સુદામાને સોંપ્યું હતું. લાકડાં વીણવા વનમાં દૂર ગયા પછી અનાયાસ વાદળો ચઢી આવ્યાં, ઘનઘોર અંધારું થયું, મુશળધાર વરસાદ તૂટી પડ્યો. ત્યારે સૌ પોતપોતાની રીતે બચવા માટે આજુબાજુના ઝાડ પર ચઢી ગયા. સુદામા એક વૃક્ષ પર ચઢી ગયા. તેમણે શ્રીકૃષ્ણ બળદેવને શોધવા ઘણી બૂમો પાડી, પણ જવાબ ન મળ્યો. વરસાદ બંધ રહેતો નહોતો. સુદામાને કકડીને ભૂખ લાગી હતી, તેમણે ફરી શ્રીકૃષ્ણ બળદેવને બૂમો પાડી, પણ જવાબ મળ્યો નહિ. તેમણે વિચાર કર્યો મારા ભાગનો જે નાસ્તો છે, તે હું કરી લઉં. મારાથી રહેવાતું નથી. તે વખતે તેમને એવો વિચાર ન આવ્યો

કે શ્રીકૃષ્ણ બળદેવ પણ ઘણાં ભૂખ્યા થયા હશે. તેમને મૂકીને મારાથી પેટ ન ભરાય. સુદામાએ પોતાના ભાગનો નાસ્તો કરી લીધો. પ્રભુને અંગીકાર કરાવ્યા વિના અસમર્પિત ખાધું. તેના પરિણામ સ્વરૂપે તેમને લાંબા સમય માટે ગરીબી ભોગવવી પડી. જ્યારે તેઓ મૂઠી તાંદુલ લઈને દ્વારિકા ગયા અને ભગવાને તે અંગીકાર કર્યા, ત્યારે તેમનો અસમર્પિત ભોજનનો દોષ નિવૃત્ત થયો. પછી તેમને સમૃદ્ધિ પ્રાપ્ત થઈ.

આ પ્રસંગ આપણને ઘણું કહી જાય છે. આપણે પણ અસમર્પિત ભોગથી બચીશું નહિ તો સંસારસાગરનો કાલપ્રવાહ આપણને ખેંચી જશે.

આજે આપણે જોઈએ છીએ કે લોકોને જ્યાં ત્યાં, જેવું તેવું ખાવાની કુટેવ પડી હોય છે. તે ખાવામાં સ્થળ કે સમયનો વિવેક પણ હોતો નથી. જેમ ભૂંડ ગંદકી ખાય, તેમ માણસ પણ હરતાં-ફરતાં દિવસ-રાત ગમે ત્યારે ગમે તેવું ખાય છે. જરૂર કરતાં પણ વધારે ખાય છે. તેના વિના તેને ચેન પડતું નથી. આજનું આરોગ્યશાસ્ત્ર પણ આ સામે લાલબત્તી ધરે છે. આરોગ્યશાસ્ત્ર સમજાવે છે કે માણસ જે ખાય છે તે પચીને તેનું લોહી બને છે. લોહીમાંથી વીર્ય બને છે. વીર્ય માણસની જીવનશક્તિ છે. તેને લઈને માણસ સારી રીતે તંદુરસ્ત જીવન જીવી શકે છે. ભોજનના ગુણો અને અવગુણો માણસના લોહીમાં અને લોહી દ્વારા વીર્યમાં આવે છે. તેને લઈને માણસ સારો કે નરસો બને છે. તેથી આપણામાં કહેવત આવી કે **'અન્ન તેવો ઓડકાર'**. જેવું ખાઈએ તેવા થઈએ. શરીરને સ્વસ્થ રાખવા માટે પાંચ પ્રકારનાં તત્ત્વો શરીરમાં નિરંતર કામ કરે છે. આપણું શરીર પાંચ પ્રકારના કોષોથી બનેલું છે. આ કોષો નવા બનતા રહે છે અને જૂના મરતાં રહે છે. જેટલાં કોષો મરે એટલા નવા બને, ત્યાં સુધી શરીરનું બેલેન્સ સચવાય છે અને તંદુરસ્ત રહે છે. જ્યારે જેટલા કોષો મરે એટલા નવા ન બને ત્યારે શરીર રોગગ્રસ્ત થાય છે. શરીરને તંદુરસ્ત રાખવામાં પાંચ પ્રકારના પ્રાણ પણ ઉપયોગી હોય છે. આ પાંચ પ્રકારના કોષ અને પાંચ પ્રકારના પ્રાણ ભોજનથી બંધાય છે. એટલે આરોગ્યશાસ્ત્રે ભોજન માટે ઘણા વિવેક બતાવ્યા છે. ભોજનની માવજત સરખી રીતે કરવાની જરૂર ઉપર ભાર મૂક્યો છે. આરોગ્યશાસ્ત્રે એમ પણ કહ્યું કે, ભોજનના પદાર્થો શુદ્ધ, સાત્ત્વિક અને પવિત્ર

હોવા જોઈએ. તો તે પદાર્થોથી બનેલું ભોજન શુદ્ધ, સાત્ત્વિક અને પવિત્ર હોય. ભોજનના પદાર્થોની સાથે સાથે ભોજન બનાવવાનું સ્થળ, ભોજન બનાવવાનો હેતુ, ભોજન માટેનાં પાત્રો અને ભોજન બનાવનાર વ્યક્તિ પણ શુદ્ધ, સાત્ત્વિક અને પવિત્ર હોવા જોઈએ. આ બધાનો પ્રભાવ ભોજનની વાનગીઓમાં ઉતરી આવે છે અને તેની અસર ભોજન કરનારના શરીર અને મન પર જોવા મળે છે. જે મનુષ્યો તામસી પદાર્થોનું અને તામસી લોકો દ્વારા બનેલા પદાર્થોનું ભોજન કરે છે તેમનો સ્વભાવ વધુ પ્રમાણમાં તામસી બને છે. એવું રાજસ અને સાત્ત્વિક ગુણોનું પણ છે. આથી, આરોગ્યશાસ્ત્રે આ બધી બાબતો ઉપર વધારે ભાર મૂક્યો અને તે બાબતમાં પૂરી સાવચેતી રાખવા સલાહ આપી છે.

શાસ્ત્રોએ આરોગ્યશાસ્ત્રની આ બધી બાબતો તો સ્વીકારી, પરંતુ તે સાથે એક બીજી વધારાની વાત પણ કહી. આપણે ભોજન માટેના પદાર્થો ગમે તેટલા શુદ્ધ લાવીએ, પરંતુ તે સંપૂર્ણ શુદ્ધ મળવા મુશ્કેલ છે. શાકભાજી ગમે તેવાં શુદ્ધ હશે પણ તેમાં ખાતર, પાણી, જમીન વગેરેની અશુદ્ધિઓને લઈને આવેલાં સૂક્ષ્મ અશુદ્ધ તત્ત્વો રહેવાના જ. તેને લઈને ભોજનની સંપૂર્ણ શુદ્ધિ થતી નથી. કદાચ એક વખત ભોજન સંપૂર્ણ શુદ્ધ બને, પણ તે પવિત્ર કહેવાય નહિ. જેમ ઘરમાં સંડાસને સંપૂર્ણ શુદ્ધ બનાવી શકાય, પણ તેને પવિત્ર તો ન જ ગણી શકાય. તેમ સંપૂર્ણ શુદ્ધ ભોજનની વાનગીઓ પવિત્ર ત્યારે જ બને કે જ્યારે પ્રભુ તેનો અંગીકાર કરે. પ્રભુના સંપર્કથી જેમ દોષથી ભરેલો જીવ નિર્દોષ બને છે, તેમ પ્રભુના અંગીકાર કરવાથી સર્વ પદાર્થો સંપૂર્ણ રીતે શુદ્ધ અને પવિત્ર પણ બને છે. પ્રભુના સ્વરૂપની દિવ્યતા તેમાં સંમિલિત થાય છે. તેને લઈને પ્રભુએ અંગીકાર કરેલી વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ છીએ ત્યારે બહારથી અને અંદરથી સર્વ રીતે આપણાં તન, મન અને ઇન્દ્રિયો શુદ્ધ અને પવિત્ર બને છે. જેને શ્રીમહાપ્રભુજી તનુનવત્વ કહે છે. આથી, વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીએ અસમર્પિતનો સંપૂર્ણ ત્યાગ કરવાની આજ્ઞા કરી.

સમર્પિતનો ઉપયોગ અને અસમર્પિતનો ત્યાગ કરવાથી એક બીજો

મોટો લાભ છે. માણસ પોતાના માટે કમાય અને વાપરે ત્યારે તે વધુમાં વધુ સ્વાર્થી બને છે. તે દરેક વસ્તુને પોતાના સુખના દૃષ્ટિકોણથી જુએ છે. એ સ્થિતિમાં તે બીજાના સુખનો કે બીજાની અગવડોનો વિચાર કરતો નથી. આનાથી જિંદગીમાં તે સૌનો પ્રેમ પામી શકતો નથી. પિતા પોતાની રુચિ પ્રમાણે ભોજન બનાવડાવે અને જમે, પણ માતા ઘરમાં સૌની રુચિ પ્રમાણે ભોજન બનાવે, સૌને જમાડે અને પછી જ જમે. પરિણામે માતાને જેટલો પ્રેમ મળે છે એટલો પિતાને મળતો નથી. જે માણસ બીજાના સુખ માટે રાંધે, અને બીજાને જમાડીને રાજી થાય, તેના જીવનમાં આવો ત્યાગ આવે છે. ત્યાગથી જીભ અને મન ઉપરનો સંયમ આવે છે. સંયમથી સંતોષ આવે છે, ઇન્દ્રિયો તેના વશમાં રહે છે. તેનું જીવન ઘણું સાત્ત્વિક બને છે. જે વૈષ્ણવો શ્રીઠાકોરજીને ભોગ ધરી, બીજાં વૈષ્ણવોને પહેલાં લેવડાવી, પછી પ્રસાદ લે છે તેમનું જીવન પણ આવું બને છે. શ્રીઠાકોરજીને ભોગ ધરીને લેવાના આગ્રહને લઇને સ્વાદ ઉપર કાબૂ આવે છે. શ્રીઠાકોરજીની બાળભાવથી સેવા થતી હોવાથી બાળકને રુચે તેવી મરચાં વિનાની સામગ્રી બને, તે લેવાથી મસાલાના તીખા તમતમતા સ્વાદ આપોઆપ દૂર થાય છે. શ્રીઠાકોરજીને ભોગ ધર્યા પછી બધી સેવા પૂરી કરીને અંતે પ્રસાદ લેવાથી, ઘરમાં ગરમ જમવાના સ્વાદ પણ રહેતા નથી. આમ, સ્વાદ દ્વારા જીભ ઉપર સંયમ આવે છે. શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરીને સામગ્રી બને ત્યારે પોતાને શું ભાવે છે કે નથી ભાવતું એનો વિચાર પણ થતો નથી. તેને લઇને પણ સ્વાદ ઉપર આપોઆપ સંયમ આવે છે. જીભના સંયમથી સર્વ ઇન્દ્રિયોનો સંયમ આવી જાય છે. મન શુદ્ધ અને પવિત્ર બને છે. આખું શરીર પ્રભુની સેવામય બને છે.

આમ, સર્વ રીતે વિચારતાં શ્રીમહાપ્રભુજીએ આપણને સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધ કર્યા પછી કોઇપણ હિસાબે અસમર્પિત વસ્તુઓનો જીવનમાં ઉપયોગ થવો જોઇએ નહિ. આજે આ આજ્ઞા ભૂલાઇ જવાને કારણે આપણી સેવા છૂટી ગઇ છે, જીવન આપણા મોજશોખ માટે સ્વાર્થી બન્યું છે. સેવાનો અને જીભનો સંયમ જતાં આપણે સંસારસાગરમાં ડૂબીને

બહિર્મુખ બન્યાં છીએ. માટે શ્રીમહાપ્રભુજી ચેતવે છે કે હે વૈષ્ણવો! તમે જો આ પ્રમાણે અસમર્પિતનો ઉપયોગ કરતાં રહેશો તો શ્રીઠાકોરજીથી પૂરેપૂરા બહિર્મુખ થશો. સંસારસાગરમાં ખેંચાઇ જશો, પછી તમારો ઉદ્ધાર થવાની કોઇ શક્યતા રહેશે નહિ.

અસદાલાપ :

શ્રીદ્વારકેશજી મહારાજ બહિર્મુખતા થવાનું ત્રીજું કારણ આપે છે, તે છે અસદાલાપ. અસદાલાપ એ બે શબ્દોનો બનેલો છે. **અસદ્ + આલાપ.** આલાપ એટલે બોલવું, વાતચીત કરવી. અસદ્ એટલે જેમનું મન પ્રભુમાં અને તેમના ગુણગાનમાં લાગેલું નથી તેવા બહિર્મુખ જીવ. જેઓ સંસારસાગરમાં કાયમના ડૂબેલા છે એવા જીવો. આમ, અસદાલાપ શબ્દનો અર્થ છે જેમનું મન કાયમ માટે સંસારમાં જ રચ્યું-પચ્યું છે એવા બહિર્મુખ જીવો સાથે લૌકિક વાતો કરવી તે અસદાલાપ.

શ્રીમહાપ્રભુજીએ **'સર્વનિર્ણય'** ગ્રંથમાં આજ્ઞા કરી કે વૈષ્ણવોએ ત્રણ બાબતનો ત્યાગ કરવો. (૧) શ્રીઠાકોરજીને લગતી જે ક્રિયાઓ ન હોય તેનો ત્યાગ કરવો. (૨) શ્રીઠાકોરજી સંબંધી જે વિચારો ન હોય તેનો ત્યાગ કરવો. (૩) શ્રીઠાકોરજી સંબંધી જે વાણી ન હોય તેનો ત્યાગ કરવો.

અસદ્આલાપોનું મૂળ અસદ્ વિચારોમાં રહેલું છે. આપણે આગળ જોઇ ગયા કે સંગદોષથી અસદ્ વિચારો આપણા મનમાં ઉભરાય છે. તે અસદ્ વિચારો આપણી વાણી દ્વારા પ્રગટ થાય છે. માટે શ્રીમહાપ્રભુજીએ અસદ્ વિચારો અને અસદાલાપથી બચવા માટે આજ્ઞા કરી કે મનુષ્યોનો સંગ છોડવો. તે ન છૂટે તો ભગવદીયોનો સંગ કરવો. ભગવદીયો સાથે મળીને પણ હંમેશા જે આત્મનિવેદન કર્યું છે તેનું સ્મરણ કરવું.

મનને જેમાં રોકી રાખીએ તેના જ વિચારો આવ્યા કરે. તેવી જ વાણીનો ઉચ્ચાર થયા કરે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમારા ચિત્તને પ્રભુમાં રોકાયેલું રાખો. યોગ પણ કહે છે કે તમારી ચિત્તવૃત્તિનો નિરોધ કરો. ચિત્તની વૃત્તિઓને કચડી નાંખીને તેનો નિરોધ કરવાનો રસ્તો યોગ બતાવે છે. શ્રીમહાપ્રભુજીએ ચિત્તવૃત્તિઓના નિરોધનો સરળ રસ્તો બતાવ્યો. સેવા અને

સ્મરણ દ્વારા શ્રીઠાકોરજીમાં તમારું મન જોડી દો. ચોવીસે કલાક મનને સેવા સ્મરણમાં રમતું રાખો. સવાર-સાંજ સેવા કરો તે વખતે પણ પ્રભુની લીલાનું મનમાં ભાવન કરતાં સમય સમયનાં કીર્તન ગાવ. બપોરે અને રાતે સેવાના અનવસરમાં પ્રભુનાં ગુણગાન ગાવ, કીર્તનો ગાવ. કથા-વાર્તાનું શ્રવણ કરો. તેનું મનન અને ચિંતન કરો. આમ કરવાથી આપણું મન શ્રીઠાકોરજીમાં લાગેલું રહેશે. આગળ જોઇ ગયા કે જીવનનાં બધાં કાર્યો પ્રભુના સુખના વિચારથી કરવાં. એટલે દરેક કાર્ય કરતાં પણ મનમાં પ્રભુના સુખનો વિચાર કરવો. શ્રીગોપીજનોએ પ્રભુમય જીવન જીવવાનો માર્ગ એમના ઉત્તમ જીવનક્રમ દ્વારા આપણને બતાવ્યો છે.

શ્રીહરિરાયજીએ નિત્યલીલામાં શ્રીગોપીજનોના જીવનક્રમનું નિરૂપણ કરતાં કહ્યું કે : તેઓ સવારે ઊઠતાંની સાથે જ પ્રભુનાં મંગળગીતો ગાવા લાગે છે. દહી વલોવવાના કામથી માંડીને બધાં જ ઘરકામ કરતાં કરતાં તેઓ પ્રભુના કીર્તનો ગાયાં કરે છે. દરેક કાર્ય પ્રભુ પ્રીત્યર્થે કરે છે. તેના પરિણામે આ ગોપીજનોના તન-મન પ્રભુમાં એવા એકાકાર થઇ જાય છે કે તેમને આગળ-પાછળ, ચારેતરફ, બહાર-અંદર કેવળ શ્રીકૃષ્ણનો જ અનુભવ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ આથી આપણને સમજાવ્યું કે જ્યારે આપણે પ્રેમપૂર્વક પ્રભુનાં ગુણગાન ગાવામાં તલ્લીન થઇ જઇએ છીએ ત્યારે એ ગુણગાનમાં સાચો આનંદ અનુભવાય છે. ગુણગાન ગાતાં ગાતાં જ્યારે ભક્ત પ્રભુના વિરહતાપમાં ડૂબી જાય ત્યારે કૃપાયુક્ત પ્રભુ જેઓ સદાનંદ સ્વરૂપ છે તેઓ ભક્તના હૃદયમાંથી તેની સામે બહાર પ્રગટ થાય છે. આથી ભક્તે બીજું બધું છોડીને પ્રભુના રૂપ અને ગુણનાં કીર્તનમાં નિરુદ્ધ થવું જોઇએ. જે આવી રીતે પ્રભુમાં પોતાના મનનો નિરોધ કરે છે તે આ ભવસાગરને સરળતાથી તરી જાય છે. સંસારના આવેશમાં ડૂબેલી ઇન્દ્રિયો અને મનબુદ્ધિને તેમાંથી બહાર ખેંચી લાવવા માટે ગુણગાન એ જ ઉપાય છે.

શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં સમજાવે છે કે મનને પ્રભુમાં જોડેલું રાખવા માટે વૈષ્ણવોએ ત્રણ બાબતો કરવી જોઇએ. તેમની વાણી ઉપર સંયમ રાખવો જોઇએ. અત્યંત જરૂરી હોય એટલા જ શબ્દો બોલવા જોઇએ.

મનમાં સતત ભગવલ્લીલાઓનું ચિંતન કરવું જોઈએ. શ્રીહરિરાયજી એમ પણ સમજાવે છે કે અસમર્પિત અને દુષ્ટ અન્ન ભોજનથી તથા દુ:સંગથી મન લૌકિક ભોગોમાં ખેંચાય છે, તેના પરિણામે ભક્ત લૌકિક બાબતોમાં રસ લેતો થાય છે. પછી તેની જીભ લૌકિક વાતો રટ્યા કરે છે જે ભગવદ્ભાવ વધારવામાં બાધક છે. શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે બધા દોષોનું નિવારણ ગુણગાનથી થાય છે. માટે પ્રભુનાં ગુણગાન હંમેશાં તાપભાવથી કરતાં રહેવું.

પ્રભુનાં ગુણગાન કરવા માટેના વિવિધ માર્ગો પણ બતાવવામાં આવ્યા છે. આગળ જોઈ ગયા તેમ ભગવદીયો સાથે મળીને નિવેદનમંત્રના ચિંતનથી આપણી શરણભાવના અને સમર્પણ ભાવનાને દૃઢ કરવી. ભગવત્કથા વાર્તાના શ્રવણથી મનને તેમાં પરોવી રાખીને જીભને કાબૂમાં રાખવી. સેવા દરમ્યાન મન બીજે ન ભટકે માટે લીલાભાવનાના ચિંતન સાથે કીર્તન ગાવાં. અનુકૂળતા પ્રમાણે શ્રીભાગવત આદિ ગ્રંથોના પાઠ કરવા તેમજ અષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્ર જપવા.

ભગવત્કથાનાં શ્રવણ, કીર્તન અને સ્મરણથી આપણામાં દીનતા આવે છે. આપણું અભિમાન ચાલ્યું જાય છે. દાસભાવ દૃઢ થાય છે. વિરહતાપ જાગે છે, તેને લઈને પ્રભુને પામવા માટે મન અધીરું બને છે અને સર્વ પ્રકારે તે પ્રભુમાં લાગેલું રહે છે.

આજે મનને પ્રભુમાં લગાડવાનું આપણને ઘણું મુશ્કેલ લાગે છે. ઘણા વૈષ્ણવોની એવી ફરિયાદ છે કે મન પ્રભુમાં લાગતું નથી. જપપાઠ કરતાં પણ મન લૌકિક વિચારોમાં ભટક્યા કરે છે અને શ્રીઠાકોરજીમાં એકાગ્ર થતું નથી. ઘણા વૈષ્ણવોને આપણે ભગવદ્વાર્તા વગેરે સ્થળોએ લૌકિક વાતોમાં ડૂબેલા જોઈએ છીએ. જરાસરખી તક મળતાં મંદિરમાં, શ્રીઠાકોરજીની સન્મુખ, ઘરમાં સેવા કરતાં, કે બહાર સત્સંગમાં જતાં લૌકિક વાતો કરવા લાગી જાય છે. ભગવદ્ગુણગાનમાં રસ પડતો નથી. થાકનો અનુભવ થાય છે. જ્યારે લૌકિક વાતોમાં એવો અને એટલો રસ પડે છે કે સ્થળ, સમયનું ભાન રહેતું નથી.

આનું કારણ એ છે કે મનોવિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે જેમાં રસ પડે તેમાં મન ડૂબી જાય. જેમાં રસ પડે તેનો થાક ન લાગે. જેમાં રસ પડે તેમાં સ્થળ અને સમયનું ભાન ન રહે. રસ માટે મનોવિજ્ઞાનના મતે જરૂરિયાત પાયાની બાબત છે. માણસને જે વસ્તુની જરૂરિયાત ઊભી થાય તેમાં રસ પડે છે. તે રસ લેવા માંડે છે. જ્યાં સુધી જરૂરિયાત ઊભી થતી નથી, ત્યાં સુધી તેમાં રસ પડતો નથી અથવા માણસ રસ લેતો નથી. ભૂખ ન લાગી હોય, ત્યાં સુધી માણસને સુખડિયાની દુકાન કે સારી હોટેલ તરફ ધ્યાન આપવાની જરૂર પડતી નથી. તેમાં તેનો રસ હોતો નથી. પરંતુ જ્યારે બરાબર ભૂખ લાગે ત્યારે તેનું ધ્યાન તે તરફ જાય છે. એવું જ અલૌકિક બાબતોનું પણ છે. આપણને શ્રીઠાકોરજીમાં રસ પડ્યો નથી, એટલે એમનાં ગુણગાનમાં ચિત્ત ચોંટતું નથી. કારણકે શ્રીઠાકોરજીની જરૂર આપણને બહુ ઓછા સમયે સમજાય છે. કાયમ સમજાતી નથી. મોટા ભાગે આપણને જીવન જીવવા જે સુખ સંપત્તિ મળે છે, સાધન સગવડો મળે છે, અનુકૂળતાઓ મળે છે એનો યશ આપણે પ્રભુને આપતા નથી, આપણે પોતે લઈએ છીએ. આપણે એમ માનીએ છીએ કે આ બધું મેં મારી શક્તિથી મેળવ્યું છે, એટલે તે બધું ભોગવવા હું હકદાર છું. આપણને જીવનનાં લૌકિક સુખોની જરૂરિયાત હંમેશા જણાયા કરે છે. પરિણામે આપણા તન, મન એમાં રસ લે છે. એ મેળવવા માટે તેમાં સદા ડૂબેલાં રહે છે. જો આપણને દુઃખ આવે તો તેટલો સમય સંસારમાંથી મન અળગું થઈને શ્યામસુંદર તરફ દોડે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ આવે ત્યારે આપણે પ્રભુને યાદ કરીએ છીએ. તે વખતે પ્રભુની જરૂરિયાત ઊભી થાય છે. દવાથી ન મટે ત્યારે પ્રભુની દુવા મેળવવા મથીએ છીએ. એ સ્થિતિમાં પ્રભુના જપપાઠ, ગુણગાન, કથાશ્રવણ કરતાં મન થોડું થોડું તેમાં લાગે છે, પરંતુ દુઃખનો સમય પૂરો થતાં ફરી આપણે પ્રભુને અળગા કરી દઈએ છીએ અને સંસારમાં પાછા ડૂબી જઈએ છીએ.

આ ઉપરથી એક વાત નક્કી છે કે સંસારમાં આપણો કાયમી રસ છે, જ્યારે પ્રભુમાં આપણો કાયમી રસ નથી. રસનું બીજું કારણ તે વસ્તુ

જેમાં રસ
જેમાં રસ
ોવિજ્ઞાનના
જરૂરિયાત
જ્યાં સુધી
ી અથવા
માણસને
રૂર પડતી
ૂખ લાગે
તોનું પણ
ણગાનમાં
હુ ઓછા
ને જીવન
કૂળતાઓ
ે લઈએ
શક્તિથી
જીવનનાં
આપણા
લાં રહે
અળગું
વે ત્યારે
ા ઊભી
એ. એ
ડું થોડું
પ્રભુને
છીએ.
રસ છે,
વસ્તુ

તરફનો પ્રેમ અને આકર્ષણ હોય છે. સંસારની વસ્તુઓ અને વ્યક્તિઓ તરફ આપણું આકર્ષણ પ્રબળ છે, કારણકે તેમાં આપણને રસ પડે છે. પ્રભુ તરફ આપણું આકર્ષણ શિથિલ છે, કારણ પ્રભુમાં આપણને સાચો શુદ્ધ રસ નથી, સાચો શુદ્ધ પ્રેમ નથી. એટલે પ્રભુનાં ગુણગાનમાં આપણને થાક લાગે છે. કંટાળો આવે છે અને મન લાગતું નથી.

શ્રીમહાપ્રભુજી આપણને ચેતવે છે કે આપણે પ્રભુના દાસ છીએ. બ્રહ્મસંબંધને લઈને આત્મનિવેદન કર્યું છે. હવે એ પ્રતિજ્ઞાને જો નહિ નભાવીએ તો આપણે પ્રભુની કૃપા પામી શકીશું નહિ. પ્રભુના થઈને રહી શકીશું નહિ. એ પ્રતિજ્ઞાને નિભાવવા માટે આપણે વાચિક સમર્પણ પણ કરવું જોઈશે. પ્રભુનું ગુણગાન એ વાચિક સમર્પણ છે. માટે આપણે અસદાલાપનો ત્યાગ કરવો જોઈએ.

આપણે ત્યાં આપણું કોઈ સ્નેહીજન મહેમાન બનીને આવે ત્યારે તેમની સાથે પ્રેમ પૂર્વક વાર્તાલાપ ન કરતાં તેમનાથી પીઠ ફેરવીને ટી. વી. જોયા કરીએ કે કેસેટ સાંભળ્યા કરીએ અથવા બીજા કોઈની સાથે બિનજરૂરી ગપ્પાં માર્યા કરીએ તો આપણે ત્યાં આવેલા સ્નેહીજનનો તે અનાદર અને અપમાન છે. તેનાથી સ્નેહીજનને આપણા ઉપર અભાવ આવે અને અપ્રસન્નતા થાય. તે ફરી આપણે ત્યાં આવવાનો વિચાર પણ કરે નહિ. એવી જ રીતે શ્રીઠાકોરજી આપણા સાચા સગા છે. સર્વોત્તમ સ્નેહી છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણે ઘેર પધાર્યા છે અને આપણી સાથે કાયમ માટે બિરાજ્યા છે. તેમની હાજરીમાં તેમનાં ગુણગાન દ્વારા તેમની સાથે પ્રેમભરી વાતો કરવાને બદલે આપણે જો અન્ય લૌકિક મનુષ્યો સાથે બિનજરૂરી લૌકિક ટોળટપ્પાં માર્યા કરીએ તો પ્રભુથી વિમુખ થઈએ છીએ. આપણી આવી હરકતથી પ્રભુ આપણા ઉપર અપ્રસન્ન થાય છે અને આપણને છોડીને ચાલ્યા પણ જાય છે.

શ્રીભાગવતમાં લઘુરાસના પ્રસંગમાં આ વાત સમજાવવામાં આવી છે. ગોપીજનોને સૌભાગ્યમદ થયો કે દુનિયામાં અમારા જેવું નસીબદાર બીજું કોઈ નથી. બીજા કોઈને રાસ માટે ન બોલાવતાં અમને બોલાવ્યા

છે. તેમને પોતાની જાતનું અભિમાન થયું. મોટાઇનો મદ થયો. તેને લઇને પ્રભુમાંથી તેમનું મન પોતાની જાતમાં ખસી ગયું. તેમનો પ્રભુ પ્રત્યેનો આ અવિવેક શ્રીઠાકોરજી સહન કરી શક્યા નહિ. શ્રીઠાકોરજી તે જ ક્ષણે તેમની વચ્ચેથી અંતર્ધાન થઇ ગયા હતા.

આ પ્રસંગ આપણને ઘણું કહી જાય છે. આપણે તો કાયમ આપણી મોટાઇનાં બણગા ફૂંકીએ છીએ. જાતજાતના અભિમાનમાં જીવીએ છીએ. જાતજાતની ઇચ્છાઓ લઇને ફરીએ છીએ. શ્રીઠાકોરજીને યાદ કરવાની આપણને ફુરસદ જ હોતી નથી. છતાં આપણે શ્રીઠાકોરજીને દોષ આપીએ છીએ કે તેમના જપપાઠ કરવામાં અમારું મન લાગતું નથી. શ્રીમહાપ્રભુજી આપણને ચેતવે છે કે જો આપણી આવી જ સ્થિતિ રહેશે, અસદાલાપ કરતાં રહીશું તો શ્રીઠાકોરજીથી બહિર્મુખ થયેલા છીએ. તેનાથી યે વધારે બહિર્મુખ થઇશું. આપણું અસ્તિત્વ જ નહિ રહે. પછી પ્રભુને મળવાની વાત તો દુર્લભ જ બનશે. ચોર્યાસી લાખ જન્મ-મરણની યોનિઓના ચક્કર પાછાં કાપવાં પડશે. માટે જાગ્યા ત્યારથી સવાર. આપણે અત્યારથી જ ચેતીએ. સાંસારિક બાબતો અને મનુષ્યોમાંથી આપણી આસક્તિ અને રસ ઓછો કરીએ. પ્રભુમાં આપણો રસ અને પ્રેમ વધારીએ. વાણી અને વિચાર ઉપર કાબૂ કરીએ. ભગવદ્દગુણગાન સિવાય અનાવશ્યક વાતો ન કરીએ તો એટલું જ જરૂરનું છે.

અન્યાશ્રય અને અસમર્પિત વસ્તુઓના ઉપયોગનું જ દુષ્પરિણામ અસદાલાપ છે. એકમાંથી બીજું જન્મે છે. એકબીજાની સાથે આ બધાં તત્ત્વો મજબૂત અંકોડાથી ગૂંથાયેલ છે. માટે આ ત્રણેયનો ત્યાગ કરવો જ રહે.

દુઃસંગ :

શ્રીદ્વારકેશજી મહારાજ બહિર્મુખ થવાનું ચોથું કારણ બતાવે છે. તે છે દુઃસંગ. આમ તો આખું જગત પ્રભુમાંથી પ્રગટ થયેલું છે. પ્રભુની સુંદર કૃતિ છે. પ્રભુ સ્વયં સુંદર છે, ત્યારે તેમની કૃતિ અસુંદર હોઇ શકે નહિ. આપણને જગતમાં જે જે અસુંદરતા દેખાય છે તે આપણી દૃષ્ટિનો દોષ

છે. જગતમાં જ્યારે બધું જ સુંદર છે, ત્યારે કશું દુષ્ટ નથી. છતાં દુષ્ટતા તો ડગલે ને પગલે અનુભવાય છે. એનું કારણ શું?

શ્રીમહાપ્રભુજી આ પ્રશ્નનો જવાબ આપે છે. જગતની રચના પ્રભુએ પોતાના આનંદ માટે કરી છે. ક્રીડા દ્વારા પ્રભુને આનંદ પ્રાપ્ત કરવો છે. એટલે આ જગત પ્રભુનું ક્રીડાસ્થળ છે. નાટકમાં રસનિષ્પત્તિ માટે જુદા જુદા સ્વભાવવાળા, જુદાં જુદાં કાર્યો કરનારાં પાત્રો જરૂરી છે. તેમ ક્રીડાના વૈવિધ્ય માટે ભગવાને કેટલાક લોકોને સજ્જન બનાવ્યા છે, તો કેટલાક લોકોમાં દુષ્ટતાનો સ્વભાવ મૂક્યો છે. આ દુષ્ટતાનો સ્વભાવ આત્માનો સ્વભાવ નથી, પણ તેણે ધારણ કરેલી જીવયોનિનો સ્વભાવ છે. કદાચ બીજા જન્મે એ આત્મા સજ્જનતાનો સ્વભાવ લઈને પણ જન્મે. આમ, જે દુષ્ટતા છે તે લીલા-ઉપયોગી છે.

છતાં, આ દુષ્ટતા આપણને તો અવશ્ય પજવે છે. કારણકે આપણે સામાન્ય મનુષ્યો છીએ. દુષ્ટતાના સ્વભાવવાળી વ્યક્તિઓના સંગથી આપણામાં તેની અસર જરૂર આવે. મનોવિજ્ઞાન કહે છે કે માણસ સારાં લક્ષણો જલદી ગ્રહણ કરતો નથી, તેમાં ઘણો સમય લાગે છે. પણ ખરાબ લક્ષણો તે તરત જ ગ્રહણ કરી લે છે. ઘણીવાર તો એવું બને કે આપણને ખબર પડે તે પહેલાં આપણામાં ખરાબ લક્ષણો દૃઢ થઈ ગયાં હોય. એનું કારણ સંગદોષ છે. પાણી હંમેશાં નીચી સપાટી તરફ જ વહે છે. ઊંચાં ચઢાણ ચઢવાં, પાણીને માટે કપરું કામ હોય છે, લગભગ અશક્ય હોય છે. નીચી સપાટી તરફ વહેવાના સ્વભાવને કારણે ધરતીનો કચરો, માટી, ગંદકી બધું પાણીમાં ઘસડાઈને ઉપર જઈ શકે નહિ. આથી, મનોવિજ્ઞાન કહે છે કે તમારા સ્વભાવનું ખરાબ બાબતો તરફથી, સારી બાબતો તરફ લઈ જવાનું કામ મુશ્કેલ છે, પણ અશક્ય નથી. તમને જેમાં રસ પડતો હોય એવી બાબતોમાં જે ઉત્તમ હોય તે તરફ તમારા મનને વાળો, એટલે તમારી વૃત્તિઓનું માર્ગીકરણ અને ઊર્ધ્વીકરણ થશે. સંગદોષ તમને નુકશાન કરશે નહિ.

શ્રીહરિરાયજીએ દુઃસંગ શબ્દની સુંદર વ્યાખ્યા શિક્ષાપત્રમાં આપી

છે. દુષ્ટ શબ્દનો આપે એવો અર્થ કર્યો કે શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં જેને શ્રદ્ધા નથી અને તેને કારણે જે શ્રીમહાપ્રભુજીનાં વચનોથી વિરુદ્ધ વાત કહે છે અને આચરે છે તે આપણા માટે દોષરૂપ અર્થાત્ દુષ્ટ છે. પછી તે કોઈ મહાપુરુષ કેમ ન હોય! અથવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પણ કેમ ન હોય! આજે ક્યાંક ક્યાંક આવું જોવામાં આવે છે. કેટલાક કહેવાતા વિદ્વાનો પોતાના અનુયાયીઓનો વર્ગ વધારવા ઈચ્છતા હોય છે. તેઓ ઈચ્છે છે કે તેમના વફાદાર અનુયાયીઓ વધે. તેમની પાસે પોતાના મૂળ અનુયાયીઓ હોતા નથી, એટલે બીજા ધર્મમાં શ્રદ્ધા ધરાવનાર અનુયાયીઓને પોતાની તરફ ખેંચી લાવવા જરૂરી બને છે. બીજા ધર્મના અનુયાયીઓમાં કેટલાક અનુયાયીઓ દૃઢનિષ્ઠાવાળા ન જ હોય. તેમનામાં તેમના ધર્મની સાચી સમજ પણ ન હોય. એવા અધૂરી સમજ અને અધૂરી શ્રદ્ધાવાળા લોકોને પોતાના તરફ વાળવા તેઓ એક કીમિયો કરે છે. આ અનુયાયીઓને એમના જે ઈષ્ટમાં કે ગુરુમાં અધૂરી પણ શ્રદ્ધા છે તેમના નામે તેઓ પોતાની વાતો કરે છે. તેના કારણે આ અનુયાયીઓ ધીમે-ધીમે એવો ભાવ સેવતા થાય છે કે આ મહાપુરુષ તો આપણા જ ધર્મની વાત કરે છે જ્યારે આપણે ત્યાં આવી વાત કોઈ કરતું નથી. પરિણામે તેઓ તે વિદ્વાન તરફ ખેંચાય છે, તેમનામાં વિશ્વાસ અને શ્રદ્ધા ધરાવનાર થાય છે. તેઓ આ અનુયાયીઓના મન, બુદ્ધિને ફેરવે છે અને એક દિવસ એવો આવે છે કે આ અનુયાયીઓ પોતાના મૂળ ધર્મથી તદ્દન અલગ ફંટાઈ જાય છે પોતાના મૂળ ધર્મમાં પાકી અશ્રદ્ધા સેવતા થાય છે. અંગ્રેજીમાં આને બ્રેઈન વોશીંગ કહેવામાં આવે છે. મનોવિજ્ઞાન પણ આ બ્રેઈન વોશીંગની તાકાતને સ્વીકાર કરે છે. દુનિયામાં સામ્યવાદી દેશોમાં આ જ પ્રક્રિયાથી લોકોન મન, બુદ્ધિ ફેરવવામાં આવ્યાં અને સામ્રાજ્યવાદી દેશોના લોકો ચુસ સામ્યવાદી બન્યા.

આથી, શ્રીહરિરાયજી કહે છે કે હે વૈષ્ણવો! તમે સત્સંગ કરત બરોબર વિચાર કરજો. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિરુદ્ધ વાતો કહેનાર ઘણા મળી આવશે. તમે તેનાથી ભોળવાશો નહિ.

શ્રીહરિરાયજીએ ત્રીજા શિક્ષાપત્રમાં સત્સંગ વિશે સુંદર માર્ગદર્શન આપ્યું છે. આપ આજ્ઞા કરે છે કે જેમ કોઇ માણસ પાસે કિંમતી ખજાનો હોય તો તેનું ચોર વગેરેથી રક્ષણ કરવું જોઇએ, તેમ શ્રીઠાકોરજી રૂપી અલૌકિક ખજાનો આપણી પાસેથી ચાલ્યો ન જાય તે માટે દુ:સંગ વગેરેથી તેનું રક્ષણ કરવું જોઇએ. તે માટે લોકનિંદા વગેરેનો ત્યાગ કરવો પડે તો પણ કરવો. લોકો શું કહે છે એની ફિકર કરવી નહિ. જેમ જળથી અગ્નિનું રક્ષણ કરવામાં આવે તેમ દુ:સંગથી શ્રીઠાકોરજી પ્રત્યેના આપણા પ્રેમનું રક્ષણ કરવું. આપણો ભગવદ્ભાવ અગ્નિ જેવો છે. દુ:સંગ જળ જેવો છે. સત્સંગ જલપાત્ર જેવું છે. અગ્નિ ઉપર વાસણ મૂક્યા વિના જળ રેડી દો તો અગ્નિ ઓલવાઇ જાય, પરંતુ અગ્નિ ઉપર વાસણ મૂકીને તેમાં જળ રેડીએ તો અગ્નિ ઓલવાય નહિ. વધારામાં જળ ઊકળીને વરાળ બનીને ઊડી જાય. એવી રીતે સત્સંગરૂપી પાત્રનો ઉપયોગ કરવાથી આપણે દુ:સંગથી બચી શકીએ છીએ. જેમને લૌકિકમાં આસક્તિ હોય છે એવા લોકોની સાથે ઊઠવા બેસવાથી તેમનો દુ:સંગ લાગે છે. માટે એવા લોકોથી ડરતા રહેવું અને દૂર રહેવું.

શ્રીહરિરાયજી રાજર્ષિ ભરતનું ઉદાહરણ આપે છે. રાજપાટની બધી આસક્તિ છોડી ભરત વનમાં ગયા. પ્રભુનાં ધ્યાનમાં ડૂબી ગયા. ત્યાં એક હરણીનો દુ:સંગ થયો. તેને લઇને તેમનો બીજો જન્મ હરણનો થયો અને ત્રીજો જન્મ જડભરતનો થયો. આમ, તેમને હરણના દુ:સંગથી બે જન્મનો અંતરાય થયો. માટે દુ:સંગથી આપણે દૂર રહેવું જરૂરી છે.

આજે આપણને જાતજાતના દુ:સંગો લાગે છે. જેમાં મુખ્યત્વે લૌકિક વિચારવાળા સગાંસંબંધીઓ, સ્નેહીજનો, કુટુંબીજનો અને મિત્રોનો દુ:સંગ હોય છે. ટી. વી. અને ફિલ્મોનો દુ:સંગ પણ ભારે પ્રબળ છે. લૌકિક સાહિત્યનું વાંચન પણ દુ:સંગ કરાવનાર છે. ધંધા, વેપારમાં કે ઘરનાં કામકાજમાં આપણું મન વધારે ચોંટેલું રહે તો તેનાથી પણ દુ:સંગ થાય છે. સ્થિર ન બેસવાની આપણી પ્રવૃત્તિને કારણે દુ:સંગ લાગતાં વાર થતી નથી. ટૂંકમાં કહીએ તો જેના સંગથી આપણું મન શ્રીઠાકોરજીથી અળગું થઇને સંસાર તરફ ખેંચાય

તેને દુઃસંગ જાણવો. એવી જ રીતે જેમના સંગથી આપણું મન લૌકિકમાંથી નીકળીને શ્રીઠાકોરજીમાં જોડાય તેને સત્સંગ જાણવો.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે સત્સંગથી આપણામાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની સમજ આવે છે. તેમાં નિષ્ઠા થાય છે. જેમનો સંગ આપણને શ્રીઠાકોરજી તરફ લઇ જાય, એવા ભગવદીયો આજે દુર્લભ છે. તેઓ ન મળે ત્યારે શ્રીભાગવત અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું સેવન કરવું. મન લૌકિકમાં આડું અવળું ન ભટકે તે માટે દૈન્યભાવ રાખીને અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરી કે જે વૈષ્ણવ સેવા અને કથા બંનેમાં દૃઢાસક્તિ રાખે છે તેનો કોઇ કાળે નાશ થતો નથી. સેવા અને કથા એક સિક્કાની બે બાજુ છે. કોઇ માણસ એવું ન કહી શકે કે મને સિક્કાની આ બાજુ ગમતી નથી એટલે હું તેને ફેંકી દઇશ. માત્ર બીજી બાજુથી સિક્કાને વાપરીશ. સિક્કો જોઇતો હશે તો તેની બંને બાજુઓ એકસાથે સ્વીકારવી પડશે. તેમ પુષ્ટિમાર્ગમાં રહેવું હોય તો સેવા અને કથા બંનેને સરખું મહત્ત્વ આપવું પડશે. સેવા ન હોય ત્યારે કથા અને કથા ન હોય ત્યારે સેવા. એવું જીવન ન બનાવીએ તો દુઃસંગ પેસી જાય. તેના પરિણામે આપણે શ્રીઠાકોરજીથી અવશ્ય બહિર્મુખ થઇ જઇએ.

આપણા સૌનો અનુભવ છે કે આપણે જ્યારે શ્રીઠાકોરજીની ભગવદ્વાર્તા સાંભળી એકચિત્ત થઇએ છીએ ત્યારે આજુબાજુ થતી લૌકિક વાતોમાં આપણું મન જતું નથી. જો કોઇ વૈષ્ણવ લૌકિક વાતોમાં ડૂબી જાય તો તે શ્રીઠાકોરજીને ભૂલી જાય છે એ હકીકત છે. જ્યારે શ્રીઠાકોરજી ભૂલાઇ જાય ત્યારે આપણે બહિર્મુખ બન્યા છીએ એમ સમજવું. બહિર્મુખ બનીએ એટલે અહંતા મમતાના સંસારમાં આસક્ત થઇ જઇએ. બધાંની આગળ આપણે આપણી શક્તિઓના અને સંપત્તિના, કુટુંબના એમ જાત જાતનાં બણગાં ફૂંકવા માંડીએ. અભિમાન જુદા જુદા પ્રકારના છે. ધન, વિદ્યા, પ્રતિષ્ઠા, કીર્તિ, કુટુંબ, સત્તા એમ અનેક બાબતોને લઇને આપણામાં અહંકાર આવે છે અને રહે છે. એવી રીતે ઘણી વસ્તુઓ અને વ્યક્તિઓમાં

આપણી મમતા જોડાયેલી હોય છે. તેને લઇને આપણે રાત-દિવસ એ વસ્તુઓ અને વ્યક્તિઓનો જ વિચાર કરીએ છીએ. એમાં જ બધો સમય પૂરો કરીએ છીએ. એમાં કંઇ તકલીફ પડે એટલે દુઃખી થઇ જઇએ છીએ. આપણા આ અહંતા અને મમતા આપણી જિંદગી પૂરી કરે છે. આપણને બરબાદ કરે છે. જ્યારે મૃત્યુ આવે ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે. સંસારસાગરમાં એટલા દૂર ઘસડાઇ ગયા હોઇએ છીએ કે ત્યાંથી પાછા વળીને સાગરના અવળા પ્રવાહમાં તરી શકાતું નથી. થાકી-હારીને, અથડાઇ-કૂટાઇને આપણે સંસારસાગરના જોરદાર પ્રવાહમાં ડૂબી મરીએ છીએ. આથી, શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથની પહેલી પંક્તિમાં આપણને ચેતવ્યા કે તમે જો આજે નહિ તો કાલે, ભવિષ્યમાં કોઇપણ ક્ષણે, બહિર્મુખ થયા તો તમે નાશ પામશો, પ્રભુને પામી શકશો નહિ.

શ્રીહરિરાયજીએ ૩૨મા શિક્ષાપત્રમાં પહેલા પાંચ શ્લોકમાં એવી બાબતો બતાવી કે જેને કારણે જીવ પ્રભુથી બહિર્મુખ બને છે. જે નીચે મુજબ છે. કામાવેશ, ક્રોધ, સંસારમાં આસક્તિ, લોભ, સતત ધન મેળવવા પરાયણ, નિર્દયતા, અસંતોષ, શોક, ભય, વિષયોનું જ્ઞાન, અભિમાન, ક્રૂરતા, દુષ્ટોને પોષણ આપવું, જ્ઞાનમાર્ગમાં રહેવું, બધું સરખું છે એમ માનવું. લૌકિક મનુષ્યોનો સંગ, ભગવદીયોથી વિમુખતા, કૃષ્ણલીલામાં દોષદૃષ્ટિ, કર્મજડતા, શ્રીમહાપ્રભુજીથી વિમુખ રહેવું, અપસિદ્ધાંતો સ્વીકારવા, આ બધાં કારણો અને તત્ત્વો જેનાં હૃદયમાં હોય છે તે હૃદયમાં શ્રીઠાકોરજી ક્યારેય પધારતા નથી.

શ્રીહરિરાયજીએ એ જ શિક્ષાપત્રના બાકીના પાંચ શ્લોકોમાં આજ્ઞા કરી કે જે વૈષ્ણવોમાં નીચેનાં લક્ષણો હોય તેમના હૃદયમાં શ્રીઠાકોરજી તત્ક્ષણ પધારે છે. જે દીનતાવાળા હોય, શુદ્ધ હૃદયવાળા હોય, પ્રપંચ વિનાના હોય, પ્રભુની લીલાના ચિંતનમાં તત્પર હોય, શ્રીમહાપ્રભુજીના શરણે નિત્ય રહેનારા હોય, બધી ઇચ્છાઓ અને આસક્તિઓ વિનાના હોય, ગોપીજનોનાં ચરણકમળની રજ મેળવવાની અભિલાષાવાળા હોય, ગુણગાનમાં તત્પર હોય, અન્ય બાબતોમાં વિરક્ત હોય, વિરહતાપવાળા

હોય, જેમનું મન કૃષ્ણલીલામાં ચંચળ હોય, અન્ય બાબતોમાં અચંચળ હોય, જેમના મનમાં પ્રભુના સુખના સેંકડો મનોરથો થતા હોય, તે સિવાય બધામાં જેઓ ઉદાસીન હોય એમના હૃદયમાં શ્રીઠાકોરજી તત્કાળ પધારે છે.

આમ, શ્રીદ્વારકેશજી મહારાજે આપણને બહિર્મુખ થવાનાં ચાર કારણો મુખ્યત્વે બતાવ્યા. જેનો આપણે થોડોક વિચાર કર્યો.

બહિર્મુખતાનું સ્વરૂપ સમજાવવા માટે શ્રીહરિરાયજીએ એક લઘુ ગ્રંથ લખ્યો છે. જેનું શીર્ષક છે 'બહિર્મુખત્વ નિરૂપણઃ'. તેમાં પાંચ શ્લોક છે. તેનો ભાવાર્થ નીચે મુજબ છે. બ્રહ્મસંબંધ લઇને સેવક બન્યા પછી શ્રીઠાકોરજીને સંપૂર્ણ સમર્પણ ન કરતાં વૈષ્ણવ ધનમાં અને ઘરમાં આસક્ત થાય ત્યારે પ્રભુને તે ગમતું નથી. જ્યારે વૈષ્ણવ પ્રભુને છોડી લાભ મેળવવા અને દુનિયામાં પુજાવા માટેના પ્રયત્નો કરે ત્યારે તેના ઉપર શ્રીહરિ કોપાયમાન થાય છે, કારણકે એ જીવ પ્રભુ તરફ બેવફા બને છે.

આસુરાવેશ થવાથી વૈષ્ણવો ભક્તિમાર્ગ છોડીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેનો ઉદ્યમ કરનારા બને છે. ત્યારે આવા દાસ ઉપર શ્રીહરિ ઉદાસીન થાય છે. જેમ જગતમાં વંઠી ગયેલા નોકર તરફ ઉદાસીન વૃત્તિ રાખ્યા સિવાય સમજદાર માલિક બીજું કંઇ કરી શકતો નથી. સેવક બન્યા પછી આવી પશુવૃત્તિ રાખવામાં આવે તો પ્રભુ સ્વાભાવિક રીતે તેના ઉપર કોપ કરે.

ક્યારેક પ્રભુના દાસ બનવા છતાં વૈષ્ણવોમાં અહંકાર આવે છે. તે અહંકારમાં આંધળા બનીને તેઓ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવનો અપરાધ કરે છે. પ્રભુ પોતાનો અપરાધ સહન કરી લે છે, પણ ગુરુ અને ભગવદીયોનો અપરાધ સહન કરતા નથી. આવા વૈષ્ણવો અપરાધી, અહંકારી વૈષ્ણવો ઉપર પ્રભુ કોપ કરે છે

વળી, આવા વૈષ્ણવમાં સન્માર્ગની મર્યાદા હોતી નથી. શ્રીમહાપ્રભુજીમાં નિષ્ઠા હોતી નથી અને જીવનમાં દીનતા હોતી નથી. શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોના હિત માટે ઘણાં વચનો કહ્યા છે. તેના પાલનમાં તત્પરતા

નથી. તેના પરિણામે લૌકિક બાબતોમાં પરમ વૈરાગ્ય આવ્યો નથી. સન્માર્ગ પર ચાલવા માટે તેઓ તત્પર નથી. તેને લઈને શ્રીહરિ તેમના ઉપર કેવી રીતે પ્રસન્ન થાય? જ્યારે પ્રભુ અપ્રસન્ન થાય ત્યારે આપણા તરફથી મોં ફેરવી લે તે સ્વાભાવિક છે. પ્રભુની પીઠ થતાં જીવમાં બહિર્મુખતા આવે છે.

શ્રીહરિરાયજી આ પ્રમાણે બહિર્મુખ થવાનાં કારણો બતાવીને અટકતા નથી. આપે એક બીજો લઘુગ્રંથ રચ્યો છે. તેના છ શ્લોકોમાં બહિર્મુખતા દૂર કરવાના ઉપાયો બતાવ્યા છે. તે ગ્રંથનું શીર્ષક છે **'બહિર્મુખત્વ નિવૃત્તિઃ'**.

આ ગ્રંથમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે બહિર્મુખ કેવી રીતે થવાય છે? એનો ખ્યાલ આવે તો બહિર્મુખતાથી બચવાનો માર્ગ સમજમાં આવે. બહિર્મુખતાથી બચવા માટે પહેલી બાબત એ ધ્યાનમાં રાખવાની કે આપણા દાસધર્મનું બરાબર પાલન થવું જોઈએ. તેને જરાપણ આંચ આવવી ન જોઈએ. તે માટે આપણા બધા દોષોનું દહન કરીને શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોને કાયમ માટે હૃદયમાં પધરાવી રાખવા જોઈએ. શ્રીમહાપ્રભુજીના દૃઢાશ્રયથી જ બહિર્મુખતા દૂર થઈ શકે.

બહિર્મુખતાથી બચવા માટે ભગવદીયોનો જ સંગ કરવો. ભગવદીયોનો સંગ મળે એવી જ પ્રાર્થના કરવી. અસત્પુરુષોનો સંગ ક્યારેય ન કરવો. ભગવદીયોના સંગથી પ્રભુમાં પ્રેમ જાગે છે. અસત્પુરુષોના સંગથી આસુરાવેશ આવે છે.

અસત્પુરુષો ભલભલા ભગવદીયોને પણ વિચલિત કરી દે છે. માટે તેમનાથી સાવધાન રહેવું.

પુષ્ટિમાર્ગનો મુખ્ય ધર્મ પ્રભુસેવા જ છે. તે નિરંતર કરવી. શરૂઆતમાં આપણા દ્રવ્ય અને દેહથી તનુવિત્તજા સેવા કરવી. સેવાને જ પરમ ફળ માનવું. તેમની આગળ મોક્ષ પણ તુચ્છ છે. એમ સમજીને સેવામાં મનની સ્થિતિ દૃઢ રાખવી. સેવામાં ભાવભાવના, લીલાભાવના અને સ્વરૂપભાવનાનું ચિંતન કરતાં રહેવું. તેનાથી આપણી લૌકિક દૃષ્ટિ બદલાઈ જશે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ભગવદીયોની સાથે સર્વદા નિવેદનનું સ્મરણ કરવું. સેવા સાથે નિવેદનનું સ્મરણ નિરંતર કરવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજે છે.

બહિર્મુખતા ટાળવા માટે ભગવત્સેવાપરાયણ ભગવદીયોના મુખથી શ્રીભાગવતની કથા સાંભળવી. દશલીલાવિશિષ્ટ પ્રભુના લીલારસનો અનુભવ ભગવદીયોના હૃદયમાં પ્રગટ થયેલી વાણી દ્વારા જ થાય છે. આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો એકેય ઉપાય નથી.

આમ, શ્રીહરિરાયજીએ બહિર્મુખતા અને એને દૂર કરવાના માર્ગો બતાવ્યા. ઉપર મુજબ આપણે આ ગ્રંથના પ્રથમ શ્લોકની પ્રથમ પંક્તિમાં શ્રીમહાપ્રભુજીએ કહેલ 'બહિર્મુખતા' પદનો અર્થ વિગતવાર જોઇ ગયા. હવે શ્રીમહાપ્રભુજી તે અંગે વિશેષ આજ્ઞા કરે છે.

'યદા' એટલે જ્યારે. શ્રીદ્વારકેશજીએ આ પદનો અર્થ કર્યો કે શ્રીઠાકોરજીની સન્મુખ રહેવું જોઇએ એવી શિખામણ શ્રીમહાપ્રભુજીએ અગાઉ આપેલી છે. જે સમયમાં શ્રીઠાકોરજીની સન્મુખ ન રહી શકાય એ સમયમાં એક ક્ષણે બહિર્મુખતા આવે છે. પ્રભુથી વિમુખતાનો સમય બાધક છે એમ સમજાવે છે. જે ક્ષણે આપણો શ્વાસ બંધ પડી જાય તે ક્ષણે મૃત્યુ થાય છે. માટે સતત શ્વાસ લેતા રહેવું પડે છે. કુદરતી રીતે શ્વાસ ન લેવાય તો તેવી સ્થિતિમાં એ માણસને કૃત્રિમ રીતે શ્વાસોચ્છ્વાસ કરાવવા પડે છે. છતાં તે શ્વાસ ન લઇ શકે તો તેનું મૃત્યુ થાય છે. એવી રીતે શ્રીઠાકોરજીની સન્મુખ રહેવામાં જો જરાપણ તકલીફ થાય, શ્રીઠાકોરજીથી આઘાપાછા થવાનું મન થાય તો તે સમય અને તે ક્ષણ આપણા દાસભાવને ટકાવવામાં બાધક બને છે, તેને શ્રીમહાપ્રભુજી બહિર્મુખતા કહે છે.

'યૂયમ્' એટલે તમે સૌ. બીજો પુરુષ બહુવચનીય આ પદ છે. તેનાથી એવું સમજાય છે કે શ્રીમહાપ્રભુજીએ પોતાના સ્વકીય વંશને અને નિજજનોને એક જ સમયે એકસમાન ઉપદેશ આપ્યો છે. 'યૂયમ્' શબ્દથી બીજસૃષ્ટિ અને નાદસૃષ્ટિ બંનેને સંબોધન થયું છે. એનો અર્થ એ છે કે પુષ્ટિમાર્ગમાં સૌએ પ્રભુ સન્મુખ રહેવું અતિ આવશ્યક છે. કોઇપણ

પુષ્ટિમાર્ગીય પ્રભુથી જરાપણ વિમુખ થાય એટલે તે બહિર્મુખ થવાનો જ, એમ શ્રીમહાપ્રભુજી સૂચવી રહ્યા છે.

અહીં આપણને પ્રશ્ન થશે કે અમે તો શ્રીઠાકોરજીની સન્મુખ છીએ, પછી અમે બહિર્મુખ કેવી રીતે થઇશું?

તેના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **'ભવિષ્યથ કથંચન'**. તમે આજે પ્રભુ સન્મુખ છો, એ વાત સાચી. પણ એ પ્રકારે કાયમ રહેવાશે જ, એમ નિશ્ચિત રીતે કહી શકાય નહિ. માણસ ભૂલ કરે છે ત્યારે પહેલાંથી સમજી વિચારીને તૈયારી કરીને ભૂલ કરતો નથી. એના જીવનમાં એવી કોઇક અભાન નબળી ક્ષણ આવી જાય છે. તે સમયે તેને સમજણ પડે તે પહેલાં આંખના પલકારામાં ગંભીર ભૂલ થઇ જાય છે. પછી એને રોકવી તેના હાથની વાત રહેતી નથી. માટે જ્યારે તમારા શરીર, ચિત્ત, મન વગેરે સૌ ભગવાનનાં ચરણામૃતથી લેપાયેલાં હશે તેવા સમયે પણ બનવા જોગ છે કે તમે પ્રભુને ભૂલી કાળના પ્રવાહમાં ખેંચાઇ જાવ. આવી શક્યતા મને દેખાય છે. તમે આખાને આખા કાળના પ્રવાહમાં ખેંચાઇ જાવ, એટલું જ બસ નથી. એનાથી વિશેષ બનવાની પણ સંભાવના છે. એ **'સર્વથા'** શબ્દ દ્વારા સૂચવે છે. સર્વદા એટલે સર્વ પ્રકારે એ કાળપ્રવાહ તમને ખાઇ જશે.

આપણને પ્રશ્ન થાય કે કાળનો પ્રવાહ કેવી રીતે ખાઇ જાય? શ્રીદ્વારકેશજી તેના જવાબમાં આજ્ઞા કરે છે કે આપણી બહિર્મુખતા આપણું અંદર અને બહારથી અધ:પતન કરે. શ્રીમહાપ્રભુજીનો વંશ અને વૈષ્ણવો બધા ભગવદીય જીવો હોવા છતાં કાળના પ્રવાહમાં ખેંચાઇ જાય. કાયમ માટે પ્રભુથી વિમુખ બની જાય. આ બાબત મહાબાધક સમજવી.

આપણે શ્રીમહાપ્રભુજીને એવો પ્રશ્ન કરીએ કે આપે જે આજ્ઞા કરી તેનું કોઇ પ્રમાણ ખરું? એના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ અંતિમ પદમાં બતાવ્યું **'મતિર્મમ'**. આ મારો અભિપ્રાય છે. મારી પોતાની સમજ એ જ તમારા માટે મોટામાં મોટું પ્રમાણ છે. હું તમારો ગુરુ છું. તમને મારા શબ્દોમાં દૃઢ વિશ્વાસ હોવો જોઇએ. જો આ બાબત આટલી બધી ગંભીર ન હોત તો મેં આ પળે તમને કહી જ ન હોત. માટે તેની ગંભીરતા ઓછી ગણશો નહિ.

આમ, પ્રથમ દોઢ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ પહેલી શિખામણ એ આપી કે શ્રીઠાકોરજીની સન્મુખ રહેવા છતાં તમે સૌ કોઈ ગફલતમાં રહેશો નહિ. શ્રીઠાકોરજીથી બહિર્મુખ થવાય એવી કોઈ નબળી ક્ષણ તમારા જીવનમાં ન આવી જાય, એની પાકી તકેદારી રાખજો. જેને લઈને તમે શરીર અને અંતઃકરણથી સંસારના પ્રવાહમાં ઘસડાઈને તમારું અધઃપતન ન કરી બેસો.

આ આજ્ઞાનું શ્રવણ કરતાં આપણને પ્રશ્ન થાય કે અમે જ્યારે સેવામાં તત્પર છીએ અને સર્વદા સેવા કરીએ છીએ ત્યારે બહિર્મુખતા ક્યાંથી આવે? સેવા છૂટે તો બહિર્મુખતા આવે. સેવા થાય છે એનો અર્થ એ કે અન્યાશ્રય, અસમર્પિત ભોગ, અસદાલાપ અને દુઃસંગથી પણ અમે દૂર છીએ. બહિર્મુખ બનાવનાર આ બધી બાબતોથી અમે દૂર હોઈએ તો અમારામાં બહિર્મુખતા કેવી રીતે આવે? એનો જવાબ શ્રીમહાપ્રભુજી હવે પછીના શ્લોકમાં આપે છે.

શ્લોક : ૨ - ૨$^1/_2$

ન લૌકિકં પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ॥૨॥
ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।

શબ્દાર્થ :

ન - નથી, **લૌકિક** - લૌકિક, **પ્રભુઃ કૃષ્ણઃ** - ભગવાન કૃષ્ણ, **મનુતે** - માનવામાં આવે છે, **નૈવ** - નહિ જ, **લૌકિકમ્** - લૌકિક, **ભાવ**- ભાવ, **તત્ર** - તેમાં, **અપિ** - પણ, **અસ્મદીય** - અમારો (આપણો), **સર્વસ્વઃ** - સર્વસ્વ, **ચ** - અને, **ઐહિકઃ** - આ લોકમાં, **ચ** - અને, **સઃ** - તેઓ.

શ્લોકાર્થ :

ભગવાન કૃષ્ણ કોઈ લૌકિક મનુષ્ય નથી. તેમને લૌકિક માનતા પણ નથી જ. તેમનામાં આપણો એવો ભાવ એવો છે કે તેઓ આ લોકમાં અને પરલોકમાં આપણું સર્વસ્વ છે.

વિવરણ :

શ્રીદ્વારકેશજી મહારાજ સમજાવે છે કે અહીં કૃષ્ણનું વિશેષણ 'પ્રભુઃ' આપ્યું છે. પ્રભુઃ એટલે સર્વ કરવાને સમર્થ. જેમની પાસે સર્વ સત્તા છે તે પ્રભુ કહેવાય. જે તેમની ઇચ્છા પ્રમાણે કરવા જેવું, ન કરવા જેવું, કરવા જેવું હોય તેનાથી વિરુદ્ધ એવું સર્વ કંઇ કરી શકે તે પ્રભુ કહેવાય. આખાયે બ્રહ્માંડમાં આવું પ્રભુત્વ કેવળ શ્રીકૃષ્ણમાં રહેલું છે. તેઓ પરબ્રહ્મ પરમાત્મા છે. તેથી તેમને પૂર્ણ પુરુષોત્તમ કહ્યા છે.

અહીં શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણઃ' પદનો પ્રયોગ કર્યો છે. 'કૃષ્ણઃ' શબ્દનો અર્થ શ્રીદ્વારકેશજીએ 'ફલાત્મા' એવો કર્યો છે. ફલાત્મા એટલે ફળરૂપ ભગવાન. સંસ્કૃતમાં 'આત્મા' શબ્દ ભગવાનના અર્થમાં વપરાય છે. જેમ કે પરમાત્મા, ભાવાત્મા વગેરે. શ્રીદ્વારકેશજી સમજાવે છે કે ભગવાન સ્વયં ફળરૂપ છે. ઉપનિષદોએ કૃષ્ણ શબ્દની સુંદર વ્યાખ્યા આપી છે. તેમાં 'કૃષ્ણ' શબ્દનો અર્થ છે સર્વ શક્તિમાન અને સૌને પોતાના તરફ ખેંચનારા. સામાન્ય રીતે જે વિશેષ શક્તિમાન હોય, તે બીજાઓને પોતાના તરફ આકર્ષે.

વિજ્ઞાનનો પણ આ જ સિદ્ધાંત છે. સૂર્ય વિશેષ શક્તિમાન છે, તેથી સૂર્યમંડળમાં રહેલા અન્ય ગ્રહો સૂર્યની આજુબાજુ ગુરુત્વાકર્ષણના બળથી સતત પરિભ્રમણ કરે છે. પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણનું બળ છે, તેથી ઉપર ફેંકાતા પદાર્થો પણ એ બળથી ખેંચાઇને પૃથ્વી ઉપર આવીને પડે છે. આ તો ભૌતિક બળની વાત થઇ. પરમાત્માનું બળ દિવ્ય બળ છે. એ બળ પાસે ભૌતિક બળની કોઇ તાકાત નથી. જેમ બધી નદીઓ સમુદ્ર તરફ વહી જાય છે, તેમ જગતના બધા પ્રાણીઓ અને પદાર્થો અંતે તેમના તરફ ખેંચાય છે.

'કૃષ્' શબ્દથી તેમનું સર્વભવનસામર્થ્ય અને આકર્ષણની પરમ શક્તિ ધ્યાનમાં આવે છે. પરમાત્મા કેવળ શક્તિમાન છે એટલું જ નથી. 'ણ' શબ્દનો અર્થ છે આનંદ. પરમાત્મા સર્વ શક્તિમાન હોવા ઉપરાંત પૂર્ણાનંદ છે. ઇશાવાસ્ય ઉપનિષદે પરમાત્માના આનંદ સ્વરૂપની ઘણી સુંદર સમજ આપી છે. લૌકિક મનુષ્યમાં આનંદનો આભાસ-પડછાયો-દેખાય છે.

મનુષ્યનો આનંદ સાચો આનંદ નથી. ઇન્દ્રિયોના વિષયોમાંથી ક્ષણિક રીતે જન્મતો દૂષિતાનંદ છે. એ આનંદ પરિપૂર્ણ નથી. માણસનો આનંદ લઇ લેવામાં આવે તો માણસ પાછો દુઃખી થાય છે. એના આનંદમાં વધઘટ થતી રહે છે. માટે એ પૂર્ણાનંદ નથી. દેવોના આનંદમાં પણ એક સીમા છે. તેમાં પણ વધઘટ થાય. એટલે દેવોનો આનંદ પણ પૂર્ણાનંદ નથી. પૂર્ણાનંદ કેવળ પરમાત્મા છે. એમનો આનંદ સાગર જેવો છે. સાગરમાં બધી નદીઓ ઠલવાઇ જાય તો ય સાગરમાં કદાપિ પૂર ન આવે. સાગરમાં કોઈક કારણસર એકપણ નદી ન ઠલવાય, તો ય સાગરનાં પાણી ઘટે નહિ. સાગરમાં ગમે તેટલું પાણી રેડો કે કાઢી લો, સાગરમાં કોઇ વધ-ઘટ થશે નહિ. સાગર કદી સુકાશે નહિ. તે હંમેશા એકસરખો જ રહેશે. એવું પ્રભુના આનંદનું પણ છે. તેઓ જગતને પોતાનો બધો આનંદ આપી દે તો પણ એમનામાં આનંદની ઓટ આવતી નથી. જગતમાંથી બધો આનંદ ખેંચી લે તો ય તેમના આનંદમાં પૂર આવતું નથી. જે આવા સંપૂર્ણ હોય એ જ પોતાનો આનંદ સંપૂર્ણ રીતે આપી શકે.

વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત જેવાં બધાં શાસ્ત્રોએ એક વાત સમજાવી કે પૃથ્વી ઉપર આવેલા જીવાત્માને સૌથી મોટી ખોટ હોય તો તે આનંદની છે. એ પરમાત્માનો અંશ હોવાથી, તેનામાં પરમાત્માના સત્, ચિત્ અને આનંદ અંશ હતા. પરંતુ તેનામાં સત્ અને ચિત્ અંશ કાયમ રહ્યા, જ્યારે આનંદ અંશ લુપ્ત થઇ ગયો. તેથી જીવાત્મા જે કોઇ યોનિમાં જન્મે છે તેમાં જીવનભર આનંદ શોધતો રહે છે અને નિષ્ફળતાને પામે છે કારણકે સાચા આનંદનો ખજાનો તો આ જગતમાં ક્યાંય નથી. એ કેવળ પરમાત્મા પાસે છે. આથી શાસ્ત્રોએ કહ્યું કે માનવજીવનનું પરમફળ પરમાત્માનો દિવ્યાનંદ છે. આવું પરમફળ આપનાર કેવળ પરમાત્મા છે.

'કૃષ્ણ' શબ્દથી શ્રીમહાપ્રભુજી એવું સૂચવે છે કે આવા સર્વ સમર્થ પૂર્ણાનંદ શ્રીહરિ જ આપણા ફલાત્મા છે. એ જ કૃષ્ણતત્ત્વ સારસ્વત કલ્પમાં નંદયશોદાગૃહે 'કૃષ્ણ' નામ ધારણ કરીને પ્રગટ થયું હતું. આવા કૃષ્ણ ફલાત્મા હોવાથી, અપ્રાકૃત છે. અલૌકિક છે. સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છે.

ભલે તેઓ જગતમાં લૌકિક બાળકના સ્વરૂપે કૃષ્ણ બનીને પધાર્યા હોય, પરંતુ તેથી તેમને આપણા જેવા લૌકિક માનવા જોઈએ નહિ.

'કૃષ્ણ' શબ્દ વિપ્રયોગધર્મીસ્વરૂપનું સૂચન કરે છે. પુષ્ટિમાર્ગનું પરમ ફળ આ સ્વરૂપ છે. તેમનો અનુભવ અંતઃકરણમાં થાય છે. માટે શ્રીદ્વારકેશજીએ 'કૃષ્ણ' પદનો અર્થ ફલાત્મક કર્યો છે. આ સ્વરૂપ દિવ્ય, અલૌકિક જ હોય.

આપણને પ્રશ્ન થશે કે પ્રભુને લૌકિક માનવા એટલે કેવા માનવા? પ્રભુમાં કેવા વિચાર રાખીએ તો પ્રભુને લૌકિક માન્યા કહેવાય?

સામાન્ય રીતે આપણે પ્રભુનો વિચાર મુખ્યત્વે બે રીતે કરીએ છીએ. એક તો પ્રભુને આપણા સ્વાર્થનું સાધન માનીએ છીએ. આપણો સ્વાર્થ સિદ્ધ કરવા આપણે પ્રભુનો ઉપયોગ કરીએ છીએ. જેમ કે કરે સેવા તો પામે મીઠા મેવા-એવી કહેવત આપણામાં પ્રચલિત થઈ છે. જેનો અર્થ છે કે મીઠા મેવા પામવા માટે સેવા કરવી. મીઠા મેવા એટલે લૌકિકનાં સુખો. ઘણા લોકો વધુ પૈસા કમાવવાના હેતુથી સેવા કરતા હોય છે. ઘણા લોકો એવા હેતુથી મંદિરમાં મનોરથો કરાવતા હોય છે. ક્યારેક તેમને દુનિયાદારીમાં ફાયદા થાય તો તેઓ મનોરથ કરાવે છે, અથવા દુનિયાદારીમાં ફાયદો મેળવવા મનોરથ કરાવે છે. આવી રીતે પ્રભુનો આપણા સ્વાર્થ માટે જ્યારે આપણે ઉપયોગ કરીએ છીએ ત્યારે તેમાંથી એક જ અર્થ નીકળે છે કે આપણે પ્રભુને ફલાત્મા-અલૌકિક સ્વરૂપ તરીકે ભૂલી ગયા છીએ અને તેમને લૌકિક માન્યા છે.

એક બીજી રીતે પણ આપણે પ્રભુને લૌકિક માનીને તેમની સાથે વ્યવહાર કરીએ છીએ. જેમ કે આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજી ચિત્ર કે મૂર્તિ છે એવું સમજીને તેમની સેવા પૂરા ભાવથી કરતા નથી. આપણી અનુકૂળતા પ્રમાણે સેવામાં ઉતાવળ કરીએ, વધ-ઘટ કરીએ અથવા કંઈક ગરબડ પણ કરીએ છીએ. આપણાં ઘરમાં બિરાજતા ઠાકોરજી પરમાત્મા છે, માટે જેમ રાજાની સામે થોડાક ભય અને આદરથી વ્યવહાર થાય એવો વ્યવહાર આપણે ઠાકોરજી સાથે કરતા નથી. શ્રીઠાકોરજીની

અલૌકિકતા ભૂલીને આપણે તેમની સેવા કર્યાનો દેખાવ કરીએ છીએ. આવી સ્થિતિમાં આપણા માટે પ્રભુ લૌકિક બની જાય છે.

આપણે ગૃહસ્થી છીએ. ગૃહસ્થી તરીકેનાં કાર્યોને આપણે પ્રભુના કરતાં વધારે પ્રાધાન્ય આપીએ છીએ. જેમ કે કોઇક સગાંને મળવા જવું છે, કોઇકને ત્યાં લગ્નમાં જવું છે, આપણે ત્યાં મહેમાનો આવવાના છે એવા બધાં કારણો રોજ આવતા રહે છે, તેને લઇને આપણે સરખી રીતે સેવા કરતા નથી. સેવા કરતાં કરતાં પણ લૌકિક વાતો અને વિચારો ચાલ્યા કરતા હોય છે. શ્રીઠાકોરજી પાસે વારંવાર આપણાં નાનાં મોટાં દુઃખો દૂર કરવાની આપણે પ્રાર્થના કરીએ છીએ. કદાચ આપણાં દુઃખ દૂર ન થાય તો શ્રીઠાકોરજીને દોષ આપતા પણ આપણે અચકાતા નથી. એક માતા એના નાના બાળકેને જે રીતે સાચવે , તે રીતે આપણે શ્રીઠાકોરજીને સાચવતા નથી. આ બધી આપણી પ્રભુ પ્રત્યેની લૌકિકતા છે. આવી લૌકિકતાને કારણે આપણામાં બહિર્મુખતા આવી ગઇ હોય છે. એ સ્થિતિમાં આપણે સેવા કરવાનો જે દેખાવ કરીએ છીએ તેને પ્રભુ અંગીકાર કરતા નથી. એમ શ્રીદ્વારકેશજી સમજાવે છે. પ્રભુને બહિર્મુખજનોએ કરેલી સેવાની કોઇ અપેક્ષા નથી. કેવળ ભક્તોની ભાવ સહિતની સેવાની અપેક્ષા છે.

શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંતમુક્તાવલી' ગ્રંથમાં પણ ટકોર કરી હતી કે જે વૈષ્ણવો લોકાર્થી બનીને શ્રીઠાકોરજીની સેવા કરે છે, તેમને પ્રભુસેવાનું અલૌકિક ફળ ભગવત્પ્રાપ્તિ મળતું નથી. સ્વાર્થથી સેવા કરનારનો લૌકિક સ્વાર્થ સિદ્ધ થતો નથી. કારણકે ભગવાન તો સંસારવેરી છે. ભક્તનો સંસાર દૂર કરનારા છે. ભક્તને સંસારમાં ડૂબાડનારા નથી. જેનાથી ભક્તમાં અહંતા-મમતારૂપી સંસાર વધે એવું કંઇક પ્રભુ થવા દેતા નથી. જો સેવા દ્વારા ભક્ત સંસાર વધારવા માંગતો હોય તો ભગવાન તે વધારવા દેશે નહિ. તેને સંસાર છોડાવવા માટે જરૂરી દુઃખોનું દાન પણ કરશે. એ રીતે પ્રભુ ભક્ત ઉપર કઠોર કૃપા કરે છે.

પુરાણોમાં નારદજીનો પ્રસંગ છે. પૃથ્વી ઉપર રાજકન્યાને જોઇને નારદજી જેવા બાલબ્રહ્મચારી સંયમી અને ત્યાગી ભગવદ્ભક્તનું મન સંસારાસક્ત થયું. રાજકન્યાને પરણવા અને સંસારનાં સુખો ભોગવવા તેઓ ભારે ઉત્સુક

બન્યા. તેઓ ભગવાનની પાસે વૈકુંઠમાં ગયા. ત્યાં શ્રીનારાયણ ભગવાનને વિનંતી કરી, 'હે નાથ! ફલાણી રાજકન્યા સ્વયંવરમાં મને વરમાળા પહેરાવે એટલા માટે મને સુંદર દેહાકૃતિ પ્રદાન કરો.' શ્રીનારાયણ ભગવાન મનમાં હસ્યા. તેમણે વિચાર કર્યો મારો ભક્ત મને વિસરી રાજકન્યામાં આસક્ત થાય તો એનું અધઃપતન થાય. એવું મારાથી થવા દેવાય નહિ. બાળક અબુધ હોય એટલે સાપને પકડવા જાય, પણ મા અબુધ હોતી નથી. એટલે સાપને પકડવા ન દે. ભગવાને નારદજી પર કૃપા કરવા નારદજીનું મોં વાનરમુખ બનાવી દીધું. નારદજીને આ વાતની ખબર નથી. તેઓ સ્વયંવર મંડપમાં ગયા. ત્યાં રાજકન્યાથી લઈને સૌએ તેમની ઘોર મશ્કરી કરી. તેઓ ઘણા અપમાનિત થયા. ઘણા વ્યગ્ર બનીને ગામ બહાર નદીના કિનારે જઈને બેઠા. અનાયાસ નદીના જળમાં તેમનું મુખ જોયું, અપમાનનું કારણ સમજી ગયા. રાજકન્યા પ્રત્યેનો મોહ ચાલ્યો ગયો. એમને ભગવાનની કૃપાનાં દર્શન થયાં.

આમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાન જે જીવને પોતાનો માને છે તે પ્રભુને ભૂલવાનો કે પ્રભુથી વિમુખ થવાનો જો અપરાધ કરે તો ભગવાન દંડ આપીને તેના ઉપર અનુગ્રહ કરે છે અને તેને ભગવાનથી વિમુખ થવા દેતા નથી. આથી, શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે હે વૈષ્ણવો! તમારા લૌકિક સ્વાર્થમાં ભાન ભૂલીને તમે આપણા સેવ્ય પ્રભુ શ્રીકૃષ્ણને લૌકિક માનશો નહિ. તમારા લૌકિક સુખો મેળવવા માટે તેમનો ઉપયોગ કરશો નહિ. આ વાંચીને આપણને પ્રશ્ન થાય કે આપણે પ્રભુને લૌકિક ન માનવા, તો તેમને કેવા માનવા? તેમની સાથેનું આપણું વર્તન કેવું હોવું જોઈએ? એના જવાબમાં શ્રીમહાપ્રભુજી આગળની પંક્તિમાં સમજાવે છે. શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે કે ભાવસહિત સેવા કરવી જોઈએ. ભાવ અલૌકિક સાધન છે અને અલૌકિક ફળ પણ છે. ભાવ એટલે પ્રેમ. પ્રભુમાં નિષ્કામ પ્રેમ એનું નામ ભાવ. લૌકિક પ્રેમ નિષ્કામ હોતો નથી, માટે તેને મોહ કહેવામાં આવે છે. જ્યારે પ્રભુમાં કોઈપણ સ્વાર્થ વિનાનો અહેતુક નિષ્કામ પ્રેમ હોય, તેને ભાવ કહેવામાં આવે છે. પ્રભુ ભાવાત્મા છે. અર્થાત્ ભાવનું સાક્ષાત્ સ્વરૂપ છે. પ્રેમ સ્વરૂપ પ્રભુને પ્રેમથી જ પામી શકાય છે. અન્ય કોઈ રીતે પામી શકાતા નથી. અલૌકિક પ્રેમમાં

લૌકિક વિષયોની ગંધ પણ હોતી નથી. તેમાં કેવળ પ્રભુના સુખનો જ વિચાર હોય છે. આમ, પ્રભુના સુખનો વિચાર એ સેવાનું અલૌકિક સાધન છે.

આવો ભાવ કેવી રીતે થાય? એવો આપણને પ્રશ્ન થશે. શ્રીમહાપ્રભુજીએ અન્યત્ર સમજાવ્યું કે ભાવ ભાવના વડે સિદ્ધ થાય છે. ભાવના અને કલ્પનામાં ઘણો તફાવત છે. લૌકિક બાબતોની કલ્પના થાય, તેની ભાવના ન થાય. જ્યારે અલૌકિક બાબતોની ભાવના હોય, કલ્પના નહિ. ક્યારેક કલ્પના સાચી ન પણ હોય. પરંતુ ભાવના હંમેશાં સત્ય હોય છે. આથી શ્રીમહાપ્રભુજીએ ત્રણ પ્રકારની ભાવના બતાવી.

(૧) સ્વરૂપ ભાવના - શ્રીઠાકોરજીનું જે સ્વરૂપ તમારા ત્યાં બિરાજે છે એ સ્વરૂપની ભાવના સમજવી. જેમ કે શ્રીનાથજીનું સ્વરૂપ. આપનો જમણો હસ્ત કટિ ઉપર ધારણ કરી, ડાબો હસ્ત ઊંચે રાખી આપ ભક્તોને પોતાના ચરણમાં બોલાવે છે. નિકુંજના દ્વાર ઉપર ઠાડા છે, કારણકે આપ નિકુંજનાયક છે. પોતાના ભક્તોને નિકુંજમાં લઈ જવા માટે આપ ત્યાં ઠાડા છે. આપનું શ્રીઅંગ શ્યામ છે, કારણકે શ્યામ રંગ શૃંગારનો રંગ છે. આપ પોતે અલૌકિક શૃંગારરસનું સ્વરૂપ છે. આમ, ભગવત્ સ્વરૂપનું ચિંતન સ્વરૂપ ભાવના દ્વારા કરવાથી, એ સ્વરૂપમાં અલૌકિક પ્રેમ વધે છે.

(૨) લીલાભાવના - શ્રીઠાકોરજી વ્રજમાં ૧૧ વર્ષ અને ૫૨ દિવસ બિરાજ્યા. તે દરમ્યાન આપે ઘણી અલૌકિક રસાત્મક લીલાઓ કરી. માખણચોરી, દાનલીલા, સાંઝીલીલા વગેરે. આ બધી લીલાઓનું મનમાં ચિંતન કરવું તેનું નામ લીલાભાવના. સેવામાં નિત્યનો અને ઉત્સવનો સેવાપ્રકાર હોય છે. સેવાની દરેક બાબતમાં તે તે સમયની શ્રીઠાકોરજીની અલૌકિક લીલાનું ચિંતન કરતાં કરતાં સેવા કરવાથી એ લીલાઓના ચિંતન દ્વારા પ્રભુમાં અને સેવામાં અલૌકિક ભાવ વધે છે.

(૩) ભાવભાવના - સેવામાં ઘણા પદાર્થોનો ઉપયોગ થાય છે. આપણી લૌકિક દૃષ્ટિથી તે બધા જડ દેખાય છે. જેમ કે ઝારીબંટા, ગાદીતકિયા વગેરે. પરંતુ તેઓ જડ નથી, શ્રીઠાકોરજીની સેવામાં તેમનાં દિવ્ય સ્વરૂપો છે. વ્રજભક્તોનાં એ વિવિધ સ્વરૂપો છે. જેમ કે ઝારીજી શ્રીયમુનાજીનું સ્વરૂપ

છે. ગાદીતકિયા શ્રીયશોદાજીની ગોદનું સ્વરૂપ છે. આમ, સેવાનાં સર્વ સાધનો સ્વરૂપાત્મક છે એવી ભાવના રાખીને એ સાધનોનો સેવામાં વિનિયોગ કરવાથી પ્રભુમાં અને સેવામાં આપણો અલૌકિક ભાવ વૃદ્ધિ પામે છે અને દૃઢ થાય છે. તેને લઈને પ્રભુમાં અને સેવામાં લૌકિકતા આવતી નથી. આમ, ભાવનાઓ ભાવ દૃઢ કરવાનું સાધન છે. આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ફલાત્મા સર્વકરણસમર્થ ઠાકોરજીની સેવા ભાવપૂર્વક કરવી જોઈએ. તો બહિર્મુખતાથી બચી શકાશે.

'અસ્મદીયઃ' શબ્દથી શ્રીમહાપ્રભુજી એમ સૂચવે છે કે ઉપર બતાવ્યા પ્રમાણે આપણા હૃદયના ભાવપૂર્વક સેવા કરવી. આવો ભાવ ભગવત્ કૃપાથી પ્રાપ્ત થાય છે. તે આપણું અલૌકિક સાધન છે. શ્રીમહાપ્રભુજી એમ પણ આજ્ઞા કરે છે કે મારા હૃદયમાં પ્રભુ પ્રત્યે આવો ભાવ રહેલો છે. તેઓ આપણું સર્વસ્વ છે. તેઓ સર્વથી પર છે. આ લોકમાં અને પરલોકમાં તેમના સિવાય અન્ય કોઈ આપણું નથી. તેઓ કેવળ આપણા છે. આવી તેમનામાં અનન્યતા રાખવી જરૂરી છે. આવો જે ભાવ મેં સેવ્યો છે એ જ ભાવથી તમે પણ પ્રભુને સેવો. પ્રભુને તમારું સર્વસ્વ માનીને સેવો. પ્રભુથી કોઈનેય સર્વોપરી માનશો નહિ. પ્રભુને જ તમારું સર્વસ્વ ગણજો. આવી રીતે તમે પ્રભુના થઈને રહેશો, ભાવપૂર્વક પ્રભુની સેવા કરશો, પ્રભુમાં તમારો ભાવ વધારશો તો તમને બહિર્મુખ થવાનો ભય રહેશે નહિ.

શ્લોક : ૩ - ૩$^{૧}/_{૨}$

પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા ॥૩॥
સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ॥૩$^{૧}/_{૨}$॥

શબ્દાર્થ :

પરલોક - પરલોક, **ચ** - અને, **તેન** - તેથી, **અયમ્** - આ (લોક), **સર્વભાવેન** - સર્વ ભાવથી, **સર્વથા** - સર્વ પ્રકારે, **સેવ્યઃ** - સેવવા જોઈએ, **સઃ** - તે, **એવ** - જ, **ગોપીશઃ** - શ્રીગોપીજનવલ્લભ, **વિધાસ્યતિ** - કરશે, **અખિલ** - બધું, **હિ** - ચોક્કસ, **નઃ** - આપણું. (તમારું)

શ્લોકાર્થ :

તેથી શ્રીગોપીજનવલ્લભનેજ સર્વ ભાવથી સર્વ પ્રકારે સેવવા જોઈએ, તેઓ જ આપણું પરલોક અને આ લોકનું બધું છે.

વિવરણ :

'પરલોક' એટલે સ્વર્ગ વગેરે. 'ચ' શબ્દથી આ લોકને સમજવાનો છે.

શ્રીમહાપ્રભુજી આ આજ્ઞા કરી રહ્યા હતા ત્યારે તે જ સમયે ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પ્રગટ થયા. તેથી ભગવાનનાં દર્શન કરીને આપ એમનું સેવાફળ બતાવી રહ્યા છે. માટે સામે બિરાજતા પ્રભુને સૂચવીને 'અયમ્' એટલે આ એવો પદપ્રયોગ કર્યો. પ્રભુ જ્યાં સુધી પરોક્ષ હતા, ત્યાં સુધી આપના માટે 'સ એવ ગોપીશઃ' એમ કહ્યું હતું.

અહીં પ્રભુના માટે 'ગોપીશ' શબ્દ વાપર્યો છે. તેનું કારણ એ છે કે ગોપીજનોમાં લઘુરાસના પ્રસંગમાં મદ અને માન જાગ્યું ત્યારે આપ તિરોધાન થયા હતા. ગોપીજનોમાં જ્યારે દૈન્ય પ્રગટ થયું ત્યારે આપ ગોપીજનોનાં મંડળમાં ફરીથી પ્રગટ થયા હતા અને ગોપીજનોના સ્વામી બનીને તેમનું પાલન કર્યું હતું. આથી આવા પ્રભુ આપણા સ્વામી છે. એમની સાથેના વ્યવહારમાં આપણે દીનતા રાખવી જોઈએ. એમને લૌકિક સમજી આપણામાં મદ કે માન ન જાગવું જોઈએ એમ સમજાવવા માટે અહીં 'ગોપીશ' પદનો પ્રયોગ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આવા આ પ્રભુ જે મારી સામે અત્યારે બિરાજી રહ્યા છે તેઓ જ આપણું પરલોક છે અને તેઓ જ આપણું આ લોક પણ છે. એ પ્રભુ સિવાય આ લોક અને પરલોકમાં અન્ય કોઈ ફળની કામના વૈષ્ણવોને હોઈ શકે નહિ. તેઓ શ્રીગોપીજનવલ્લભ છે એ વાત ભૂલવી નહિ. જેમ સ્વામી પોતાના સેવકનું રક્ષણ કરે તેમ તેઓ પોતાના ભક્તોનું રક્ષણ કરનારા છે. ભક્તોના હિતકારી છે. પરંતુ ભક્તમાં અભિમાન થાય અને ભક્તમાં અહંકાર આવે તો તે બન્ને બાબતો પ્રભુ સહન કરતા નથી. પોતાના ભક્તનું રક્ષણ કરવા માટે અહંકારી અને અભિમાની ભક્તને દંડ કરે છે. તેની પાસેથી આપ અંતર્ધાન થઈ જાય છે.

આથી, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સર્વ પ્રકારે એમની સેવા કરવી. સર્વ પ્રકારે સેવા કરવી એટલે તન, મન અને ધન ત્રણે એકસાથે તેમનામાં જોડીને તેમની સેવા કરવી. સેવા સર્વ ભાવથી કરવી. 'નિરોધલક્ષણ' ગ્રંથમાં બતાવ્યા પ્રમાણે બધી ઇન્દ્રિયોને અને તેની ક્રિયાઓને ભાવપૂર્વક પ્રભુમાં જોડીને સેવા કરવી. પ્રભુ આપણો જેવો ભાવ અંગીકાર કરવા ઇચ્છશે, એવો ભાવ આપણા હૃદયમાં પ્રગટ કરશે. પતિ, પુત્ર વગેરે જેવો ભાવ પ્રભુમાં જાગે એવા ભાવથી પ્રભુની સેવા કરવી. સેવા શરીરથી, વાણીથી અને મનથી કરવી. ત્રણેય વસ્તુઓ એકસાથે સેવામાં લગાડવાથી આપણું ચિત્ત સેવામાં એકાગ્ર થશે.

આવી રીતે સેવા કરતાં કરતાં આપણે સર્વ રીતે પ્રભુના સંપૂર્ણ શરણાગત બનવાનું છે. શરણાગતિથી આરંભીને પ્રભુના આશ્રિત બનવા સુધી આપણી સર્વ પ્રકારની તન, મનની સ્થિતિ પ્રભુ જ કરશે. તેની ચિંતા કરવાની જરૂર નથી.

આપણે એટલું જ ધ્યાનમાં રાખવાનું કે કોઈપણ રીતે કોઈપણ વખતે બહિર્મુખ ન થવાય.

શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે કે આ ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજીએ સ્વવંશને અને સ્વકીય સેવકોને ચાર શિખામણ આપી. જે આ પ્રમાણે છે: (૧) આ જન્મમાં કદી બહિર્મુખ ન થવું. સદા પ્રભુની સન્મુખ રહેવું. (૨) પ્રભુમાં લૌકિક ભાવ ન કરવો. (૩) મારા હૃદયમાં પ્રભુ પ્રત્યે જે પ્રકારનો ભાવ છે એવો જ ભાવ રાખવો, અર્થાત્ પ્રભુને આપણું સર્વસ્વ જાણવા. (૪) સર્વ પ્રકારે સર્વભાવથી તેમની સેવા કરવી.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી અને સૌ સેવકોને શિક્ષા પ્રદાન કરી. ત્યારબાદ પ્રભુની ત્રીજી આજ્ઞાનું પાલન કરવા અષાઢ સુદ બીજ-ત્રીજ ભેગી હોવાથી તે દિવસે આસુરીજનોને વ્યામોહ કરવા આપે ગંગાપ્રવેશ કર્યો. ત્યારે ત્યાં ઉપસ્થિત સૌએ જળમાંથી પ્રકટ થઇને આકાશ તરફ જતો અગ્નિપુંજ જોયો એમ જાણવામાં આવેલું છે.

આ ટીકાનો ઉપસંહાર કરતાં શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી રચિત સાડા ત્રણ શ્લોકની આ શિખામણ ઉપર શ્રીદ્વારકેશજીએ વિવૃત્તિ રચી છે તેનાથી શ્રીગુસાંઈજી પ્રસન્ન થાવ.

પ્રભુએ કરેલી આજ્ઞા : આ પ્રસંગ આગળ જોઈ ગયા તેમ શ્રીમહાપ્રભુજીની સન્મુખ શ્રીઠાકોરજી પ્રગટ થયા હતા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા યોગ્ય છે એવી મહોર શ્રીઠાકોરજીએ મારી હતી. શ્રીઠાકોરજીએ પણ તે સમયે દોઢ શ્લોકથી નીચે પ્રમાણે આજ્ઞા કરી હતી.

મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે ।
તદા કૃતાર્થા યૂયં હિ શોચનીયં ન કર્હિચિત્ ॥૧॥
મુક્તિર્હિત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ॥૧$^{૧}/_{૨}$॥

શ્લોકાર્થ :

જો મારામાં અર્થાત્ શ્રીગોપીજનવલ્લભમાં તમને વિશ્વાસ છે તો તમે કૃતાર્થ છો. તમારે કોઈપણ પ્રકારનો શોક કરવાનો રહેશે નહિ. અન્યથા ૨૮ તત્ત્વરૂપનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં નિર્વિષયી બનીને સ્થિતિ કરવી તેનું નામ મુક્તિ છે.

વિવરણ :

શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને અનુમોદન આપ્યું. જે જીવોને પોતાના સ્વામી એવા શ્રીગોપીજનવલ્લભમાં પૂર્ણ વિશ્વાસ છે તેનું બધું યોગક્ષેમ તેઓ જ સાચવે છે. તેને ઉત્તમમાં ઉત્તમ ફળની અવશ્ય પ્રાપ્તિ થાય છે. તદીય જીવ સર્વ રીતે કૃતાર્થ છે. તેને ભવિષ્યમાં કોઈપણ પ્રકારની ચિંતા કરવાનું કોઈ કારણ રહેતું નથી.

માટે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે જો તમે મારા છો તો તમારે કોઈપણ રીતે શોક કરવો નહિ. કારણકે શ્રીમહાપ્રભુજી ભક્તોને માટે ભૂતળનો ત્યાગ કરતા નથી. આસુરીજનોને માટે આ લીલા થઈ રહી છે. જેમ સારસ્વતકલ્પમાં શ્રીકૃષ્ણ વ્રજમાંથી મથુરા પધાર્યા ત્યારે વિરહાતુર

ગોપીજનો વ્રજ છોડીને મથુરા ગયાં નથી. કારણકે આજ સુધી જે સ્વરૂપનો આંખોથી અનુભવ થતો હતો તે જ સ્વરૂપ હવે અંતઃકરણમાં પોતાનો અનુભવ કરાવે છે. આમ, શ્રીમહાપ્રભુજી પણ ભક્તોના હૃદયમાં સદા માટે બિરાજમાન છે. એટલે ભૂતળ ઉપરથી આપ પધારી ગયા છે એવો વિચાર કરીને ભક્તોએ શોક કરવો જોઇએ નહિ.

પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગ કરતાં મોક્ષના જુદા સ્વરૂપનો વિચાર છે. જ્ઞાનમાર્ગ પ્રમાણે ૨૮ પ્રકારના તત્ત્વરૂપોનો ત્યાગ કરીને આત્મા સર્વ વિષયો છોડી, તેના પોતાના સ્વરૂપમાં એટલે કે અક્ષરબ્રહ્મમાં લીન થાય તેને મોક્ષ કહે છે. આવો મોક્ષ પુષ્ટિભક્તોને અભિપ્રેત નથી. પુષ્ટિભક્તોને સદા સર્વદા સાક્ષાત્ ભગવત્સાન્નિધ્ય જ અભિપ્રેત છે. માટે હૃદયમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીમાં જ મનને રમતું રાખજો અને એમનો અનુભવ કરજો. આપની આસુરવ્યા-હમોહલીલાનો વૈષ્ણવોએ શોક કરવાનો હોય નહિ.

આ પ્રમાણે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી. આ ગ્રંથની આ વિશેષતા છે. તેમાં શ્રીમહાપ્રભુજી સાડા ત્રણ શ્લોકથી શિખામણ આપે છે અને પછી દોઢ શ્લોકથી તેને શ્રીઠાકોરજીનું અનુમોદન છે. આમાં શ્રીમહાપ્રભુજીની અને શ્રીઠાકોરજીની બંને સ્વરૂપોની દિવ્ય વાણી બિરાજમાન છે. તેથી આ ગ્રંથના કુલ પાંચ શ્લોકોનો વૈષ્ણવોએ પ્રતિદિન અર્થના અનુસંધાન સાથે પાઠ કરવો જોઇએ અને તેમાં કરેલી આજ્ઞા પ્રમાણે પ્રભુની સન્મુખ રહેવું જોઇએ. પ્રભુથી બહિર્મુખ ન થવાય તેની સતત તકેદારી રાખવી જોઇએ. ફરીથી શ્રીમહાપ્રભુજીની ચાર આજ્ઞાઓને યાદ કરી લઇએ.

(૧) હંમેશાં પ્રભુ સન્મુખ રહેવું.

(૨) પ્રભુમાં લૌકિક ભાવ ન કરવો.

(૩) પ્રભુને આપણા સર્વસ્વ જાણવા અને

(૪) સર્વથા સર્વભાવથી પ્રભુની સેવા કરવી. શ્રીઠાકોરજીએ દોઢ શ્લોકમાં પુષ્ટિમાર્ગનું સ્વરૂપ સમજાવી દીધું. બ્રહ્માસ્ત્ર અને ચાતક ન્યાયથી જો

શ્રીગોપીજનવલ્લભમાં આપણે વિશ્વાસ રાખીએ તો એ વિશ્વાસ જરૂર આપણને કૃતાર્થ કરી દે. પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ જ મુખ્ય સાધન છે. જે જીવ બીજાં સાધનબળ છોડી વિશ્વાસનું અવલંબન કરે તેને શરણથી લઈને ભગવદાશ્રય સુધીનું દાન તેમજ સર્વોત્તમ ફળ પ્રભુ પોતે આપે છે. આ વાત હંમેશાં યાદ રાખવી.

■

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી
વિરચિત

પંચશ્લોકી

✿

ટીકા - સાહિત્ય
ઉપલબ્ધ નથી

પંચશ્લોકી

[મૂળ સંસ્કૃત ગ્રંથ]

ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્યક્તું ન શક્યતે ।
કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત કૃષ્ણોऽનર્થસ્ય મોચકઃ ॥૧॥

સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્ત્યક્તું ન શક્યતે ।
સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સન્તઃ સંગસ્ય ભેષજમ્ ॥૨॥

અનુકૂલે કલત્રાદૌ વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ।
ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥૩॥

તત્ત્યાગે દૂષણં નાસ્તિ યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ।
અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલવિસર્જનમ્ ॥૪॥

કરિષ્યતીવિશ્વાસો ભર્તૃત્ત્વે વરણં યથા ।
આત્મનૈવેદ્યકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ ॥૫॥

■

પંચશ્લોકી

ભૂમિકા :

શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિસ્વરૂપ અને અમૃત સ્વરૂપ છે. અગ્નિનું કાર્ય છે કચરો બાળવાનું અને વસ્તુને શુદ્ધ કરવાનું. તેનું બીજું કાર્ય છે ઉષ્મા આપવાનું. તદુપરાંત તે અંધકાર દૂર કરીને પ્રકાશ આપે છે. સાથે સાથે રાત્રિના અંધકારમાં શિકાર માટે ભમતા જંગલી પશુઓને પોતાના તેજથી ગભરાવી દૂર ભગાડે છે. તેવી રીતે શ્રીમહાપ્રભુજી પણ પોતાના અલૌકિક સ્વરૂપથી અગ્નિના આ બધાં કાર્યો કરનારા છે. તેમના શરણે જનારા મનુષ્યોમાં દુનિયાના દુર્ગુણો રહેલા હોય છે. એ દુર્ગુણોને બાળીને તે સેવકોની ઇન્દ્રિયો, હૃદય અને અંતઃકરણને શુદ્ધ બનાવવાનું કાર્ય તેઓ કરે છે. સામાન્ય રીતે શરીરની અશુદ્ધિઓને દૂર કરી, શુદ્ધ કરવા માટે શાસ્ત્રોએ જ્ઞાનનો ઘણો કઠણ માર્ગ બતાવ્યો છે. તે આજના સમયમાં ભારે મુશ્કેલ છે. એ સંજોગોમાં શ્રીમહાપ્રભુજી કેવળ પોતાની કૃપાના પ્રતાપબળથી શરણે આવેલા સેવકની અશુદ્ધિઓ દૂર કરી તેને પ્રભુને લાયક શુદ્ધ બનાવે છે.

શ્રીમહાપ્રભુજી આ સાથે એક બીજી કૃપા પણ કરે છે. શરણે આવેલો જીવ હીન, પતિત, પાપી હોય છે. તે પોતાની આ દુઃખદ પરિસ્થિતિ માટે ગ્લાનિ અનુભવે છે. એનો એને સંતોષ પણ હોય છે. જેમ કે સૂરદાસજી શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને પદ ગાવા આજ્ઞા કરી હતી, ત્યારે સૂરદાસજીએ પોતાના દોષોનું દુઃખ વ્યક્ત કરતું પદ ગાયું હતું. તે સમયે શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને આજ્ઞા કરી કે 'તમે સૂર અર્થાત્ સૂર્ય છો, અથવા શૂરવીર છો. શૂરવીર થઈને અથવા સૂર્ય જેવા તેજસ્વી થઈને આવાં રોદણાં શા માટે રડો છો? પ્રભુના સેવક બન્યા પછી તમે તમારા દોષોને ભૂલી જાઓ કારણકે બ્રહ્મસંબંધ થતાં તમે વિશુદ્ધ બન્યા છો. હવે તમારું કર્તવ્ય કેવળ ભગવદ્ગુણગાન

કરવાનું જ છે. આમ શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને પોતાની ઉષ્મા આપી હતી. આ જ પ્રકારે શ્રીમહાપ્રભુજી તેમના ગ્રંથો દ્વારા સૌ વૈષ્ણવોને ઉષ્મા આપે છે.

જેમ અગ્નિ રાત્રિના અંધકારને દૂર કરી, પ્રકાશ ફેલાવે તેમ શ્રીમહાપ્રભુજી પણ આપણા અજ્ઞાનને દૂર કરી પુષ્ટિના માર્ગનો સાચો પ્રકાશ આપનાર છે. જેથી આપણે ખોટા રસ્તે ચઢી જઇને અથડાઇ, કુટાઇ ન જઇએ.

અગ્નિ શિકાર માટે ભટકતાં હિંસક પ્રાણીઓને દૂર ભગાડે છે. તેમનાથી આપણું વનમાં રક્ષણ કરે છે. આ સંસાર વન જેવો છે. સંસારમાં રહેલા કામ, ક્રોધ વગેરે હિંસક પશુઓ જેવા છે. તેવી રીતે પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રય, અસમર્પિત, અસદાલાપ અને દુઃસંગ પણ હિંસક પશુઓ જેવા છે. શ્રીમહાપ્રભુજી પોતાના દિવ્ય પ્રતાપબળથી એ બધાને આપણાથી દૂર રાખે છે અને પુષ્ટિના માર્ગે ચાલવા માટે આપણું રક્ષણ કરે છે.

આમ, શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિ સ્વરૂપે આપણું રક્ષણ અને પોષણ બંને કરનારા છે.

શ્રીમહાપ્રભુજીમાં વિરુદ્ધ પ્રકારના ગુણો એકસાથે રહેલા છે. જગતના કોઇ મહાપુરુષ માટે પણ તે શક્ય નથી. માણસ દેવતા જેવો ગરમ હોય અને અમૃત જેવો મીઠો હોય એ બંને બાબતો એક સાથે સંભવી શકે નહિ. ત્યારે શ્રીમહાપ્રભુજીમાં આ વિરુદ્ધ લાગતા બંને ગુણો રહેલા છે, કારણકે આ બંને ગુણો લૌકિક ગુણો નથી, પણ ભગવાનના દિવ્ય ગુણો છે. અમૃત ખૂબ જ મધુર હોય, પીનારને તેની મધુરતા પ્રસન્ન કરે. અમૃત અત્યંત શીતળ હોય, પીનારના કાળજાના દાહને શાંત કરે અને રોમરોમને શીતળ કરે. આ બે ગુણો તો દુનિયામાં બનતા શરબતમાં પણ હોય છે. પરંતુ અમૃત દુનિયાનું સાધારણ શરબત નથી. તે દિવ્ય પીણું છે. અમૃતમાં એક દિવ્ય શક્તિ છે, જે શરબતમાં નથી. તે છે અમર બનાવવાની શક્તિ. માટે તેને અમૃત કહ્યું છે. જેનાથી મૃત્યુ ન થાય તે અમૃત.

શ્રીમહાપ્રભુજી આવા દિવ્ય અમૃત સ્વરૂપ છે. આપનાં દર્શન અને વચન બંને મધુર છે. તેથી આપનાં દર્શનથી અને આપનાં વચનોના શ્રવણથી પ્રસન્નતા થાય છે. આપનું દર્શન અને વચન શીતળતા આપનારા છે. સંસારના દાવાનળથી દાઝેલાને ઠંડક આપનારા છે. આપનું દર્શન અને વચન દિવ્ય અમરત્વ પણ આપે છે. આપણને પ્રશ્ન થશે કે પુષ્ટિમાર્ગમાં દિવ્ય અમરત્વ કયું? આવો પ્રશ્ન એટલા માટે થશે કે ચોર્યાસી અને બસોબાવન જેવા ઉત્તમોત્તમ ભગવદીયો પણ તેમને મળેલ દેહથી કાયમ માટે પૃથ્વી પર રહી શક્યા નથી. તેમનો દેહવિલય પણ થયો ત્યારે દિવ્ય અમરત્વ તેમને પ્રાપ્ત નથી થયું એમ સમજવાનું?

આ પ્રશ્નનો જવાબ એ છે કે આ શરીરથી પૃથ્વી ઉપર કાયમ માટે જીવતા રહેવું તે સાચી અમરતા નથી. અમરતાનો સંબંધ શરીર સાથે નથી, આત્મા સાથે છે. ત્યારે પ્રશ્ન થશે કે આત્મા તો અમર છે જ, એનો ખુલાસો એ છે કે આત્મા અમર હોવા છતાં તેનાં કર્મબંધનોને કારણે તેને જુદી જુદી યોનિઓમાં જન્મ લેવો પડે છે. આ અમરતા નથી. મૃત્યુનો અનુભવ છે. શ્રીમહાપ્રભુજીએ આપણને એવી અમરતા પ્રદાન કરી કે જેમાં આત્માને અન્ય કોઈ યોનિમાં જન્મ લેવાની જરૂર જ ન પડે. આત્માને તેનું મૂળ સ્વરૂપ છે. જેમ આપણો આત્મા ભૌતિક શરીરમાં રહેલો છે, તેમ આપણો એ આત્મા જ્યારે તેના આધિદૈવિક-અલૌકિક શરીરમાં નિવાસ કરે ત્યારે તે આત્માનું અલૌકિક સ્વરૂપ બને છે. આવું સ્વરૂપ જે આત્માને પ્રાપ્ત થાય તે જ આત્મા ભગવાનની નિત્યલીલાના ધામમાં સદાને માટે રહી શકે. આ નિત્યલીલાધામને આપણે ગોલોકધામના નામે ઓળખીએ છીએ. એ ગોલોકધામમાં વસનારા આત્માઓને આપણે ભગવાનના લીલાપરિકર કહીએ છીએ. સાદી ભાષામાં તેમને ગોપ-ગોપી કહીએ છીએ. ચોર્યાસી-બસોબાવન જેવા ભગવદીયો આ ભૌતિક દેહ છોડીને ગયા ત્યારે તેમના દિવ્ય આત્માઓએ ગોલોકધામમાં પ્રભુની લીલાને અનુરૂપ ભક્તોના સ્વરૂપો ધારણ કર્યા હતાં. તે સ્વરૂપોથી તેઓ સદા ગોલોકધામમાં આનંદ સ્વરૂપ પ્રભુનો આનંદ માણી રહ્યાં છે. આ અલૌકિક અમૃતનો અનુભવ છે. આથી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે ગોલોકધામમાં દિવ્ય દેહથી સ્થિતિ થવી, તે અમરતા છે.

આ અમરતાનો અનુભવ તો મૃત્યુ પછીનો છે. પરંતુ શ્રીમહાપ્રભુજી અમૃત સ્વરૂપ હોવાથી આપણાં ઉપર એવી કૃપા કરનારા છે કે આપણને આ જન્મમાં આપણાં આ શરીરથી એ અમૃત-આનંદ-તત્ત્વનો સાક્ષાત્ અનુભવ આપણી સર્વ ઇન્દ્રિયો દ્વારા કરાવે છે. બહારથી દેખાતું આપણું આ શરીર ભૌતિક જ રહે છે, પરંતુ શ્રીમહાપ્રભુજીની કૃપાથી અંદરથી તે દિવ્ય બને છે. આમ, ભૌતિક શરીરને દિવ્ય બનાવીને કોઇ પ્રયત્ન વિના સહજ રીતે આપણને પ્રભુનો સાક્ષાત્ અનુભવ શ્રીમહાપ્રભુજી વિના કરાવી શકે નહિ. આનો અર્થ એ થયો કે આ જ જીવનમાં આપણને અમરતાનો-અમૃતનો અનુભવ થાય છે. જેની પાસે અમૃત હોય, તે જ બીજાને અમૃત આપી શકે. પણ તેમાં યે એક શરત તો રહેવાની જ. જેની પાસે વધારે અમૃત હશે તે બીજાને થોડું અમૃત આપશે. શ્રીમહાપ્રભુજી તો પૂર્ણ અમૃતના સાગર છે. સાગરમાં વધ-ઘટ થતી જ નથી, એટલે શ્રીમહાપ્રભુજી આપણને જે દિવ્ય અમૃત આપી શકે છે તે અન્ય કોઇ આપી શકતું નથી. શ્રીમહાપ્રભુજીનું આવું અમૃત સ્વરૂપ છે.

આપણને પ્રશ્ન થશે કે આપણી કેવી પાત્રતા હોય તો શ્રીમહાપ્રભુજીના આ બંને દિવ્ય ગુણો-અગ્નિતત્ત્વ અને અમૃતતત્ત્વનો આપણને લાભ મળે?

શ્રીમહાપ્રભુજીએ એનો જવાબ આપ્યો કે તમારાં સાધનોથી તો મારા આ સ્વરૂપને તમે નહિ પામી શકો. મારી કેવળ કૃપા જ તમને મારા સ્વરૂપની પ્રાપ્તિ કરાવશે. તે વિના બીજો કોઇ માર્ગ નથી. જ્યાં કર્મનો સિદ્ધાંત પાંગળો બનીને અટકી જાય છે-આગળ વધી શકતો નથી, ત્યાંથી કૃપાના સિદ્ધાંતની શરૂઆત થાય છે.

પ્રેમ માટે એમ કહેવાયું છે કે *પ્રેમ ન જુએ જાત-કજાત.* તે અહીં સાચું પડે છે, કારણકે કૃપાના પાયામાં પ્રેમ રહેલો છે, કર્મ રહેલું નથી. કોઇ માણસ કર્મ કરે, તો એના કર્મનું ફળ એને મળે. એ ફળ આપનાર માણસ કંઇ નવાઇ કરતો નથી. તે પોતાના તરફથી રાજી થઇને કંઇ વધારે આપી દેતો નથી. જેમ કે કોર્ટમાં ન્યાય આપવા માટે ન્યાયાધીશની

એક જ ફરજ હોય છે કે આરોપીના ગુણદોષનો વિચાર તટસ્થ દૃષ્ટિએ કરવો. આરોપી કદાચ ન્યાયાધીશનો સગો પણ હોય ત્યારે તે સગપણને ધ્યાનમાં લઈને ન્યાયાધીશ ન્યાય આપી શકતા નથી. ન્યાયાધીશ પોતાના તરફથી ગુનેગારને શિક્ષા કરી શકતા નથી. શિક્ષાનું કામ કાયદો કરે છે. ન્યાયાધીશની ફરજ કાયદાના પાલનની છે. સર્વોચ્ચ ન્યાયાલય પણ આ નિયમથી બંધાયેલી છે. ખૂનીને તે ફાંસીની સજા આપી શકે છે. સર્વોચ્ચ ન્યાયાલયથી ઉપર આપણા દેશમાં રાષ્ટ્રપતિ છે. તેઓ ખૂની ઉપર રહેમ કરીને ફાંસીની સજામાંથી તેને હળવી સજા કરી શકે છે. રાષ્ટ્રપતિને રહેમ કરવામાં કાયદો આડે આવતો નથી. આવી રીતે શ્રીપ્રભુ કે શ્રીમહાપ્રભુ, કર્મના કાયદાઓથી પર છે. કર્મબંધનથી અપરાધી બનેલા જીવને તેઓ પોતાના કૃપાબળથી ઉત્તમ ફળ આપી શકે છે. તેમાં તેમનો જીવ પ્રત્યેનો પ્રેમભાવ જ એકમાત્ર કારણ હોય છે.

આથી, શ્રીમહાપ્રભુજી પણ કૃપાનું સ્વરૂપ છે. સેવકોના ગુણદોષનો વિચાર કર્યા વિના કેવળ તેમના પ્રત્યેના પ્રેમથી તેમનો ઉદ્ધાર કરનારા છે. સેવકોને અભિમાન આવી જાય કે અમે દુષ્ટ હોવા છતાં અમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. શ્રીમહાપ્રભુજી અમારો ઉદ્ધાર કરવાના છે જ. એટલે અમે મન ફાવે તેમ વર્તીએ તો તેમાં કોઈ વાંધો નથી. આવું અવિચારી વર્તન વૈષ્ણવો ન કરે તેનું ધ્યાન પણ શ્રીમહાપ્રભુજી રાખે છે. માટે શ્રીમહાપ્રભુજીએ સેવકોને આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગમાં શરણે આવીને તમારે માર્ગનિષ્ઠા રાખવી પડશે.

આપણને પ્રશ્ન થશે કે માર્ગનિષ્ઠા કેવી રીતે રાખવાની, એનો જવાબ શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં આપ્યો છે. શ્રીહરિરાયજી સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીની કૃપા પ્રાપ્ત કરવાનું વૈષ્ણવો માટે એકમાત્ર સાધન છે, શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય. જેને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય છે, તેનું સર્વ કંઈ શ્રીમહાપ્રભુજીની કૃપાથી ચોક્કસ સિદ્ધ થાય છે. આ વાંચીને આપણને એવો વિચાર આવે કે આપણે દૃઢ આશ્રય રાખવા માટે દરરોજ દિવસમાં ચાર-પાંચ વખત 'દૃઢ ઈન ચરણન કેરો ભરોંસો' એ પદ ગાઈ લઈએ તો આપણે

કહી શકીશું કે જુઓ અમને આપનો દૃઢ આશ્રય છે. એટલે અમે આ પદ ગાઈએ છીએ. પરંતુ શ્રીહરિરાયજી એમ સમજાવે છે કે ભાઈ! કેવળ પદ ગાવાથી શ્રીમહાપ્રભુજી માની લેશે નહિ કે તમને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય છે. શ્રીમહાપ્રભુજી તો જ્ઞાનનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેઓ સાવ ભોળા નથી. અંતર્યામી છે. ચતુર શિરોમણિ છે. શ્રીમહાપ્રભુજીને કેવળ પદ ગાઈને આપણે છેતરી શકીશું નહિ.

તો આપણને ફરી પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય કેવી રીતે થાય? બીજો કયો ઉપાય? શ્રીહરિરાયજીએ તે માટે માર્ગદર્શન આપ્યું છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે બાળકને બાપમાં વિશ્વાસ હોય તો બાળકે બાપની આજ્ઞાને બરાબર સમજીને, બાપને શું અભિપ્રેત છે તે બરાબર જાણીને, તેનું પાલન કરવું જોઈએ. તો જ એમ કહી શકાય કે બાળકને બાપમાં વિશ્વાસ છે. જે બાળક બાપની આજ્ઞાનો અનાદર કરે તેને એના પિતામાં વિશ્વાસ છે એવું કોઈ માને નહિ. જે બાળક બાપની આજ્ઞા રટતો રહે, બધાની આગળ એના પિતાની આજ્ઞાની વાતો કરતો રહે, પણ પોતે એનું પોતાની રીતે પાલન કરે, બાપની આજ્ઞામાં બાપનું શું રહસ્ય છે તે જાણીને તેનું પાલન ન કરે, તો એમ કહી શકાય કે આ બાળક પોતાના લાભ માટે બાપની આજ્ઞાને દેખાવની ઢાલ બનાવીને જીવે છે. ક્યારેક એવું પણ બને કે બાળક બાપની આજ્ઞાની વાતો જ કરે પણ તેને અનુસરે નહિ. તો ય તે બાપનો વિશ્વાસ મેળવી શકે નહિ. બાપનો વિશ્વાસ મેળવવા માટે બાળકે બાપની આજ્ઞામાં બાપને જે અર્થ મંજૂર છે તે મુજબ પોતાનું વર્તન બનાવવું પડે, તો જ એમ કહેવાય કે આ બાળક પિતાનો દૃઢ આશ્રય કરનારો છે - પિતાને વફાદાર છે. આથી શ્રીહરિરાયજીએ માર્ગનિષ્ઠાનો પ્રકાર બતાવ્યો. આપણે શ્રીમહાપ્રભુજીના મૂળ ગ્રંથોને વાંચવા અને સમજવા જોઈએ. શ્રીમહાપ્રભુજી વાક્પતિ છે. આપની વાણી વેદવાણી જેવી છે. વેદવાણી સમજવી ઘણી અઘરી, તેમ શ્રીમહાપ્રભુજીની વાણીને સમજવાનું કામ પણ અઘરું. એ સૂત્રાત્મક છે. બહુ થોડા શબ્દોમાં શ્રીમહાપ્રભુજીએ પોતાનું હૃદય ખોલ્યું છે.

એક કવિએ પોતાની નવોઢા પત્ની માટે બહુ સુંદર વાત કહી. લગ્ન પછીની મિલનની પ્રથમ રાત્રિએ તેમના શયનખંડમાં પલંગ પર લાંબો ઘૂંઘટ કાઢી નવોઢા બેઠેલી છે. કવિ હૃદયનો પતિ, તેનું મુખ જોવા ઉત્સુક છે. તેના સૌંદર્યની વાતો સાંભળી છે, પણ એ રૂપરાશિ જોયો નથી. તે પત્નીને ઘૂંઘટ ખોલવા કહે છે, પણ પત્ની ઘૂંઘટ ખોલતી નથી. બહુ કાલાવાલા કરે છે, પણ પત્ની ટસની મસ થતી નથી. અનાયાસ ખુલ્લી બારીમાંથી પવનનો એક ઝોલો રૂમમાં આવે છે. એ ઝોલામાં તેનો ઘૂંઘટ સહેજ હવામાં ઊંચો થાય છે. તેને લઇને કવિપતિ પોતાની નવોઢા પત્નીની બે આંખો એકક્ષણ માટે જોઇ શકે છે. તે જોઇને તે એટલો પ્રસન્ન થાય છે કે તેના હૃદયમાંથી ઉદ્‌ગાર સરી પડે છે -

તને જોઈ જોઈ તો ય તું અજાણી,
બીજને ઝરુખે ઊગીતી પૂર્ણિમા, ઝાઝેરો ઘૂમટો તાણી.

એના જેવું શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના વાંચનનું પણ છે. શ્રીમહાપ્રભુજી સૂત્રાત્મક શૈલીનો ઘૂંઘટ તાણી, પોતાના ગ્રંથોમાં જાણે બિરાજ્યા છે. તેથી શ્રીમહાપ્રભુજીનું હાર્દ સમજી શકાતું નથી. તેમાં ય પાછું આપણને તો સામાન્ય સંસ્કૃત પણ ન આવડે. એ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથો લઇને બેસીએ તો પહેલા શબ્દમાં પણ આપણી ચાંચ ન ડૂબે, અને ડૂબે ને તો ય અર્થનો અનર્થ જ થાય. જેમ કે અક્ષરજ્ઞાન ન પામેલ એક ભોળા વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીનાં વચનોનો અનર્થ કર્યો. **'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ'** આમાં 'ચાપિ' શબ્દનો અર્થ તેમણે પોતાની રીતે કર્યો કે ચા પીને સ્મરણ ભજન કરવું. આવી ગરબડ થવાનો સંભવ રહેવાનો. આપણી ઓછી સમજશક્તિને લઇને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓને સમજવામાં ઘણી ગરબડો થઇ છે. આથી શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે શ્રીમહાપ્રભુજીની વાણીનો અર્થ આપણી પોતાની બુદ્ધિથી ન કરવો. જેમના પર શ્રીમહાપ્રભુજીની પૂર્ણ કૃપા થઇ છે અને તેને લઇને જેમણે શ્રીમહાપ્રભુજીની વાણીનો શુદ્ધ અર્થ અગાઉ કરેલો છે એવા મહાનુભાવો શ્રીગુસાંઇજી, આપનાં સાત બાળકો, શ્રીપુરુષોત્તમજી, શ્રીહરિરાયજી વગેરેની ટીકાઓને આધારે શ્રીમહાપ્રભુજીની વાણીનો અર્થ સમજવો.

શ્રીમહાપ્રભુજીની વાણીનો અર્થ સમજીને બેસી રહેવાથી ચાલશે નહિ. તે પ્રમાણે તે આજ્ઞાઓ જીવનમાં પાળવી પણ પડશે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓ આપણે ત્યારે જ પાળી શકીશું કે જ્યારે આપણને તેમનામાં દૃઢ વિશ્વાસ હશે અને તેમની તે આજ્ઞાઓને શુદ્ધ અને સરખી રીતે આપણે સમજ્યા હોઈશું. આજ્ઞાપાલન એ જ આજ્ઞાનો સ્વીકાર છે. જ્યાંસુધી આજ્ઞાપાલન નથી થયું ત્યાં સુધી આજ્ઞાનો સ્વીકાર પણ થયો નથી. જ્યાંસુધી હંમેશા માટે આજ્ઞાપાલન કરતાં ન થઈએ, ત્યાં સુધી આપણામાં માર્ગનિષ્ઠા આવી છે તેમ કહી શકાય નહિ. જ્યાંસુધી માર્ગનિષ્ઠા ન આવે ત્યાંસુધી શ્રીમહાપ્રભુજીનો આપણને દૃઢ આશ્રય છે એમ પણ કહી શકાય નહિ અને જ્યાંસુધી શ્રીમહાપ્રભુજીનો આવો દૃઢ આશ્રય ન થાય ત્યાંસુધી શ્રીમહાપ્રભુજીના અલૌકિક અગ્નિ અને અમૃત સ્વરૂપની કૃપાનું ફળ પામવા માટે આપણે અધિકારી બનતા નથી, તે હકીકત છે.

આ વિષયની આપણામાં કેટલી ગંભીરતા છે તે પણ એક પ્રશ્ન છે. શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં એક સ્થળે આજ્ઞા કરી કે આજે આપણી પાસે શ્રીમહાપ્રભુજી આદિ મહાનુભાવોના ઘણા ગ્રંથો બિરાજે છે. તે ગ્રંથોને સમજવાની ઘણી અનુકૂળતાઓ પણ આપણને મળેલી છે. શ્રીભાગવતજી પણ બિરાજે છે. તે પર શ્રીમહાપ્રભુજીના સુબોધિની પણ બિરાજે છે. ભગવત્સ્વરૂપો પણ બિરાજે છે. શ્રીમહાપ્રભુજીના હાર્દને સચોટ રીતે સમજાવી શકે એવા ગો. બાળકો પણ બિરાજમાન છે અને એ આજ્ઞાઓનું પાલન કરનારા ઉત્તમ વૈષ્ણવો પણ પૃથ્વી ઉપર છે. આ બધું હોવા છતાં શ્રીમહાપ્રભુજીના માર્ગમાં આપણી રુચિ થતી નથી. તેને કારણે માર્ગમાં પ્રવેશવા છતાં, છીએ ત્યાંના ત્યાં જ રહીએ છીએ. આગળ વધાતું નથી. તેને લઈને માર્ગનિષ્ઠા થતી નથી. પરિણામ એ આવે છે કે વૈષ્ણવજીવન શ્રીમહાપ્રભુજીની કૃપાથી મળી શકે તેવા દિવ્યફળની પ્રાપ્તિ વિના વેડફાઈ જાય છે.

આથી, આપણા સૌનું કર્તવ્ય છે કે માર્ગરુચિ જાગે એવા પ્રયત્નો આપણે કરવા પડશે. માર્ગરુચિ જાગૃત કરવા માટે શ્રીમહાપ્રભુજીના

ગ્રંથોનો સુયોગ્ય અભ્યાસ પણ કરવો પડશે. તે વિના માર્ગરુચિ જાગે નહિ. માણસને ભોજન માટે ભૂખ લાગવી જોઈએ. ભૂખ લગાડવા માટે તેણે પરિશ્રમ કરવો જોઈએ. એવી જ રીતે આપણે પણ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો સ્વાધ્યાય કરવો જોઈએ.

શ્રીમહાપ્રભુજીના ગ્રંથો જેવા કે ષોડશગ્રંથો, નિબંધ, અણુભાષ્ય, શ્રીસુબોધિનીજી વગેરેનાં નામ આપણે જાણીએ છીએ. કદાચ આપણને થોડીક એવી ખબર પણ છે કે તેમાં કયો વિષય છે. ષોડશગ્રંથો પૈકીના બે-ચાર ગ્રંથોનો આપણા નિત્યના ક્રમમાં આપણે પાઠ પણ કરતા હોઈએ છીએ. પરંતુ તેથી વિશેષ આ ગ્રંથોનું રહસ્ય જાણવામાં આપણે ઊંડા ઊતર્યા નથી, તે હકીકત છે.

શ્રીમહાપ્રભુજીનો પાંચ શ્લોકનો એક લઘુગ્રંથ છે. તેમાં પાંચ જ શ્લોક હોવાથી, તેનું નામ 'પંચશ્લોકી' છે. શ્લોક સંખ્યાને આધારે ગ્રંથનું નામ પડ્યું હોય એવો આ શ્રીમહાપ્રભુજીનો ત્રીજો ગ્રંથ છે. ષોડશગ્રંથમાં આવા બીજા બે ગ્રંથો છે. ચતુઃશ્લોકી અને પંચપદ્યાનિ. આ પંચશ્લોકી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પોતાનો સમગ્ર સિદ્ધાંત અતિ સરળ ભાષામાં છતાં અતિ સંક્ષેપમાં આપી દીધો છે. શ્રીમહાપ્રભુજી જાણે એમ આજ્ઞા કરી રહ્યા છે કે તમે આટલું જાણો અને આટલું કરો, બાકીનું બધું હું સાચવી લઈશ.

આ ગ્રંથ ક્યારે લખાયો, કોના માટે લખાયો, કેમ લખાયો તેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આપણને સીધી કોઈ આજ્ઞા પણ કરી નથી. માત્ર શિખામણ આપેલી છે. આ શિખામણને અમલમાં મૂકવી કે ન મૂકવી તે આપણા ઉપર છોડી દીધું છે. આપણે શ્રીમહાપ્રભુજીને મન-મસ્તકમાં પધરાવીને આ ગ્રંથનું ચિંતન કરીશું.

પુષ્ટિમાર્ગમાં શરણાગતિનું સ્વરૂપ :

'શરણ' શબ્દનો અર્થ છે ઘર, બીજો અર્થ છે રક્ષણ અથવા રક્ષક. સંસ્કૃત 'શૃ' ધાતુ પરથી આ શબ્દ બન્યો છે. તેના માટે સંસ્કૃતમાં એક બીજો શબ્દ છે 'પ્રપત્તિ'. આ શબ્દ 'પ્રપદ' ઉપરથી બન્યો છે. **પ્રપદ** એટલે પગના પંજાનો આગળનો ભાગ.

માણસને દુઃખ આવે છે અથવા ભય થાય છે ત્યારે પોતાની જાતને બચાવવા કોઈ બળવાન રક્ષકની મદદ ઇચ્છે છે. માણસને સુખ ભોગવવાનો સૌથી મોટો સ્વાર્થ પણ હોય છે. તે સિદ્ધ કરવા માટે પણ તે સુખ આપી શકે તેની મદદ અથવા રક્ષણ ઇચ્છે છે. આમ, કોઈપણ માણસ દુઃખ, ભય અને સુખપ્રાપ્તિ માટે સતત સારા, સમર્થ અને સશક્ત રક્ષકની શોધમાં હોય છે. શાસ્ત્રોના શબ્દોમાં કહીએ તો નબળો માણસ બળવાનનું શરણ સ્વીકારે છે. કોઈ માણસનું રક્ષણ અથવા શરણ સ્વીકારવું હોય ત્યારે આપણે તેના પગ પકડી લઈએ છીએ. ગુજરાતી ભાષામાં 'પગ પકડવા' એ રૂઢિપ્રયોગ છે. તેનો અર્થ છે આજીજી કરવી અથવા કગરવું. મુશ્કેલી દૂર કરવા મદદ માંગવી.

માણસને જુદા જુદા પ્રકારનાં દુઃખો પીડા આપે છે. માણસનું મુખ્ય ધ્યેય દુઃખમાંથી મુક્તિ અને સુખની પ્રાપ્તિ છે. **દુઃખ ત્રણ પ્રકારનાં બતાવ્યાં છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ.** મનના ક્લેશો તે આધિ, શરીરના રોગો તે વ્યાધિ. જીવનમાં આવનારી તકલીફો તે ઉપાધિ. આ ત્રણે પ્રકારનાં દુઃખો શરીર સાથે જોડાયેલાં હોવાથી તેમને આધિભૌતિક દુઃખો કહેવામાં આવે છે. આ ઉપરાંતના કેટલાંક દુઃખો પણ છે. જેમ કે ઈશ્વરપ્રાપ્તિ માટે સાધના કરવી છે, પરંતુ તન, મન અનુકૂળ થતા નથી. ધર્મપાલનમાં ચિત્ત ચોંટતું નથી. ધર્મ આત્મા સાથે જોડાયેલો છે. એટલે ધર્મપાલનમાં નડતા પ્રતિબંધોને કારણે જે દુઃખો આવે તે આધ્યાત્મિક દુઃખો કહેવાય છે. પ્રભુના કૃપાપાત્ર ભક્તોને આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખો આવે તો પણ તેની અસર થતી નથી. તેમને સૌથી વધુ આધિદૈવિક દુઃખો હોય છે. પ્રભુની પ્રાપ્તિ ક્યારે થશે તેનો વિરહતાપ અને એ વિરહતાપનો ક્લેશ એ આધિદૈવિક દુઃખ છે. પ્રભુના સુખ માટે મારાથી કંઇ બનતું નથી, એવી નિઃસાધનતાની ભાવના એ આધિદૈવિક દુઃખ છે. આમ, આ બધાં દુઃખો આવે ત્યારે માણસ એ દુઃખો દૂર કરી શકે એવા સમર્થનું શરણ શોધે છે.

દુઃખની જેમ જગતમાં **સુખ પણ પાંચ પ્રકારનાં છે. પહેલું સુખ**

શરીર- સંપત્તિનું છે. શરીર તંદુરસ્ત હોય, તો બાકીનાં તમામ સુખ સુખરૂપે માણી શકાય છે. **બીજું સુખ ધનસંપત્તિનું છે.** જગતમાં ઇચ્છિત પદાર્થો અને સુખો મેળવવા ધન જરૂરી છે. **ત્રીજું સુખ સ્ત્રી, પરિવારનું છે.** સુશીલ, રૂપવતી, ચતુર પત્ની અથવા ઉત્તમ પતિ મળે તો જીવન ભર્યું ભર્યું બને છે. લગ્નજીવનના સુખની સાથે સંતાનસુખ જોડાયેલું છે. પુત્ર પૌત્રાદિ પણ મનુષ્યની સંપત્તિ છે. **ચોથું સુખ પરલોકમાં મળતું સુખ છે.** જેમાં સ્વર્ગ, મોક્ષ વગેરેનો સમાવેશ થાય છે. **પાંચમું સુખ ભગવત્સેવાનું છે.** આમાં પહેલાં ત્રણ સુખ આધિભૌતિક છે, કારણકે તે શરીર સાથે જોડાયેલા છે. ચોથું સુખ આધ્યાત્મિક છે કારણકે તે આત્માના પુનર્જન્મ સાથે જોડાયેલું છે. પાંચમું સુખ આધિદૈવિક છે કારણકે તે ભગવત્સુખ સાથે જોડાયેલું છે. આ સર્વ પ્રકારનાં સુખ મેળવવા માટે **પણ માણસ સમર્થનું શરણ શોધે છે.**

સુખ અને દુઃખ બંને જીવનના ભાગ છે. એક તત્ત્વજ્ઞાનીએ કહ્યું છે કે જીવનમાં સુવ્યવસ્થા એટલે સુખ. જીવનમાં દુર્વ્યવસ્થા એટલે દુઃખ. જીવનની વ્યવસ્થા સારી થવી કે નરસી થવી તે આપણા હાથની વાત ખરી, કારણકે તેનો સંબંધ આપણાં કર્મો સાથે રહેલો છે. પુણ્યથી માણસ સુખ મેળવે અને પાપથી માણસ દુઃખ મેળવે, એવું શાસ્ત્રોનું કથન છે. પુણ્ય અને પાપનાં કર્મો કરનારા આપણે હોઈએ છીએ. એટલે સુખદુઃખ માટે આપણે ઓછા જવાબદાર નથી.

શાસ્ત્રો એમ પણ સમજાવે છે કે ભગવાનમાંથી આત્મા છૂટો પડ્યો, તે સાથે જ ભગવાનનો આનંદ અંશ તેનામાંથી તિરોધાન થઈ ગયો. પરિણામે ભગવદ્રૂપ એવો આત્મા દીન, પરાધીન, દુઃખી, હીન અને અજ્ઞાની બની ગયો છતાં તે ભગવાનનો અંશ તો રહ્યો જ. ભગવાન તેના અંશી પણ રહ્યા. ભગવાનના અંશરૂપે તે ભગવાનનો દાસ રહ્યો અને ભગવાન તેના સ્વામી રહ્યા.

દુનિયામાં સ્વામી-સેવકનો એક વિશિષ્ટ સંબંધ છે. સેવક પોતાના દુઃખોની નિવૃત્તિ અને સુખોની પ્રાપ્તિ માટે તેના કરતાં વધારે સમર્થ

માણસને સ્વામી-માલિક બનાવી તેનો દાસ બને છે અને સુખ પામે છે. જગતમાં સ્વામી-સેવકનો સંબંધ કાયમી અને કુદરતી નથી. જ્યાં સુધી સ્વામી અને સેવક વચ્ચે અનુકૂળતા રહે ત્યાં સુધીનો જ સંબંધ છે. જ્યારે ભગવાન અને આત્મા વચ્ચેનો સંબંધ કાયમી અને કુદરતી છે. આખાયે જગતમાં જ નહિ, પણ સમગ્ર બ્રહ્માંડમાં ભગવાન જેટલા શક્તિમાન, સમર્થ અને સુખદાતા બીજા કોઈ નથી. 'ભગ' એટલે ઐશ્વર્ય. **જેમનામાં સર્વોચ્ચ ઐશ્વર્ય છે તે ભગવાન.**

આથી આત્મા ભગવાનનું શરણ આદિકાળથી શોધતો રહ્યો છે. ભગવાનની શરણાગતિ તેને દુઃખમાંથી બચાવે છે અને સુખ આપે છે. ભગવાન પોતે પણ આ વાત સ્વીકારે છે. શ્રીભગવદ્‌ગીતામાં ભગવાને સ્વયં અર્જુનને આજ્ઞા કરી કે, **'મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે'**. અર્થાત્ જે જીવો મારા શરણે આવે છે તેઓ મારી માયાને તરી જાય છે. અહીં ભગવાને 'એવ' શબ્દથી એમ સુચવ્યું કે માયાને તરવાનો એકમાત્ર ઉપાય તેમની શરણાગતિ છે. બીજા કોઈ દેવ, મનુષ્ય, પદાર્થ આદિની શરણાગતિ સ્વીકારવાથી આ માયાને તરી શકાતી નથી. જ્યાં સુધી માયાને તરી ન શકાય ત્યાં સુધી દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ થતી નથી.

આથી, અર્જુને ગીતાજીના પ્રારંભમાં ભગવાનને પ્રાર્થના કરી **'શાધિ માં ત્વાં પ્રપન્નમ્'**. અર્થાત્ હું આપના શરણે આવ્યો છું. માટે મને ઉપદેશ આપો.

અર્જુને ભગવાનનું શરણ તો સ્વીકાર્યું, પરંતુ તેના સંદેહો રહી ગયા. તે સંદેહો દૂર કરવા માટે તેણે ભગવાનને અઢાર અધ્યાયમાં ઘણા પ્રશ્નો કર્યા. ભગવાને તેના બધા સંદેહો દૂર કરવા વિસ્તારથી જવાબ આપ્યા. અંતે ભગવાને અર્જુનને આજ્ઞા કરી :

સર્વગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ ।
ઈષ્ટોઽસિ મે દૃઢમતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ॥૧॥

મન્મના ભવ મદ્‌ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે' ॥૨॥

અર્થ : હે અર્જુન! મેં તને અત્યંત ગૂઢ અને ઉત્તમોત્તમ વચનો કહ્યાં છે. તે તું ફરીથી સાંભળી લે. કારણકે તું મને અત્યંત પ્રિય છે. તેથી હું તારા કલ્યાણની વાત કહી રહ્યો છું. તું મારામાં મન રાખનારો, મારી ભક્તિ કરનારો, મારું યજન-સેવન કરનારો અને મને નમસ્કાર કરનારો થા. આમ કરવાથી તું મને જ પ્રાપ્ત થઈશ. એમ હું સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહું છું. એનું કારણ એક જ છે કે તું મને પ્રિય છે.

ગીતાજીનો ઉપસંહાર કરતાં ભગવાને અર્જુનને આખરી વખત આજ્ઞા કરીઃ **'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'**. હે અર્જુન! તારી કહેવાતી બધી ફરજોનો, બધા ધર્મોનો ત્યાગ કરીને તું કેવળ મારા શરણે પ્રાપ્ત થા. અર્થાત્ તારા દુઃખને દૂર કરવા તારે હવે મારા સિવાય અન્ય કોઈનું શરણ મેળવવાની જરૂર નથી. આમ, ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું કે શ્રીકૃષ્ણના શરણે જવાથી સર્વદુઃખના કારણરૂપ અવિદ્યાને પેદા કરનારી ભગવાનની માયા નામની શક્તિને જીવ તરી જાય છે. તેના પરિણામે જન્મ-મરણથી પ્રાપ્ત થતાં દુઃખો દૂર થાય છે અને પરમાનંદનો અનુભવ મળે છે.

આપણને પ્રશ્ન થાય કે અર્જુન તો મર્યાદા-પુષ્ટિ ભક્ત હતો. ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે તેનામાં સખ્ય-ભક્તિ હતી. ભગવાન શ્રીકૃષ્ણની તેના પર પૂર્ણ કૃપા હતી. તેથી ભગવાન તેના સ્વામી મટીને રથના સારથી બન્યા હતા, પરંતુ આપણે તો સામાન્ય જીવો છીએ, અનેક દોષોથી ભરેલા છીએ. તેમનો ઉદ્ધાર ભગવાનને શરણે જવાથી થઈ જાય ખરો? તેના જવાબમાં શ્રીકૃષ્ણે ગીતાજીમાં નીચે પ્રમાણે આજ્ઞા કરી છે.

માં હિ પાર્થ! વ્યાપાશ્રિત્ય યેઽપિસ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્ ॥

અર્થ : હે અર્જુન! પાપયોનિવાળા જીવો જેવાં કે સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રો પણ જો મારો જ આશ્રય કરે તો તેમને મારી ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે.

શ્રીભાગવતજીમાં પણ ભગવાને આજ્ઞા કરી જે મનુષ્ય સર્વ રીતે પોતાના કર્તવ્યનો ત્યાગ કરીને શરણે આવેલાનું રક્ષણ કરનાર ભગવાનને શરણે જાય છે તેને દેવતા, ઋષિ, ભૂત, આપ્તજન, પિતૃઓ વગેરેમાંથી કોઈના ઋણી કે દાસ બનીને રહેવાની જરૂર નથી.

શ્રીભાગવતજીના ૧૧મા સ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને એજ આજ્ઞા કરી જે આજ્ઞા તેમણે ગીતાજીમાં અર્જુનને કરી હતી. હે ઉદ્ધવ! તું બધાં કર્મો છોડી દે. જે સાંભળ્યું હોય અને જે સાંભળવાનું હોય તે બધું પણ છોડી દે. માત્ર મારામાં સર્વાત્મભાવ ધારણ કરી, સૌ પ્રાણીઓના આત્મારૂપ એવા મારે શરણે આવ. હું અદ્વિતીય છું, અર્થાત્ મારી બરાબરી કરી શકે તેવું બીજું કોઈ નથી. માત્ર મને એકને જ વળગી રહેવાથી તું નિશ્ચય નિર્ભય બનીશ.

આ બધાં ભગવદ્વચનોનો વિચાર કરતાં શાસ્ત્રોએ ભગવાનની શરણાગતિ ઉપર ભાર મૂક્યો. શરણાગતિને ભગવાનની પ્રાપ્તિનુ પહેલું પગથિયું બતાવ્યું. ભગવાનની પ્રાપ્તિ થાય એટલે દુઃખો આપોઆપ નાશ પામે અને ઉત્તમ સુખ આપોઆપ મળે. જેમ સૂર્યોદય થતાં અંધકાર નાશ પામે અને સાથેસાથે પ્રકાશ થતાં ઉષ્મા મળે.

હવે આપણને પ્રશ્ન થશે કે ભગવાનની શરણાગતિ કેવી રીતે મેળવી શકાય? તે માટે શું કરવુ જોઈએ? એનો જવાબ શાસ્ત્રોએ આપ્યો છે. ભગવાનની શરણાગતિ સ્વીકારવાના બે માર્ગો છે. એક મર્યાદામાર્ગ અને બીજો પુષ્ટિમાર્ગ. મર્યાદામાર્ગ સાધનમાર્ગ છે, જ્યારે પુષ્ટિમાર્ગ કૃપામાર્ગ છે. સાધનમાર્ગથી કોઈ ઠેકાણે પહોંચવુ હોય તો સાધન ઉપયોગમાં લેવું પડે. જેમ કે આપણે પરગામ જવું છે, તો ત્યાં જવા માટે આપણા પગ અથવા કોઈ વાહનનો આપણે ઉપયોગ કરવો પડશે. ઘરમાં બેઠા બેઠા પરગામ જવાની ઈચ્છા કરીએ એટલાથી પરગામ શરીરથી પહોંચી જવાતું નથી. તે માટે સાધન અને પુરુષાર્થ બંને જરૂરી બને છે. સાધન અને પુરુષાર્થની એક મર્યાદા છે. તે જેટલા તાકાતવાળા હોય એટલી ઝડપે આપણને પહોંચાડે છે, માટે તેને મર્યાદામાર્ગ કહ્યો છે.

પુષ્ટિ એટલે કૃપા. પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપા સર્વ કંઇ કરનારી છે. એક બાળક પગ હોવા છતાં ચાલવા રાજી નથી. તે તેની માતા પાસે તેડાવવા ઇચ્છે છે. તે ચાલતો નથી, બેસી જાય છે. ત્યારે તેની માતા તેના પર કૃપા કરી તેને તેડી લે છે અને બાળકને જ્યાં જવું છે ત્યાં લઇ જાય છે. આમાં બાળક કોઇ સાધન ઉપયોગમાં લેતું નથી કે તેનો કોઇ પુરુષાર્થ પણ કરતું નથી. બાળકને સુખ આપનાર તેની માતા છે. માતાની કૃપા જ તેમાં જવાબદાર છે.

પુષ્ટિમાર્ગમાં પણ આવું જ છે. જીવ જ્યારે નિઃસાધન બની બેસી જાય છે અને ભગવાનનું શરણ સ્વીકારે છે, ભગવાનમાં દૃઢ વિશ્વાસ રાખે છે ત્યારે ભગવાન સ્વયં એ જીવનું રક્ષણ કરે છે, એનું દુઃખ દૂર કરે છે, એને સર્વ પ્રકારે સુખ આપે છે. જીવને કોઇ સાધન કરવું પડતું નથી તેમજ કોઇ પુરુષાર્થ પણ કરવો પડતો નથી. આ પુષ્ટિશરણ છે.

મર્યાદા-શરણ અને પુષ્ટિ-શરણમાં બે મુખ્ય તફાવત છે. મર્યાદા-શરણમાં સાધન અને પુરુષાર્થ જીવ કરે છે. પુષ્ટિ-શરણમાં સાધન અને પુરુષાર્થ ભગવાન કરે છે. મર્યાદા-શરણમાં જીવના સાધન અને પુરુષાર્થ પ્રમાણે તેનાં દુઃખો દૂર થાય છે અને તેને વધુમાં વધુ મોક્ષ સુધીના સુખની પ્રાપ્તિ થાય છે. પુષ્ટિ-શરણમાં ભગવાન કૃપા કરીને જીવની પાત્રતા ન હોવા છતાં તેનું દુઃખ દૂર કરે છે અને પોતાના સ્વરૂપની સર્વોચ્ચ પ્રાપ્તિ કરાવે છે. જે મોક્ષ કરતાં પણ અધિક છે.

મર્યાદા-શરણ અને પુષ્ટિ-શરણને વાંદરી અને બિલાડીના દૃષ્ટાંતથી પણ સમજી શકાય. વાંદરી એના બચ્ચાને તેડતી નથી. બચ્ચું માને ગળે વળગી રહે છે. બચ્ચાના પ્રયત્નથી બચ્ચું માને પકડી રાખે છે. જો તે પકડ છોડી દે તો નીચે પડી મૃત્યુ પણ પામે. માતા બચ્ચાના રક્ષણની કોઇ જવાબદારી લેતી નથી. મર્યાદા-શરણ પણ આવું છે. જ્યારે બિલાડી તેના અસહાય બચ્ચાને પોતાના મોંથી પકડીને તેને બીજે સ્થળે સુરક્ષિત રીતે લઇ જાય છે. બચ્ચાના રક્ષણની જવાબદારી માતા ઉઠાવે છે. આ પુષ્ટિ-શરણ છે.

મર્યાદા ભક્ત અર્જુનને ભગવાને એટલું જ વચન આપ્યું કે હું તને બધાં દુઃખોમાંથી મુક્ત કરીશ. ભગવાને અર્જુનને એવું વચન ન આપ્યું કે તું મારા સ્વરૂપાનંદને પ્રાપ્ત કરીશ.

પુષ્ટિ-ભક્તોને શ્રીમહાપ્રભુજીએ એવું વચન આપ્યું કે ભગવાન સર્વ-સમર્થ છે માટે તમે નિશ્ચિંત બનીને રહો. આમ, મર્યાદા-શરણ કરતાં પુષ્ટિ-શરણ ઉત્તમ છે. આથી આ બંને શરણ માર્ગનાં સ્વરૂપોનો વિચાર કરીને પુષ્ટિ-ભક્તોએ પુષ્ટિનો શરણમાર્ગ અપનાવવો જોઈએ. પુષ્ટિના શરણમાર્ગને **'પૃથક્-શરણ-માર્ગ'** કહેવામાં આવ્યો છે અને શ્રીમહાપ્રભુજીને **'પૃથક્-શરણ-માર્ગોપદેષ્ટા'** કહેવામાં આવ્યા છે.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ-શરણનું સ્વરૂપ આ **'પંચશ્લોકી'** ગ્રંથમાં અત્યંત સરળતાથી સમજાવ્યું છે.

આ ગ્રંથ ઉપર કોઈ મહાનુભાવ ગોસ્વામી બાળકની કે વિદ્વાનની ટીકા પ્રાપ્ત થઈ નથી. એ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીએ પોતાના અન્ય ગ્રંથોમાં પુષ્ટિ સિદ્ધાંતની જે છણાવટ કરી છે અને અન્ય મહાનુભાવોએ એની સ્પષ્ટતા કરી છે તેને નજર સામે રાખીને જ આપણે યથામતિ આ લઘુગ્રંથનો વિચાર કરવાનો રહે છે.

શ્લોક : ૧

ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્યક્તું ન શક્યતે ।
કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત કૃષ્ણોઽનર્થસ્ય મોચકઃ ॥૧॥

શબ્દાર્થ :

સર્વાત્મના- સર્વાત્મભાવ વડે, **ગૃહમ્ ત્યાજ્યં** - ઘરનો ત્યાગ કરવો, **તત્ ચેત્** - તે, જો, **ત્યક્તું** - ત્યાગ કરવાનું, ન, **શક્યતે** - ન બની શકે તો, **કૃષ્ણાર્થમ્** - શ્રીકૃષ્ણપ્રભુને, **તત્** , **પ્રયુંજીત** - તેનો, ગૃહનો વિનિયોગ કરવો, **કૃષ્ણઃ** (કેમ કે) - શ્રીકૃષ્ણ ભગવાન, **અનર્થસ્ય** - અનર્થના, **મોચકઃ** - છોડાવનારા છે.

અર્થ :

સર્વાત્મભાવ વડે ગૃહનો ત્યાગ કરવો, તેમ ત્યાગ કરવાનું ન બની શકે તો તે ગૃહનો શ્રીકૃષ્ણ પ્રભુ માટે વિનિયોગ કરવો કેમકે શ્રીકૃષ્ણ ભગવાન અનર્થના છોડાવનારા છે.

વિવરણ :

આપણે જાણીએ છીએ કે દુનિયામાં અત્યાર સુધીમાં જેટલા માણસો મહાન બન્યા છે તે બધા જન્મથી મહાન નહોતા. રાતોરાત કોઈ ચમત્કાર થવાથી પણ તેઓ મહાન બની ગયા નથી. ગાંધીજી મોહનદાસમાંથી મહાત્મા બન્યા એ કોઈ ચમત્કાર નહોતો. બાળપણમાં અને યુવાનીમાં તેઓ સામાન્ય માણસ હતા. તેમનામાં નાના-મોટા દોષો હતા. તેઓ મહાન બન્યા, એના બે કારણ છે. પહેલું કારણ એ છે કે બીજા લોકોને પોતાની ભૂલો સમજાતી નથી, જ્યારે ગાંધીજીને તેમની ભૂલો દેખાતી હતી. બીજું કારણ એ છે કે તેમની ભૂલો સુધારવા અને સારા માણસ બનવા રાત-દિવસ સમજપૂર્વક ઘણાં પ્રયત્નો કર્યા હતા. આવા પ્રયત્નોને શાસ્ત્રોની ભાષામાં સાધના કહેવામાં આવે છે.

સંગીતના ક્ષેત્રમાં કે નૃત્યના ક્ષેત્રમાં જે કલાકાર ટોચ ઉપર પહોંચ્યા તે બધાએ રાત-દિવસ ઘણી સાધના કરી હતી. તેમની કલાને અનુરૂપ તેમનું જીવન બનાવ્યું હતું. જેમ કે સંગીતકારનું ગળું મધુર અને કોમળ રહેવું જોઈએ, તે માટે તીખાં ભોજન છોડવાં પડે. વ્યસનો છોડવાં પડે, એ સ્થિતિમાં સંગીતકાર બનવા માંગતો કલાકાર એને ખૂબ ભાવતા હોવા છતાં તીખાં ભોજન છોડે છે. વ્યસનથી દૂર રહે છે.

સાથે સાથે તે કલાકો સુધી એકચિત્ત થઇ સંગીતની રિયાઝ કર્યા કરે છે. એ રિયાઝમાં તે આખી દુનિયાને ભૂલી જાય છે. તેટલો સમય તે એની પત્ની, સંતાનો, કુટુંબીજનો અને જીગરજાન મિત્રોનો સંગ પણ છોડીને એકાંતમાં બેસે છે. આમ, વર્ષો સુધી સતત સાધના કરતાં-કરતાં તે ઉત્તમ સંગીતકાર બને છે.

એક મહાન માણસ બનવા માટે આ બધી બાબતો જેમ જરૂરી છે

તેમ સાચા વૈષ્ણવ બનવા માટે પણ આ બધી બાબતો જરૂરી છે. એક માણસને સંગીત શીખવું હોય છે ત્યારે તે માટે તેનામાં રસ જન્મે છે. તે શીખવાની તેનામાં અધીરાઇ આવે છે. તેના પરિણામે તે યોગ્ય સંગીત-ગુરુની શોધ કરે છે. આવા ગુરુ મળતાં તેમનો આજ્ઞાંકિત સેવક બની તેમનાં ચરણ પૂજે છે અને ગુરુની આજ્ઞા પ્રમાણે સંગીતની સાધના કરે છે.

આવી જ રીતે વૈષ્ણવતા એ પણ એક સાધના છે. તેને કારણે જ બધા માણસો ઉત્તમ વૈષ્ણવ બની શકતા નથી. **માણસાઈમાંથી વૈષ્ણવતા તરફ જવાની સાધના** આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી બતાવે છે.

સામાન્ય મનુષ્ય અને વૈષ્ણવમાં કંઇક તો તફાવત હોવો જોઇએને? સામાન્ય માણસનો દેખાવ અને વૈષ્ણવનો દેખાવ પણ એકસરખો તો ન હોય. વૈષ્ણવ પોતાની વૈષ્ણવતાને સતત બહારથી અને અંદરથી અનુભવે એ જરૂરી છે. તેના દરેક શ્વાસે તેને એવું ભાન રહેવું જોઇએ કે હવે હું દુનિયાના અન્ય સામાન્ય મનુષ્યો જેવો સામાન્ય મનુષ્ય નથી. હું વૈષ્ણવ બનવા માટે તૈયાર થયેલ વ્યક્તિ છું. જેમ લશ્કરમાં ભરતી થનારને સૌ પ્રથમ લશ્કરનો ગણવેશ પહેરવો પડે છે તેમ જેમને વૈષ્ણવ થવું છે તેમણે વૈષ્ણવી વેશ ધારણ કરવો પડે. કોઇ માણસ એમ કહે કે હું લશ્કરમાં તો જોડાઉં પણ આ ખાખી કપડાં નહિ પહેરું તો ચાલે નહિ. લશ્કરી પહેરવેશ લશ્કરમાં જોડાવવાની પહેલી શરત છે, તેમ વૈષ્ણવ બનવા ઇચ્છતી વ્યક્તિ માટે વૈષ્ણવી વેશ તે પહેલી શરત છે. આ વૈષ્ણવી વેશ જ વૈષ્ણવને સામાન્ય મનુષ્યોથી અલગ પાડે છે. વૈષ્ણવને પણ એનું ભાન રહે છે કે આ માણસોના ટોળામાંનો હું એક નથી.

વૈષ્ણવી વેશમાં ગળામાં પહેરવામાં આવતી તુલસીમાળા મુખ્ય છે. સ્ત્રી-પુરુષ સૌને માટે તુલસીમાળા પહેરવી પાયાની જરૂર છે. તુલસીમાળા પહેર્યા વિના વૈષ્ણવ બનવાની સાધના શરૂ જ થઇ શકે નહિ.

આપણને આપણા બાળપણમાં જ્યારે જરાપણ સમજ નહોતી ત્યારે શ્રીવલ્લભકુળના બાળક પાસે તુલસીમાળા પહેરાવી દેવામાં આવી હતી

અને કાનમાં અષ્ટાક્ષર મંત્ર સંભળાવી દેવામાં આવ્યો હતો. આપણી અબુધ ઉંમરમાં આપણને વૈષ્ણવતાની પહેલી દીક્ષા મળી હતી. તેને કારણે આજે આપણને આ તુલસીમાળા અંગે કોઇ ગૌરવ, લાગણી કે સંવેદન નથી. પહેર્યા કે ન પહેર્યાનો કોઇ અફસોસ કે આનંદ નથી. આપણે રૂઢિગત રીતે તુલસીમાળા ગળામાં પહેરી રાખીએ છીએ. તે પહેર્યા પછી વૈષ્ણવી સાધનામાં જરાયે આગળ વધ્યા નથી.

આથી, શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં પરોક્ષ રીતે એવી ટકોર કરે છે કે તમે અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લીધી. તુલસીમાળા પહેરી એટલે વૈષ્ણવ બની ગયા એવી અણસમજમાં રહેશો નહિ. એટલાથી જ જો વૈષ્ણવ બનાતું હોય તો હજી ઘણા વધારે લોકો વૈષ્ણવ થવા આગળ આવત. આપણે પણ લોકોને પકડી-પકડીને ગળામાં તુલસીમાળા પહેરાવી શકીએ. પરંતુ તેથી વૈષ્ણવતાનો અર્થ પૂરેપૂરો સિદ્ધ થતો નથી.

વૈષ્ણવતાનું બીજું પગલું છે બ્રહ્મસંબંધની દીક્ષા. તે પણ આપણને બાળપણની અબુધ વયમાં જ મળી ગઇ. એટલે એના વિશે આપણામાં કોઇ ગૌરવ, લાગણી કે સંવેદન જાગતાં નથી. આપણે અણસમજમાં એવું માની લીધું કે બ્રહ્મસંબંધ થતાં આપણો બેડો પાર થઇ ગયો છે. આપણને ગોલોકધામનો પાસપોર્ટ અને વીઝા મળી ગયા છે. આને લઇને આપણે વૈષ્ણવતાની સાધનામાં હતા ત્યાંના ત્યાં જ રહ્યા. જરાય આગળ વધ્યા નહિ.

આથી, શ્રીમહાપ્રભુજી અહીં ટકોર કરે છે કે બ્રહ્મસંબંધ લીધું છે તો તેની જવાબદારી તમારે નભાવવી પડશે. બ્રહ્મસંબંધ કોઇ લાયસન્સ નથી, તે બહુ મોટી જવાબદારી છે. વૈષ્ણવી સાધના માટે ગંભીર દીક્ષા છે. બ્રહ્મસંબંધ લેતાં આપણે શ્રીકૃષ્ણને આપણા સ્વામી બનાવ્યા. આમ તો તેઓ આપણા સ્વામી હતા જ. તેમની સાથેનો દાસ તરીકેનો આપણો સંબંધ અનાદિ કાળથી હતો. પણ જન્મ મરણના ચક્કરમાં એ સંબંધ આપણે કાપી નાખેલો. આપણી ભૂલનું ભાન થતાં કાપી નાંખેલો એ સંબંધ આપણે ફરી જોડ્યો. એનું નામ ‘બ્રહ્મસંબંધ’ છે. એ સંબંધ ફરી જોડવા માટે જે પ્રતિજ્ઞા

લીધી . જે શબ્દો બોલ્યા એ બ્રહ્મસંબંધનો મંત્ર. તેના દ્વારા આપણે ભગવાન શ્રીકૃષ્ણને આપણા સ્વામી તરીકે ફરી સ્વીકાર્યા. આપણું કહેવાતું બધું એમને સમર્પણ કરવાનું નિવેદન કર્યું.

આ પ્રતિજ્ઞાનું પાલન ત્યારે જ થઇ શકે કે જ્યારે આપણે ભગવાન શ્રીકૃષ્ણને નિવેદન કરેલા બધા પદાર્થો તેમના માટે પહેલા વાપરીએ અને પછી તેમના પ્રસાદરૂપે આપણા ઉપયોગમાં લઇએ.

આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમે નિવેદિત કરેલા પદાર્થોનો જરાક ફરીથી વિચાર કરો. તેમાં ઘર અને ઘરમાં રહેલી સંપત્તિ મુખ્ય છે. આ બંનેનો આપણને ભારે મોહ છે. આપણામાં કહેવત છે કે ‘પૃથ્વીનો છેડો ઘર’. માણસ દુનિયામાં ગમે તેવી સુંદર જગ્યાએ મોજમજા કરે, પણ રાત પડે તેને તેનું ઘર સાંભરવાનું. એટલા માટે કહેવાયું કે સવારે ભૂલો પડેલો માણસ રાત પડતાં તો ઘેર પાછો જાય જ. આ ઘર શબ્દ એટલે કેવળ મકાન નહિ. તેમાં રહેલી આપણી બધી સંપત્તિ. જેમ કે રાચરચીલું, વાસણ-કૂસણ, દર-દાગીના, રૂપિયા-પૈસા અને ઘર સાથે જોડાયેલી લાગણીઓ. માણસને એના ઘર સાથે એવી મજબૂત લાગણીઓ જોડાઇ હોય છે કે તે ઘર છોડીને કાયમ માટે મૃત્યુ પામવાનું પણ તેને ગમતું નથી. ઘણીવાર એમ કહેવાય છે કે મરનાર માણસનું મન ઘરમાં એવું ભરાઇ રહ્યું હતું કે તેના ઘરમાં ભૂત થઇને રહ્યો છે અથવા બીજા જન્મમાં નાગ થઇને એ ઘરમાં આવ્યો છે. ઘરની આવી માયા-મમતા છે.

મર્યાદામાર્ગમાં પણ શાસ્ત્રોએ એમ સમજાવ્યું કે ગૃહસ્થાશ્રમનો સમય પૂરો થતાં તમારા ઘરની મોહમાયા તમારે છોડી દેવી જોઇએ. તે ઓછી કરી નાંખવી જોઇએ. ઘર છોડીને તમારે વનમાં જઇને એકાંતવાસ કરવો જોઇએ. બાકીનું જીવન કેવળ ઇશ્વરચિંતનમાં વિતાવવું જોઇએ.

સંન્યાસ લેનાર માટે પણ ઘરનો ત્યાગ પહેલી શરત છે. આમ શાસ્ત્રોએ પણ ઈશ્વરની સાધનાના માર્ગે આગળ વધવા ઈચ્છતા મનુષ્યો માટે ઘરનો ત્યાગ કરવાની વાત કહી છે. શ્રીમહાપ્રભુજી પણ આ ગ્રંથમાં સૌથી પહેલી આજ્ઞા આ જ કરે છે કે સર્વભાવથી તમારે ઘરનો ત્યાગ કરવો.

શાસ્ત્રોની આજ્ઞા અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા વસ્તુતઃ અલગ નથી, કારણકે શ્રીમહાપ્રભુજીએ ક્યારેય શાસ્ત્રોની વિરુદ્ધ કોઇ આજ્ઞા કરી નથી. તેમણે શાસ્ત્રોની વિરુદ્ધ પોતાનો કોઇ અલગ મત પ્રચલિત કર્યો નથી. તેઓ જ્યારે જે કંઇ ઉપદેશ આપે છે તે શાસ્ત્રોમાંથી જ આપે છે. એ વાતને સમજીને શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞાનો આપણે વિચાર કરવાનો છે.

શ્રીમહાપ્રભુજીએ '**ગૃહમ્ ત્યાજ્યં**' એટલું જ ન કહ્યું, ઘર છોડી દેવું, એમ જો આજ્ઞા કરી હોત તો ન ચાલત? પરંતુ આપે ઘર કેવી રીતે છોડવું એ પણ સાથે સાથે બતાવ્યું. '**ગૃહમ્ સર્વાત્મના ત્યાજ્યં**' અર્થાત્ સર્વભાવ વડે ઘરનો ત્યાગ કરવો.

અહીં આપણને પ્રશ્ન થશે કે સર્વભાવ એટલે શું? શ્રીમહાપ્રભુજીએ સર્વાત્મ શબ્દ પોતાના જુદા જુદા ગ્રંથોમાં અનેક ઠેકાણે વાપર્યો છે. જેમ કે '**સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ**' ત્યાં સર્વાત્મના અર્થમાં સર્વભાવ શબ્દ વપરાયો. તે જ પ્રમાણે નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરી કે '**તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ**' તો આ સર્વાત્મભાવ કે સર્વભાવ શું છે? તેનો પહેલાં વિચાર કરવો જોઇએ. મહાનુભાવ ટીકાકારોએ સર્વાત્મભાવનાં વિવિધ લક્ષણો બતાવ્યાં છે. તે આપણે જોઇશું. સર્વાત્મભાવનો એક અર્થ આ પ્રમાણે છે. સર્વ એટલે આપણું શરીર, આપણી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને આપણો આત્મા આ બધાને પ્રભુમાં પૂર્ણ રીતે મેળવવા એનું નામ **સર્વાત્મભાવ.**

સર્વાત્મભાવનો બીજો અર્થ એવો છે કે જગતની સર્વ વસ્તુઓ અને વ્યક્તિઓમાં આપણને આપણો આત્મા સૌથી વધારે પ્રિય છે. આત્મા જેટલો પ્રિય છે તેટલું બીજું કોઇ પ્રિય નથી. આત્મા માટે આપણે જીવતા હોઇએ એવું જણાય છે. તે આત્મા કરતાં પરમાત્માને વધારે પ્રિય ગણવા એનું નામ સર્વાત્મભાવ.

આમ, સર્વાત્મભાવ દ્વારા બે બાબતો જીવનમાં અપનાવવા જેવી છે. આપણું તન, મન, ધન બધું પ્રભુનું છે અને પ્રભુ માટે છે, એમ સમજી

પ્રભુ પર સૌથી વધારે સ્નેહ રાખી, પ્રભુને સમર્પિત થઇને જીવન જીવવું, એનું નામ સર્વાત્મભાવ-પૂર્ણ જીવન છે. આવું જીવન સ્વીકારવા માટે વૈષ્ણવે લૌકિક સંબંધોવાળા અહંતા-મમતાનો વિચારોનો ત્યાગ કરવો પડે, કારણકે એક જ સમયે જગત અને જગદીશ બંનેને સ્નેહ થઇ શકે નહિ, તેમજ બંનેના માટે જીવન જીવી શકાય નહિ.

આથી શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથના પ્રારંભમાં આજ્ઞા કરી કે જો તમારે તમારા જીવનમાં પ્રભુને સ્વીકારવા છે તો તમારે લૌકિક ભાવોયુક્ત અહંતા-મમતાનો ત્યાગ કરવો પડશે. તે ત્યાગમાં સૌ પ્રથમ તમારે તમારા ઘરનો ત્યાગ કરવો પડશે. એક સંન્યાસી જગતથી નિરાશ થઇને ઘર છોડે તે રીતે ઘર છોડવાની આજ્ઞા નથી, પરંતુ એક પ્રેમી પોતાના પ્રેમાસ્પદમય બની જતાં સહજ રીતે ઘર છોડી દે તેમ ઘર છોડવાની આજ્ઞા છે. ઘર છોડવાની આજ્ઞા એટલા માટે છે કે ઘરની સાથે અહંતા-મમતાના તાણાં-વાણાંઓને તોડવા માટે ઘરમાંથી નીકળી જવું જરૂરી છે. ઘરમાંથી નીકળી જવાનો અહીં એવો અર્થ છે કે ઘર સાથે લૌકિક સંબંધો તોડવા. ઘરમાં મોહમાયા કે અહંતા-મમતા રાખવાં નહિ.

આપણને પ્રશ્ન થશે કે આપણાથી આમ એકાએક ઘર છોડવાનું તો શક્ય નથી, અને ઘરમાં રહીએ તો ઘર સાથે સંબંધ તો રહે. ઘરમાં રહીને ઘર સાથેનો સંબધ કેવી રીતે છૂટે? બીજો પણ એક પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં એવી આજ્ઞા કરી કે 'ગૃહે સ્થિત્વા' ઘરમાં રહીને તમારો સ્વધર્મ બજાવો. તો શું આ બંને આજ્ઞાઓ પરસ્પર વિરોધી નથી?

એનો જવાબ એ છે કે ઘરમાં શ્રીઠાકોરજીને પધરાવો. શ્રીઠાકોરજી ઘરમાં પધારતા ઘર ઘર નહિ રહે પણ ગોકુળ બની જશે, કારણકે તે ઘર હવે આપણું રહેતું નથી, તે ઘરમાં આપણી સાથે શ્રીઠાકોરજી પણ બિરાજે છે. આપણે તે ઘરમાં હવે આપણા માટે રહેતા નથી, પરંતુ શ્રીઠાકોરજીની સેવા કરવા માટે તે ઘરમાં રહીએ છીએ. પરિણામે જેમ-જેમ આપણું મન શ્રીઠાકોરજીના સેવા-સ્મરણમાં પરોવાતું જશે તેમ-તેમ આપણા મનમાંથી

ઘર પ્રત્યેની અહંતા-મમતા ઓછી થતી જશે. ઘરમાં ગોલોકનો અને ગોકુળનો અનુભવ થવા લાગશે. પછી ઘરમાં કોઈ બાધક પણ રહેશે નહિ. માટે શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકમાં આજ્ઞા કરી કે હે વૈષ્ણવ! તમે જ્યારે ગૃહસ્થ છો અને ઘર છોડી શકતા નથી, ત્યારે તમારા ઘરનો વિનિયોગ શ્રીકૃષ્ણ માટે કરો. તમારા ઘરમાં શ્રીકૃષ્ણ માટે બિરાજવાનું મંદિર બનાવો. તમે એવો ભાવ સેવો કે આપણે ગોકુળમાં નંદાલયની બાજુમાં રહીએ છીએ. શ્રીનંદયશોદાને વિનંતી કરી શ્રીકૃષ્ણને આપણે ત્યાં પધરાવી લાવ્યા છીએ.

શ્રીકૃષ્ણ આપણા ઘરમાં પધારે ત્યારે આપણું ઘર એમને લાયક બનવું જોઈએ. ઘર એટલે ઘરની ભૌતિક સાધનસંપત્તિ અને ઘરમાં વસતા મનુષ્યો. એ બે મળીને ઘર બને. આથી આપણી સાધનસંપત્તિ શ્રીકૃષ્ણની સેવામાં એમના સુખ માટે વપરાવી જોઈએ અને ઘરમાં રહેતા મનુષ્યો પણ તેમની સેવામાં તત્પર થવા જોઈએ. આમ થતાં ઘર બાધક થશે નહિ.

આથી શ્રીમહાપ્રભુજીએ મંદિરમાં જઈને તનુજા અથવા વિત્તજા સેવા કરી આવવાની આજ્ઞા કરી નથી. ઘરની સંપત્તિ ઘરમાં બિરાજતા પ્રભુને માટે આપણી જાતે જ વાપરવાની આજ્ઞા કરી. તેમાં તન, મન અને ધન ત્રણેય ઉપયોગમાં લેવાના છે અને તે પણ એકસાથે. શ્રીઠાકોરજી ઘરમાં બિરાજે છે, તેમને પ્રસન્નતા થાય એ હેતુથી રોજ સવાર-સાંજ ઘરને સાફ કરીએ, ઝાપટીએ, પોતું કરીએ, ઘરને સુંદર રીતે ગોઠવીએ તો તે પણ આપણી ભગવત્‌સેવાનો ભાગ બને છે. આપણી ઘરની સંપત્તિ પહેલાં પ્રભુને અંગીકાર થાય, ઘરમાં સુખ-સગવડનાં સાધનો આવે તે પ્રભુ માટે વપરાય અને પછી પ્રભુના પ્રસાદરૂપે આપણે તેમનો ઉપયોગ કરીએ તે જરૂરી છે. ઘરનાં સૌ મનુષ્યો પણ પ્રભુની જુદી જુદી સેવામાં, તેમના હાથ પવિત્ર કરે. સૌ એકબીજા સાથે હળીમળીને એવી રીતે સેવા કરે કે પ્રભુને પરિશ્રમ ન થાય, એ પણ જરૂરી છે. આથી, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **'કૃષ્ણાર્થમ્ તત્ પ્રયુંજીત'** તમારા ઘરનો પ્રભુ માટે વિનિયોગ કરો.

આપણને પ્રશ્ન થશે કે આમ કરવાથી શું થશે? આપણે સૌ પરિણામવાદીઓ છીએ. તે શ્રીમહાપ્રભુજી જાણે છે. માટે આવો પ્રશ્ન કરીએ

તે પહેલાં આપે એનો ઉત્તર આપ્યો કે **'કૃષ્ણ:અનર્થસ્ય મોચક:'** શ્રીકૃષ્ણ અનર્થમાંથી છોડાવનારા છે. અનર્થ એટલે અહંતા-મમતાને વળગી રહેવું. આપણાં દેહસુખ માટે જીવવું. સંસાર મિથ્યા હોવા છતાં સંસારમાં ડૂબીને પ્રભુથી બહિર્મુખ બનવું. વૈષ્ણવ માટે આવી બહિર્મુખતા અને પ્રભુથી વિમુખતા એ મોટામાં મોટો અનર્થ છે. **'શિક્ષાશ્લોકી'** ગ્રંથમાં પણ શ્રીમહાપ્રભુજીએ આ બાબતમાં આપણને ચેતવેલા છે. ઘરમાં પ્રભુને પધરાવી ઘરનો પ્રભુમાં વિનિયોગ કરતાં બહિર્મુખતાના આ અનર્થમાંથી આપણે બચી શકીએ છીએ. પ્રભુની સન્મુખ રહેવાથી પ્રભુથી વિમુખતા થશે નહિ.

શ્રીમહાપ્રભુજીએ એક બીજો અનર્થ પણ **'સિદ્ધાંતમુક્તાવલિ'**ગ્રંથમાં બતાવ્યો છે. ત્યાં આજ્ઞા કરી છે કે તમે ઘરમાં ભગવત્‌સેવા શરૂ કરો પણ તે સેવા લોકાર્થી બનીને કરશો તો તે સેવા ફળરૂપ ન બનતાં અનર્થરૂપ બનશે, કારણકે આપણા પ્રભુ લૌકિક નથી, તેમની સાથે લૌકિક વ્યવહાર કરી શકાય નહિ. આપણા પ્રભુ અલૌકિક છે. તેમની સેવા નિષ્કામ ભાવે થવી જોઈએ. પ્રભુ લૌકિક સુખોમાંથી ભક્તને છોડાવનારા છે. ભક્તનું હિત કરનારા હોવાથી ભક્તોને લૌકિક સુખો આપનારા નથી. માટે લૌકિક સુખોની ઇચ્છા રાખી-લોકાર્થી બનીને જો આપણે સેવા કરીશું તો તે સેવા ફળરૂપ તો નહિ જ બને. સાથે સાથે લૌકિક સુખો આપનારી પણ નહિ બને. જે હેતુથી સેવા કરી છે તે હેતુ સિદ્ધ ન થવાથી આપણને કલેશ થશે. માટે લૌકિક સુખોની ઇચ્છાથી પણ સેવા ન કરવી. ભગવાન લૌકિક સુખોના અનર્થમાંથી પણ છોડાવનારા છે એમ સમજવું.

આ પ્રમાણે પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધી જીવનું પહેલું કર્તવ્ય સમજાવ્યું કે તેણે ઘરને ગોકુળ બનાવી ઘરમાં શ્રીઠાકોરજી પધરાવી સમગ્ર ઘરનો વિનિયોગ શ્રીઠાકોરજીની સેવામાં કરવો.

હવે આપણને પ્રશ્ન થશે કે સેવા કંઈ ચોવીસ કલાક થતી નથી. શ્રીમહાપ્રભુજીએ **'સર્વનિર્ણય'** ગ્રંથમાં આજ્ઞા કરી કે તમે ઓછામાં ઓછી ત્રણ કલાક સેવા કરો તો બાકીનો સમય શું કરવાનું? એનો જવાબ શ્રીમહાપ્રભુજી હવે બીજા શ્લોકમાં આપે છે.

શ્લોક : ૨

સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્ત્યક્તું ન શક્યતે ।
સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સન્તઃ સંગસ્ય ભેષજમ્ ॥

શબ્દાર્થ :

સંગઃ - સંગતિ, **સર્વાત્મના** - સર્વાત્મભાવ વડે, **ત્યાજ્યઃ** - ત્યાગ કરવો, **સ ચેત્ ત્યકતુમ્** - તે જો ત્યાગ કરવાનું, **ન શક્યતે** - ન બની શકે તો, **સઃ**- તે સંગ, **સદ્ભિઃ સહ** - સારાઓ, ભક્તો, **સહ કર્તવ્યઃ** - કરવો જોઇએ, (કેમ કે), **સન્તઃ** - સારા પુરુષો/ભક્તો, **સંગસ્ય ભેષજમ્** - સંગનું ઔષધ છે.

અર્થ :

સંગતિનો સર્વાત્મભાવ વડે ત્યાગ કરવો. તે જો ત્યાગ કરવાનું ન બને તો તે સારાઓ સાથે કરવો, કેમ કે સત્ પુરુષો સંગનું ઓસડ છે.

વિવરણ :

શ્રીમહાપ્રભુજી બીજા શ્લોકમાં સેવા સાથેનું વૈષ્ણવનું બીજું કર્તવ્ય બતાવે છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આજ્ઞા કરી હતી કે હે અર્જુન! માણસનું મન સુખ-દુઃખનું, પાપ-પુણ્યનું, બંધનમુક્તિનું મૂળ છે. માણસ સુધરે છે કે બગડે છે તેનું કારણ તેનું મન છે. મનને લઇને માણસ દેવ બની શકે છે એ જ મનને કારણે એ માણસ પશુ કે દાનવ પણ બની શકે છે. મન આવું તાકાતવાળું છે તેનું કારણ એ છે કે માણસને મન હોવાથી મનમાં ક્ષણે ક્ષણે જાત-જાતની અને ભાત-ભાતની ઇચ્છાઓ જાગે છે. માણસ તેની આસપાસ જે કંઇ જુએ છે, જાણે છે, સાંભળે છે તેને લઇને તેને આવી ઇચ્છાઓ થતી હોય છે. કોઇને સુંદર કપડામાં જુએ એટલે તેને પણ એવા કપડાં પહેરવાની ઇચ્છા થાય છે. ક્યાંક સારું ભોજન જુએ એટલે એ ભોજન જમવાની ઇચ્છા થાય. ક્યાંક સારો બંગલો જુએ એટલે તેમાં રહેવાની ઇચ્છા થાય. માણસ બીજાઓના મોઢે એમનાં સુખોની વાતો સાંભળે એટલે એવાં સુખ ભોગવવાની તેને ઇચ્છા થાય.

માણસને ઈચ્છા થાય એટલે તે શાંત બેસી શકતો નથી. ઈચ્છાઓ પૂરી કરવા તે પ્રયત્ન કરે છે. ઈચ્છા પૂરી ન થાય તો તે માટે મરણિયો બને છે. આમ સંગથી ઈચ્છાઓ જાગે છે. ઈચ્છાઓમાંથી વ્યક્તિઓ અને વસ્તુઓ પ્રત્યે આસક્તિ જાગે છે. આસક્તિમાંથી તે મેળવવાનો મોહ જાગે છે. મોહમાંથી તે ભોગવવાનો કામ જાગે છે. એકવાર ભોગવવાથી વધુ ભોગવવાનો લોભ જાગે છે. લોભ ન સંતોષાય તો તેમાંથી ક્રોધ જાગે છે. ક્યારેક બીજાનાથી વધારે મળે તો મદ જાગે છે. ક્યારેક બીજાથી ઓછું મળે તો મત્સર-ઈર્ષ્યા જાગે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ છ માણસના મોટામાં મોટા શત્રુઓ બની તેનાં તન અને મન ઉપર જોરદાર હુમલો કરે છે અને માણસનો નાશ કરે છે. આ બધાનું મૂળ માણસને થતો સંગદોષ છે, માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને આજ્ઞા કરી કે તું સંગદોષથી બચજે. કોઈનો સંગ ન કરીશ. અસંગી બનીને રહેજે.

એ જ આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ પણ અહીં વૈષ્ણવોને કરી કે **'સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ'** તમારું મન સર્વભાવથી પ્રભુમાં લાગેલું રાખવું હોય તો તમે દુનિયાના સંગથી દૂર રહેજો. સંગનો ત્યાગ કરજો. એકાકી બનજો.

માણસ ઘણું બધું છોડી શકે છે. એની ટેવો, એનો સ્વભાવ તે છોડી શકે, પણ માણસ સંગ છોડી શકતો નથી. એકલો રહી શકતો નથી. ભરતમુનિ કુટુંબનો સંગ છોડી, એકાકી જીવન જીવવા વનમાં ગયા ત્યાં તેમને હરણનો સંગ થયો, ત્યારે એ સંગ તેમના માટે દોષરૂપ બન્યો. બીજા બે જન્મોના અંતરાયરૂપ બન્યો. ક્યારેક માણસ દુનિયાનો સંગ છોડી, એકાંતવાસ સેવવા પ્રયત્ન કરે છે. તે મૌનવ્રત ધારણ કરે છે. ક્યાંક દૂર જઈ એકાંતમાં રહે છે. ક્યારેક હિમાલયની ગુફામાં જઈને એકાંતવાસ પણ કરે છે. માણસ બહારથી બીજા માણસોનો સંગ કદાચ છોડી શકે છે, પણ અંદરથી જાતજાતની ઈચ્છાઓનો સંગ છોડી શકતો નથી. એની જીભ મૌન ધારણ કરે ત્યારે એનું મન અને બુદ્ધિ વધારે બોલવા માંડે છે. તે ઈશારાઓની ભાષાથી વાતો કરવા લાગે છે. ગુફામાં રહેવા છતાં એના મનમાં વિચારો તો જાગે જ છે અને તે વિચારો એને પજવે પણ છે.

યોગશાસ્ત્રે કહ્યું કે મનને નિર્વિકલ્પ- વિચારશૂન્ય બનાવવું એ અઘરું છે. પ્રયત્ન કરી જોજો, આપણે નવરા એકલા હોઇએ ત્યારે મન તો ક્યાંક રખડતું હોય છે. કોઇકનો સંગ શોધતું હોય છે. એટલે મનને અસંગી બનાવવાનું કામ ખરેખર ઘણું જ અઘરું છે. શ્રીમહાપ્રભુજી પણ તે જાણે છે. માટે આપે આજ્ઞા કરી કે જો સંગ છોડવો શક્ય ન હોય તો તમે ફુરસદના સમયમાં એટલે કે સેવાના અનવસરના સમયમાં ભગવદ્‌ભક્તોનો સંગ કરજો. **'સ સદ્‌ભિઃ સહ કર્તવ્યઃ'** સદ્‌ભિઃ એટલે ભગવદ્‌ભક્તો. આપણામાં કહેવત છે કે સંગ તેવો રંગ. ઝઘડાખોર માણસનો સંગ કરવાથી આપણે ઝઘડાખોર બનીએ. વ્યસની માણસ સાથે રહેવાથી એના વ્યસનની અસર આપણને પણ થાય. તેમ ભગવદ્‌ભક્તો સાથે રહેવાથી તેમના શુદ્ધ ભગવદ્‌ભાવનો પ્રભાવ આપણા ઉપર પણ પડે. ભીનાં કપડાં સાથે કોરું કપડું હોય તો તે પણ ભીંજાય. માટે શ્રીમહાપ્રભુજીએ સત્સંગની આજ્ઞા કરી.

શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં એવી આજ્ઞા કરે છે કે **'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ'** અર્થાત્ જેમને પ્રભુએ પોતાના કરીને સ્વીકાર્યા છે એવા તાદૃશી વૈષ્ણવોની સાથે રહીને નિવેદન મંત્રનું સ્મરણ-ચિંતન કરવું જોઇએ. 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં પણ આ જ આજ્ઞાને શ્રીમહાપ્રભુજીએ દોહરાવી. **'અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ'** એટલા માટે હરિસ્થાનમાં તત્પર ભગવદ્‌ભક્તોની સાથે રહેવું. જેથી ભગવત્‌સત્સંગમાં જે ભક્તો તત્પર છે, તેમના સત્સંગનો આપણને લાભ પણ મળે.

મનનો સ્વભાવ છે કે એક સમયે એક જ બાબત વિચારી શકે છે. સત્સંગમાં મન પરોવાય તો તે મન પછી લૌકિકમાં જોડાશે નહિ. લૌકિકમાં જોડાયેલું મન પ્રભુથી બહિર્મુખ થશે. સત્સંગમાં જોડાયેલું મન પ્રભુની સન્મુખ રહેશે. સત્સંગના અભાવમાં દુઃસંગ લાગશે. દુઃસંગથી આપણો ભગવદ્‌ભાવ નાશ પામશે. માટે શ્રીમહાપ્રભુજીએ અહીં ભગવદીયોનો સંગ કરવાની આજ્ઞા કરી છે.

આપે એનું સુંદર કારણ પણ બતાવ્યું છે. **'સંતઃ સંગસ્ય ભેષજમ્'**. ભક્તો સંગનું ઔષધ છે. રોગ થાય ત્યારે દવા લેવાથી રોગ મટે છે, તેવી

રીતે આપણામાં જે લૌકિક વિચારો છે, લૌકિકમાં આસક્તિ છે, એ બધા રોગ છે. એ રોગને દૂર કરવાની દવા સત્સંગ છે. એથી શ્રીમહાપ્રભુજીએ 'ચતુઃશ્લોકી'માં પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ બતાવતાં આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીનાં સ્મરણ અને સેવા કરતાં શ્રીઠાકોરજીનાં ચરણકમળમાં રહેવું એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. સ્મરણ અને સેવા વૈષ્ણવી જીવનનું સતત ચાલતું ચક્ર છે. સેવાના અનવસરમાં સત્સંગ અને સત્સંગના અનવસરમાં સેવા એમ આપણું જીવન બની જાય તો સત્સંગને લઈને આપણા મનમાં ભગવદ્‌ભાવ વધે. મન પ્રભુમાં પરોવાય તો તેની સાથે સાથે શરીર અને ઈન્દ્રિયો પણ આપોઆપ પ્રભુમાં પરોવાય. સત્સંગ પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન કરે છે. પ્રેમ વધતાં સેવા-સ્મરણ વધે છે. માટે લૌકિકતાને દૂર કરનાર સત્સંગ મોટામાં મોટું ઔષધ છે.

અહીં ભગવદ્‌ભક્તો માટે શ્રીમહાપ્રભુજીએ બે શબ્દો વાપર્યાં. **'સદ્‌ભિઃ'** અને **'સંતઃ'**. આ બે શબ્દોથી આપે ભગવદીયોનાં લક્ષણ બતાવ્યાં છે. જેમની પાસે રહેવા માત્રથી **'સત્'** એટલે કે સત્ય સિદ્ધાંત સમજાય અને તે તરફ મન દોરાય, તે ભગવદીય. સંતઃ શબ્દથી એમ સૂચવ્યું કે જેમનામાં સર્વ લૌકિક બાબતોનો અંત આવી ગયો છે તે સંત. એમનો સંગ આપણને કદાપિ લૌકિકમાં ખેંચી જશે નહિ. શ્રીમહાપ્રભુજીએ 'જલભેદ' ગ્રંથમાં સંતનું એક લક્ષણ બતાવ્યું. જે પ્રભુમય બનીને નિષ્કામ ભાવે પ્રભુની પ્રસન્નતા માટે પ્રભુનાં ગુણગાન ગાય, તેમનાં વચનો દિવ્ય અમૃતમય છે. એ વચનો આપણા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારને શુદ્ધ અને પ્રભુમય બનાવે છે માટે એવા ભક્તોનો સંગ કરવો.

શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરી કે ભગવદ્‌ગુણગાન ઈર્ષ્યા અને લોભથી મુક્ત બનીને કરવાં. ઈર્ષ્યા અને લોભ રહિત જે ભગવદીયો છે તેમનો સંગ સાચો સત્સંગ બને. શ્રીહરિરાયજીએ પણ પહેલા શિક્ષાપત્રમાં સંગ કરવા લાયક ભગવદીયોનાં લક્ષણો બતાવ્યાં છે. એ લક્ષણોને ધ્યાનમાં લઈને સંગ માટે ભગવદીયોની પસંદગી કરવી જોઈએ. તો તે સંગ ભવસાગર પાર કરવાનું ઉત્તમ ઔષધ બની રહેશે.

આપણને પ્રશ્ન થશે કે આજના કલિકાલમાં આવા ઉત્તમ ભગવદીયો સરળતાથી મળી જાય ખરા? તેમના અભાવમાં શું કરવું? તે સ્થિતિમાં કોનો સંગ કરવો? તેના જવાબમાં શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો સંગ કરવો. એ ગ્રંથો વાંચવાં. પ્રાચીન આચાર્યોએ તેમના પર કરેલી ટીકાઓની મદદથી તે ગ્રંથોનો સંગ, તે ગ્રંથોનું સેવન કરવું. એવી અનુકૂળતા પણ ન હોય તો શ્રીભાગવતનો પાઠ કરવો. એ પણ શક્ય ન હોય તો સંગદોષથી બચવા શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું.

આમ, બીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોનું બીજું કર્તવ્ય સત્સંગ છે એમ સમજાવ્યું. સેવા અને સત્સંગ બંને જીવનરથનાં બે પૈડાં છે. વૈષ્ણવે પ્રભુને મળવા જવા માટે જે જીવનરથ સજાવવાનો છે તેનાં આ બંને પૈડાં એકસરખા અને મજબૂત હોવાં જોઈએ તો જ તે જીવનરથ આપણને પ્રભુ સુધી પહોંચાડશે.

હવે ત્રીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આપણા પરિવાર અંગે આપણું કર્તવ્ય શું છે તે સમજાવે છે. જેમ સંન્યાસી સંન્યાસ લેતાં પરિવારનો ત્યાગ કરે તેમ વૈષ્ણવે સેવા કરતાં પરિવારનો ત્યાગ કરવો જરૂરી છે? આવો પ્રશ્ન આપણને જાગે તો તેનો જવાબ ત્રીજા શ્લોકમાં આપે છે.

શ્લોક : ૩

અનુકૂલે કલાત્રાદૌ વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ।
ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥

શબ્દાર્થ :

કલત્રાદૌ - સ્ત્રી, પુત્રાદિ, અનુકૂલે - પ્રભુસેવામાં સહાયરૂપ હોય તો, વિષ્ણોઃ કાર્યાણિ - પ્રભુસેવાનાં કામો, કારયેત્ - તેમની પાસે કરાવવાં, ઉદાસીને - ઉદાસીન હોય તો, સ્વયમ્ કુર્યાત્ - પોતે સેવાકાર્ય કરવાં, પ્રતિકૂલે- પ્રતિબંધરૂપ હોય તો, ગૃહમ્ ત્યજેત્ - ઘરનો ત્યાગ કરવો.

અર્થ : સ્ત્રીપુત્રાદિ પ્રભુ સેવામાં સહાયરૂપ હોય તો સેવાનાં કામો તેમની પાસે કરાવવાં. જો તેઓ ઉદાસીન હોય તો પોતે સેવાનાં કાર્યો કરવાં. તેઓ સેવામાં પ્રતિબંધરૂપ હોય તો ઘરનો ત્યાગ કરવો.

વિવરણ :

શ્રીમહાપ્રભુજી એમ સમજાવે છે કે કલત્ર એટલે પત્ની આદિ પુત્ર વગેરે અન્ય કુટુંબીજનો. કલત્રાદૌ શબ્દથી આપણો આખો પરિવાર એવો અર્થ સમજાય છે. આપણે જ્યારે બ્રહ્મસંબંધ કરી, આત્મનિવેદન કરીએ ત્યારે આપણી જાત અને આત્મા સાથે આપણા સમગ્ર પરિવારને પણ પ્રભુને સમર્પિત કર્યો હતો. આથી શ્રીમહાપ્રભુજી અન્યત્ર એમ આજ્ઞા કરે છે કે આપણો ગૃહસ્થાશ્રમ ભગવત્સેવા માટે જ હોવો જોઇએ. 'નિરોધલક્ષણ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **'કૃષ્ણસ્ય સર્વ વસ્તુનિ ભૂમ્નઃ ઈશસ્ય યોજયેત્'** - અર્થાત્ સર્વ વસ્તુઓ શ્રીકૃષ્ણની છે. માટે તેમનો સંબંધ નિશ્ચયપૂર્વક તેમની સાથે જ કરાવવો જોઇએ. જે પ્રભુસેવામાં કામમાં ન આવે તેમનો સંગ કે સંબંધ છોડી દેવો જોઇએ. શ્રીમહાપ્રભુજીએ એ જ ગ્રંથમાં આગળ ઉપર એમ આજ્ઞા કરી કે **'પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ'** જેને કૃષ્ણપ્રિય છે એવા પુત્રની ઈચ્છા રાખવામાં પ્રેમ કરવો. અર્થાત્ ગૃહસ્થાશ્રમ ભગવત્સેવા માટે જીવવો.

આજ સંદર્ભમાં અહીં આપશ્રી આજ્ઞા કરે છે કે આપણા ઘરમાં શ્રીઠાકોરજીને પધરાવીએ છીએ ત્યારે તેઓ કેવળ આપણા એકલાના હોતા નથી. તેઓ આખા પરિવારના સભ્ય બનીને પધારે છે. માટે તેમની સેવાનો અધિકાર આખા પરિવારને છે. પરિવારમાં સ્ત્રી, પુત્ર વગેરે જે કોઇ પ્રભુની સેવાનાં કાર્યો કરવામાં તત્પર હોય, અનુકૂળ હોય અને રુચિ ધરાવનારા હોય તેમની પાસે રુચિ પ્રમાણેનાં સેવાનાં કાર્યો જરૂર કરાવવાં.

પરંતુ પરિવારના બધા જ સભ્યો સેવા તત્પર હોય એવું સર્વથા બને નહિ. પરિવારમાં પણ કદાચ કેટલાક જીવો પુષ્ટિજીવો ન પણ હોય. તેને લઈને ભગવત્સેવામાં તેમનો સ્વભાવ અને રુચિ ન હોય તો એ સંજોગોમાં શું કરવું?

એના જવાબમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પરિવારમાં કેટલાક સભ્યો કદાચ સેવા પ્રત્યે ઉદાસીન અથવા તટસ્થ ભાવ ધરાવનારા હોઈ શકે. જેમને સ્વયં સેવા કરવાની ઈચ્છા ન થાય, પરંતુ તેઓ બીજાને સેવા કરવામાં રોકનારા પણ ન હોય. સેવા કરનારને આડખીલી રૂપ ન બનતાં

હોય, આવા સભ્યો તરફ આપણે પણ ઉદાસીન બનવું. તટસ્થ ભાવ કેળવવો અને જાતે સેવા કરવી. તેઓ સેવા કરે જ એવો દુરાગ્રહ કે હઠાગ્રહ ન કરવો, જેથી ઘરમાં ક્લેશ થાય. આપણા પ્રભુ એટલા સુકોમળ અને આનંદરૂપ છે કે તેમને ક્લેશ સૌથી વધારે અપ્રિય છે. માટે સેવાની બાબતમાં જો ક્લેશ થાય તો તેનાથી પ્રભુ જરૂર નારાજ થાય. માટે પ્રભુની પ્રસન્નતાનો વિચાર કરીને ઉદાસીન કુટુંબીજનો સાથે સેવાનો કોઈ હઠાગ્રહ કરવો નહિ. તેમનો અધિકાર નથી એમ માની તેમને કંઈ કહેવું નહિ. આપણાથી આપણી જાતે જેટલા પ્રમાણમાં સેવા બને એટલા પ્રમાણમાં આનંદથી કરવી.

ક્યારેક પરિવારમાં કોઈક સભ્ય સેવામાં પ્રતિકૂળ પણ હોય. પ્રાચીન સમયમાં ઋષિઓ યજ્ઞ કરતાં ત્યારે રાક્ષસી વૃત્તિના લોકો તે યજ્ઞમાં વિઘ્નો ઊભાં કરતાં. આવા સ્વભાવના કુટુંબીજનો પણ હોઈ શકે. જે જાતે સેવા કરે નહિ અને આપણને શાંતિથી કરવા દે પણ નહિ. જે એવું ઈચ્છતા હોય કે આ ઘરમાં આ પ્રકારે સેવા ન થઈ શકે. તેમને લઈને આપણે સેવામાં ક્લેશ થાય. ક્લેશ યુક્ત હૃદય સાથે પ્રભુની સેવા કરવાની થાય એટલે પ્રભુને પણ તેનો ક્લેશ થાય. આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તેમની સાથે ઝઘડો કરવાને બદલે એમ માનવું કે પ્રભુને આ ઘરમાં બિરાજવાની ઈચ્છા નથી. એમ સમજીને આપણા પ્રભુને પધરાવી આપણે તે ઘર છોડી દેવું. તે ઘરથી અને પ્રતિકૂળ કુટુંબીજનોથી અલગ જઈને રહેવું. પરંતુ કોઈ પણ સંજોગોમાં ભગવત્સેવા છોડવી નહિ.

અહીં એક પ્રશ્ન થાય કે કુટુંબીજનો પ્રત્યેની આપણી જવાબદારી શી? તેમનો ત્યાગ કરવાથી આપણને કોઈ દોષ ન લાગે? શ્રીમહાપ્રભુજી તેનો ખુલાસો ચોથા શ્લોકમાં કરે છે.

શ્લોક - ૪

તત્ત્યાગે દૂષણં નાસ્તિ યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ।
અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલવિસર્જનમ્ ॥૪॥

શબ્દાર્થ :

તત્ ત્યાગે - તેનો ત્યાગ કરવામાં, **દૂષણમ્ ન અસ્તિ** - દૂષણ, દોષ નથી, **યતઃ** - કેમ કે તેઓ, **કૃષ્ણ બહિર્મુખઃ** - શ્રીકૃષ્ણથી બહિર્મુખ છે, **અનુકૂલસ્ય સંકલ્પઃ** - અનુકૂળ હોય તો સાથે રાખી સેવાકાર્ય કરવાં, **પ્રતિકૂલવિસર્જનમ્** - પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરવો.

અર્થ :

તેનો ત્યાગ કરવામાં દોષ નથી, કેમ કે તેઓ શ્રીકૃષ્ણથી બહિર્મુખ છે. જો તેઓ પ્રભુસેવાના કાર્યમાં અનુકૂળ હોય, સારી રીતે સાથ આપતા હોય, તો તેમને સાથે રાખી સેવાકાર્ય કરવાં. જો તેઓ પ્રભુસેવાની વિરુદ્ધ હોય તો તેમનો ત્યાગ કરવો.

વિવરણ :

આપણને પ્રશ્ન થાય કે આપણાં કુટુંબીજનોનો આપણે ત્યાગ કરીએ તો આપણને કોઈ દોષ ન લાગે? શ્રીમહાપ્રભુજી તેનો જવાબ આ શ્લોકની પ્રથમ પંક્તિમાં આપે છે. સેવામાં જે કુટુંબીજનો આડખીલીરૂપ બનતાં હોય અને તેને લઈને આપણાથી ઘરમાં સ્વસ્થતાથી અને પ્રસન્નતાથી સેવા ન થઈ શકતી હોય, જેઓ આપણને સેવા કરવા ન દેતા હોય તેમનો ત્યાગ કરવામાં કોઈ દોષ નથી. તેનું કારણ એ છે કે તેઓ શ્રીકૃષ્ણથી બહિર્મુખ લોકો છે. બહિર્મુખ લોકોનો સંગ દુઃસંગ છે. માટે દુઃસંગ છોડવો જરૂરી છે.

કુંભનદાસજીની વાર્તામાં આનું પ્રમાણ મળે છે. કુંભનદાસજી જેવા મહાન ભગવદીયને સાત દીકરાઓ હતા. પરંતુ તેમાંથી પહેલાં પાંચ દીકરા પ્રભુથી તદ્દન બહિર્મુખ હતા. તેઓ સેવા-સ્મરણમાં અડચણરૂપ હતા. છઠ્ઠો દીકરો કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોની સેવા કરતો. સાતમો સૌથી નાનો દીકરો ચતુર્ભુજદાસ શ્રીનાથજીની સેવા પણ કરતો અને સત્સંગ પણ કરતો. સેવા અને સત્સંગ બંને કરે તે પૂરેપૂરા વૈષ્ણવ. આથી કુંભનદાસજી કૃષ્ણદાસને અડધા વૈષ્ણવ કહેતા અને ચતુર્ભુજદાસને આખા વૈષ્ણવ કહેતા. પહેલાં પાંચ દીકરાઓને તેઓ વૈષ્ણવ કહેતા નહિ. તેથી તેમને મન પાંચ

દીકરાઓ તેમના પુત્રો જ ન હતા. તેમણે તેમની સાથે પિતા-પુત્રનો સંબંધ રાખ્યો ન હતો. તેમનાથી તેઓ અલગ થઇ ગયા હતા. આથી તેમણે શ્રીગુસાંઇજીને પણ એવો જવાબ આપ્યો હતો કે મારે માત્ર દોઢ દીકરો છે. જે સેવામાં સહાયક બને તે જ કુટુંબીજન. શ્રીમહાપ્રભુજીએ આ સિદ્ધાંત અહીં સમજાવ્યો છે.

અહીં શ્રીમહાપ્રભુજીએ પરોક્ષ રીતે એક બીજી વાત પણ બતાવી. પરિવારના સભ્યો સેવામાં વિઘ્ન કરનારા હોય તો આપણે તેમનો ત્યાગ કરી, અન્યત્ર ચાલ્યા જવું. શ્રીમહાપ્રભુજીએ એવી આજ્ઞા ન કરી કે તમારા ઘરમાંથી તમારા એ કુટુંબીજનોને કાઢી મૂકવા. આનું કારણ એમ સમજાય છે કે સેવા કરનાર વૈષ્ણવોએ મનમાં ક્લેશ ન થાય, તે માટે દુનિયાની નિંદા અને દોષારોપણથી બચવું જોઇએ. શ્રીરામચંદ્રજીના સમયથી ભક્તોની નિંદા કરનારાઓનો દુનિયામાં તોટો નથી. આપણાં કુટુંબીજનોને આપણે ઘરમાંથી કાઢી મૂકીએ તો સમાજમાં આપણી ભારે લોકનિંદા થાય અને અપકીર્તિ થાય. આપણી સાથે સાથે આપણો ધર્મ અને આપણા ગુરુ શ્રીમહાપ્રભુજી વગોવાય. માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તેઓ ભલે એ ઘરમાં રહે, આપણે તેમનાથી અલગ થઇ જવું. જેથી આપણને કોઇ ક્લેશ થાય નહિ.

વાર્તાસાહિત્યમાં આવા ઘણા પ્રસંગો છે. વાંસવાડાવાળા ગોપાલદાસ અડેલમાં શ્રીમહાપ્રભુજીના સેવક થઇને ઘેર પાછા આવ્યા. ત્યારે તેમણે તેમના માતા-પિતાને સ્પષ્ટ રીતે કહ્યું કે : તમે શ્રીમહાપ્રભુજીના સેવક નથી એટલે તમારા ભેગો હું રહીશ નહિ અને તમારી સાથે ખાનપાન પણ કરીશ નહિ. મને અલગ વ્યવસ્થા કરી આપો. આમ, ઘણા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના સેવક ન હોય એવા એમના પરિવારથી અલગ રહ્યાના પ્રસંગો વાર્તાસાહિત્યમાં મળી આવે છે. એટલે આપણે પણ આ વાત ધ્યાનમાં રાખવી. ઘરમાં સેવાની અનુકૂળતા ન હોય તો ઘર છોડી દેવું. કુટુંબીજનોથી જુદા રહેવું, પણ સેવા છોડવી નહિ.

ચોથા શ્લોકની બીજી પંક્તિમાં શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય

શરણાગતિનું સ્વરૂપ સમજાવે છે. અગાઉના સાડા ત્રણ શ્લોકોમાં શ્રીમહાપ્રભુજીએ એક ગૃહસ્થ તરીકે વૈષ્ણવી ગૃહસ્થાશ્રમ કેવી રીતે જીવવો તે બતાવ્યું. સેવા અને સત્સંગ ઘરમાં રહીને કેવી રીતે કરવા તેની સમજણ આપી. ઘરમાં સેવાની અનુકૂળતા ન હોય તો શું કરવું? તેની પણ આજ્ઞા કરી. હવે આ બધું કરવા માટે પાયાની શરત છે દૃઢ શરણાગતિ. મર્યાદામાર્ગની શરણાગતિ કરતાં પુષ્ટિમાર્ગની શરણાગતિ જુદી પડે છે તે આપણે આગળ જોઇ ગયા છીએ. અહીં શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય શરણાગતિનાં છ લક્ષણો આપે છે.

પુષ્ટિમાર્ગીય શરણાગતિનું પહેલું લક્ષણ છે **'અનુકૂલસ્ય સંકલ્પઃ'** પ્રભુસેવા અને સત્સંગમાં જે કોઇ વ્યક્તિઓ, વસ્તુઓ, પરિસ્થિતિઓ વગેરે અનુકૂળ હોય તેમનો સ્વીકાર કરવો. શરણાગતિને સિદ્ધ કરવા માટે સેવા અને સત્સંગ છે. સેવા અને સત્સંગ દ્વારા આપણામાં અનન્યતા આવે છે. તેથી અન્યાશ્રય દૂર થાય છે. સમર્પિત જીવન બને છે. તેથી અસમર્પિત જીવન છૂટી જાય છે. સત્સંગને લઇને દુઃસંગથી બચાય છે. પ્રભુનું સ્મરણ સતત રહેવાથી અસદાલાપ એટલે લૌકિક બબડાટ બંધ થાય છે. આ ચારે શરણાગતિના સુદૃઢ પાયાઓ છે. માટે આ ચારે તત્ત્વો સારી રીતે સિદ્ધ થાય તે તરફ જ આપણું લક્ષ્ય રહેવું જોઇએ. તે સિદ્ધ કરવામાં જે સ્વજનો સાથ સારી રીતે આપે તેમનો સાથ સ્વીકારવો. જે પદાર્થો એમાં ઉપયોગી બને તે પદાર્થોનું સારી રીતે રક્ષણ કરવું. જે સ્થિતિ અને સમયમાં આ ચારેય કાર્યો થઇ શકે એ સ્થિતિ અને સમય સદા આપણી સાથે રહે એવો પ્રયત્ન કરવો. આનાથી શરણાગતિ સુદૃઢ બને છે.

આ પંક્તિના ઉત્તરાર્ધમાં આપે બીજું લક્ષણ બતાવ્યું 'પ્રતિકૂલ વિસર્જનમ્' અર્થાત્ સેવા અને સત્સંગ કરવામાં જે જે વ્યક્તિઓ, વસ્તુઓ, પરિસ્થિતિ વગેરે વિરુદ્ધ જણાય તેમનો ત્યાગ કરવો. શ્રીમહાપ્રભુજીએ 'શિક્ષાશ્લોકી' ગ્રંથમાં પણ આજ આજ્ઞા કરી હતી કે જો તમે કોઇપણ પ્રકારે બહિર્મુખ થઇ જશો તો આ કાલરૂપી પ્રવાહ તમને ડુબાડી દેશે. જગતમાં બહિર્મુખતા વધારે છે. ભગવદ્ભક્તિ કરનારા ઓછા છે.

વાતાવરણ, પરિસ્થિતિ, સમય વગેરે પણ એવાં છે કે જે આપણને પ્રભુ તરફથી દૂર હડસેલી સંસાર તરફ ખેંચી જાય છે. સ્વજનો, ઘર, ધન, પ્રતિષ્ઠા વગેરે બાબતો પણ આપણને લૌકિકમાં વધારે આસક્ત કરે છે. આ બધાંના કારણે આપણાં સેવા, સત્સંગ અને સ્મરણ શિથિલ બને છે. આપણને ખ્યાલ આવે તે પહેલાં અન્યાશ્રય, અસમર્પિત, દુઃસંગ જેવા દોષો આપણા તન, મનનો કબજો જમાવી દે છે. માટે સેવા સત્સંગથી જે કંઈ વિમુખ કરનાર છે તેમનો ત્યાગ કરવો. એમ કરવાથી શરણાગતિ દૃઢ બનશે.

શ્લોક : ૫

કરિષ્યતીતિ વિશ્વાસો ભર્તૃત્વે વરણં યથા ।
આત્મનૈવેદ્યકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ ॥૫॥

શબ્દાર્થ :

યથા - જેમ, **ભર્તૃત્વે** - **વરણમ્** - સ્વામીને યોગ્ય લાગે તેમ, **કરિષ્યતિ**- કરશે (એવો) **ઈતિવિશ્વાસઃ** - વિશ્વાસ, **આત્મનૈવેદ્યકાર્પણ્ય** - આત્મનિવેદન અને દીનતા એ પ્રમાણેની, **ષડ્વિધા** - છ પ્રકારની, **શરણાગતિઃ** - શરણાગતિ છે.

અર્થ :

જેમ સ્વામીને યોગ્ય લાગે તેમ કરશે એવો દૃઢ વિશ્વાસ રાખવો, આત્મનિવેદન અને દીનતા એ પ્રમાણેની છ પ્રકારની શરણાગતિ છે.

વિવરણ :

આ શ્લોકમાં શરણાગતિનાં બીજાં ચાર લક્ષણો બતાવ્યાં.

(૩) **કરિષ્યતીતિ વિશ્વાસ :** અર્થાત્ ભગવાન આપણા સ્વામી છે. આપણે તેમના દાસ છીએ. દુનિયામાં એક નોકર એના માલિકમાં દૃઢ વિશ્વાસ રાખે છે. તેને ખાત્રી છે કે તેને જીવનમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી આવશે ત્યારે તેના માલિક તેને મદદરૂપ થશે અને તેની મુશ્કેલી દૂર કરશે. રક્ષણ કરવું એ માલિકનો સ્વભાવ છે. વિશ્વાસ રાખવો એ નોકરનો સ્વભાવ છે. એવી જ રીતે શરણમાર્ગમાં પણ ભગવાન આપણા સ્વામી છે, આપણે

તેમના દાસ છીએ. ભગવાન સર્વેશ્વર અને સર્વાત્મા છે. તેઓ સર્વ કંઇ પોતાની ઇચ્છા પ્રમાણે જ કરે છે અને કરવાના છે. આપણે ન જ ઇચ્છીએ તો પણ ભગવાન એમની ઇચ્છા પ્રમાણે જ કરશે. આપણું ઇચ્છેલું કંઇ થવાનું નથી. ત્યારે જેમ પુત્ર એના પિતામાં દ્દઢ વિશ્વાસ રાખે, પત્ની એના પતિમાં દ્દઢ વિશ્વાસ રાખે, એમ આપણે પણ આપણા સ્વામી પ્રભુમાં દ્દઢ વિશ્વાસ રાખવો જોઇએ કે તેઓ જે કંઇ કરશે તેમાં આપણું ભલું જ હશે. તેઓ આપણું કોઇ પ્રકારે બૂરું કરશે નહિ. માટે આપણા ભવિષ્યની ચિંતા એમને સોંપી દઇ નિશ્ચિંત બની એમની સેવા, સ્મરણ, સત્સંગમાં લાગી જવું એ શરણાગતિનું ત્રીજું લક્ષણ છે.

અવિશ્વાસ શરણમાર્ગમાં ઘણો બાધક છે. રાવણના દરબારમાં હનુમાનજીને રાવણના પુત્ર ઇન્દ્રજીતે બ્રહ્માસ્ત્ર મંત્રના પ્રયોગથી સૂતરના તાંતણે બંદી બનાવ્યા હતા. મંત્રની અવજ્ઞા હનુમાનજી કરી શક્યા નહિ, એટલે તેમને બંદી બનીને રહેવું પડ્યું. પરંતુ તેમને એમના સ્વામી ભગવાન શ્રીરામમાં દ્દઢ વિશ્વાસ હતો કે તેઓ આ બંધનમાંથી તેમને અવશ્ય છોડાવશે. રાવણને મંત્રમાં અવિશ્વાસ આવ્યો. રાવણ ચાર વેદનો વિદ્વાન હતો, છતાં શાસ્ત્રમાં અવિશ્વાસ થયો. તેના પરિણામે મંત્રમાં રહેલી દિવ્ય શક્તિ તિરોધાન થઇ ગઇ. તે સાથે જ હનુમાનજીનાં બંધન છૂટી ગયાં. આમ, પ્રભુમાં રાખેલો અવિશ્વાસ આપણને ઘણો બાધક થાય છે.

તેની સામે ચાતક પક્ષીનું દ્દષ્ટાંત ઘણું જાણીતું છે. ચાતક બુદ્ધિ વિનાનું એક સામાન્ય પક્ષી છે, પણ તેને મેઘમાં પૂર્ણ વિશ્વાસ છે. સ્વાતિ નક્ષત્રમાં એના માટે મેઘ જરૂર વરસશે અને બાર મહિનાની એની તરસ છિપાવશે. આ વિશ્વાસે ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રના મેઘની રાહ જુએ છે, પણ બાર મહિના સુધી કોઇ જલાશયનું પાણી તે પીતું નથી. એટલું જ નહિ, અન્ય નક્ષત્રમાં વરસતા મેઘનું પાણી પણ તે પીતું નથી. ચાતક પક્ષી જેવો દ્દઢ વિશ્વાસ જો પ્રભુમાં હોય તો જ એમની શરણાગતિ દ્દઢ બને. માટે પ્રભુમાં દ્દઢ વિશ્વાસ એ શરણાગતિનું ત્રીજું પગથિયું છે.

હવે શ્રીમહાપ્રભુજી પહેલી પંક્તિના ઉત્તરાર્ધમાં શરણાગતિનું ચોથું

લક્ષણ બતાવે છે 'ભર્તૃત્વે વરણમ્ યથા'. જેમ કન્યા પતિનો સ્વીકાર કર્યા પછી પતિસમર્પિત થઈને રહે છે. તેમ પ્રભુને આપણા સ્વામી તરીકે સ્વીકાર્યા પછી તેમને સમર્પિત થઈને રહેવું એ શરણાગતિનું ચોથું લક્ષણ છે. બીજા શબ્દોમાં કહીએ તો અનન્યતા એ શરણાગતિ માટે અત્યંત જરૂરી છે. જે દિવસે આપણા સ્વામી પ્રભુમાંથી આપણો વિશ્વાસ ડગી જાય એ દિવસે અન્યાશ્રયનો દોષ લાગે. તે દિવસે આપણી શરણાગતિ શિથિલ થઈ જાય. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે પ્રભુ તમારા પતિ છે એમ સમજીને એમના આશ્રયમાં રહેજો. જીવનમાં સુખ-દુઃખ આવશે. સંપત્તિ, વિપત્તિ પણ આવશે. સારી-નરસી પરિસ્થિતિઓ આવશે. એ બધામાં પ્રભુનો આશ્રય સાચવી રાખજો. જેમ પત્ની પતિને છોડીને બીજે ક્યાંય મન દોડાવતી નથી, તેમ પ્રભુના બનીને રહેવું એ શરણાગતિનું ચોથું પગથિયું છે.

બીજી પંક્તિમાં પાંચમું લક્ષણ બતાવ્યું. 'આત્મનૈવેદ્ય' આત્મ નિવેદન એ શરણાગતિનું પાંચમું લક્ષણ છે. આત્મનિવેદન એટલે બ્રહ્મસંબંધ. મર્યાદાભક્તિમાં ભક્તિની શરૂઆત શ્રવણ ભક્તિથી થાય છે અને આત્મનિવેદન ભક્તિ ભક્તિનું શિખર છે. મર્યાદામાર્ગ પ્રમાણે પ્રભુના ગુણગાનના શ્રવણથી પ્રભુમાં પ્રેમની શરૂઆત થાય. ધીમેધીમે પ્રભુમાં પ્રેમ વધતો જાય ત્યારે અંતે ભક્ત પ્રભુને પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે. પ્રભુને પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દેવાની પ્રભુ સામે લેવાતી પ્રતિજ્ઞા એ આત્મનિવેદન. પુષ્ટિભક્તિમાં આત્મનિવેદન પહેલું પગથિયું છે. મર્યાદાભક્તિનું છેલ્લું પગથિયું એ પુષ્ટિભક્તિનું પહેલું પગથિયું છે. માટે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા ઈચ્છનાર વ્યક્તિને પહેલા બ્રહ્મસંબંધ લેવું જરૂરી હોય છે. બ્રહ્મસંબંધના મંત્ર દ્વારા વ્યક્તિ પોતાની સ્થાવર-જંગમ બધી મિલ્કત પોતાનાં કુટુંબીજનો, પોતાની જાત અને પોતાનો આત્મા પ્રભુને સમર્પણ કરી દે છે. એ સમર્પણની પ્રતિજ્ઞા પાળવા માટે તેને સેવા કરવી આવશ્યક હોય છે. સેવા ન કરવામાં આવે તો સમર્પણની આ પ્રતિજ્ઞા પાળી શકતા નથી. પ્રતિજ્ઞાના પાલનના અભાવમાં શરણાગતિ શિથિલ બને છે. મન પ્રભુથી બહિર્મુખ બને છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે આત્મનિવેદન એ શરણાગતિનું પાંચમું પગથિયું છે.

તમે જો પ્રભુની શરણાગતિ સ્વીકારી છે તો તમારી ફરજ છે કે બ્રહ્મસંબંધ લઈને પ્રભુની સેવા કરવી. તેનાથી શરણાગતિ સુદઢ બને છે. માટે તેને પાંચમું પગથિયું કહ્યું.

હવે શ્રીમહાપ્રભુજી શરણાગતિનું છઠ્ઠું લક્ષણ બતાવે છે. 'કાર્પણ્યે'. કાર્પણ્ય એટલે દીનતા. ઉપરનાં પાંચે લક્ષણ હોય અને તેને લઈને ભગવાનની શરણાગતિનું જો આપણામાં અભિમાન આવી જાય તો બધો ખેલ પૂરો થઈ જાય. કિનારે આવેલું વહાણ છીછરા પાણીમાં ડૂબી જાય. મર્યાદા માર્ગમાં સાધનો દ્વારા શરણાગતિ સિદ્ધ કરવા જતાં આવું બનવાનો સંભવ વધારે રહે છે. ભક્તોમાં જ્યારે જ્યારે અભિમાન આવ્યું ત્યારે ત્યારે ભગવાન તેમનાથી અપ્રસન્ન થઈ તેમને છોડી ચાલ્યા ગયા. પુષ્ટિમાર્ગમાં પણ એવું બન્યું છે. રાસલીલાના પ્રસંગમાં ગોપીજનોને અભિમાન આવતાં ભગવાન તેમની વચ્ચેથી અંતર્ધાન થઈ ગયા હતા. માટે શરણાગતિમાં દીનતા એનું શિખર છે. એથી બ્રહ્મસંબંધના મંત્રમાં શ્રીમહાપ્રભુજીએ આપણી પાસે પ્રતિજ્ઞા કરાવી કે હે શ્રીકૃષ્ણ! હું તમારો દાસ છું. જ્ઞાની પુરુષ જ્યારે એમ કહે છે કે હું બ્રહ્મ છું, ત્યારે તેને બ્રહ્મ હોવાનું અભિમાન થઈ જાય છે, પરંતુ જ્યારે એક ભક્ત એમ કહે છે કે હું દાસ છું ત્યારે તેમને દાસત્વનું અભિમાન થતું નથી. હંમેશાં માલિક બનવાનું અભિમાન થાય. કોઈ દિવસ નોકર બનવાનું અભિમાન ન થાય.

આપણી વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને એમના વર્ણનું અભિમાન આવે પણ શૂદ્રને પોતાના વર્ણનું અભિમાન કદાપિ ન થાય. કારણકે તે ત્રણે વર્ણની સેવા કરનારો છે. દાસ બનીને જીવનારો છે. આથી શ્રીમહાપ્રભુજીએ શૂદ્ર શબ્દની સુંદર વ્યાખ્યા કરી. જેમનું હૃદય શુદ્ધ ભાવથી હંમેશાં દ્રવતું રહે તે શૂદ્ર. માટે સ્ત્રી અને શૂદ્રને ભક્તિમાર્ગના અધિકારી કહ્યા. સ્ત્રીમાં પણ હંમેશાં દાસત્વની ભાવના પ્રબળ હોય છે. શૂદ્રમાં પણ દાસત્વની ભાવના પ્રબળ હોય છે. માટે સ્ત્રીઓ અને શૂદ્રોને શરણાગતિનું દાસત્વ સહજ છે, તેથી તેમના પર પ્રભુની પ્રસન્નતા સત્વરે થાય છે.

આથી પુષ્ટિમાર્ગમાં શરણે આવેલા સૌ પ્રભુના દાસ છે. દાસત્વથી દીનતા આવે છે. દીનતાથી નિઃસાધનતાનો ભાવ જાગે છે કે મારાથી કંઇ બનતું નથી. નિઃસાધનતાના ભાવમાંથી વિરહનો ભાવ જાગે છે. વિરહના તાપ ક્લેશથી હૃદય શુદ્ધ બને છે અને પ્રભુમાં પ્રેમ પ્રગટે છે ત્યારે તાપાત્મક પ્રભુ એ ભક્તના હૃદયમાં પધારે છે. તે ભક્તની શરણાગતિ સંપૂર્ણ સુદૃઢ બને છે.

દાસત્વ અને દીનતામાં કોઇ શરતો હોતી નથી. દાસત્વ અને દીનતા એટલે પ્રભુની બિનશરતી સંપૂર્ણ શરણાગતિ. આમ, દીનતા એ શરણાગતિનું છઠ્ઠું અને છેલ્લું પગથિયું છે.

શ્રીમહાપ્રભુજી છેલ્લે આજ્ઞા કરે છે કે આ છ પ્રકારની શરણાગતિ છે. તે જેને પ્રાપ્ત થાય છે તે પ્રભુનો બની જાય છે. પછી તેનું સર્વ યોગક્ષેમ પ્રભુ જ વહન કરે છે. આવા જીવને સેવા, સત્સંગ અને સ્મરણ સિવાય બીજું કંઇ કરવાનું રહેતું નથી.

આમ, શ્રીમહાપ્રભુજીએ આ પાંચ શ્લોકમાં ભગવદીય જીવન જીવવાનો સ્પષ્ટ માર્ગ બતાવ્યો છે. આ માર્ગે ચાલનાર ભગવત્ કૃપાને પાત્ર બને છે.

⁂

આ પુસ્તક વિશે

સામાન્ય રીતે માણસ જેમ જેમ શિક્ષિત થતો જાય અને વિવિધ અનુભવોથી ઘડાતો જાય, તેમ તેમ તેનાં બુદ્ધિ અને વિચારો પરિપક્વ થાય, સુદૃઢ થાય. તે માનવમાંથી મહામાનવ બને; સજ્જનમાંથી સંત બને, પશુતામાંથી પૂજ્ય બને.

આ ક્રમ માણસને લાગુ પડે, મનુષ્યરૂપે પૃથ્વી પર પધારેલા પ્રભુને નહિ. આપણા શ્રીવલ્લભ, પ્રભુનાયે પ્રભુ મહાપ્રભુ છે. ગુરુનાં સર્વ લક્ષણોથી સંપન્ન આચાર્યપ્રવર છે. શ્રીપ્રભુના અલૌકિક મુખારવિંદ-સ્વરૂપ-વૈશ્વાનરાવતાર છે. આથી તેઓ વાક્પતિ અને વિબુધેશ્વર છે. તેમના વિચાર એ વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા, ભાગવતના પ્રામાણિક વિચાર છે. એમની વાણી એ જ વિચારોને રજૂ કરે છે. એમનું જીવન એ જ વિચારો અનુસાર પહેલેથી છેલ્લે સુધી જિવાયું છે. આમ એમનાં વિચાર-વાણી અને વર્તનમાં સમગ્ર જીવનકાળ દરમ્યાન એકવાક્યતા છે, કોઈ પરિવર્તન નથી.

તેમણે તેમની સૌ પ્રથમ રચના 'શ્રીયમુનાષ્ટકમ્'માં પ્રભુની સન્મુખ રહી, પ્રભુનાં સેવા-સ્મરણનો જે ઉપદેશ આપ્યો, તે જ આજ્ઞા તેમની છેલ્લી રચના 'શિક્ષાશ્લોકી'ના સાડા ત્રણ શ્લોકના લઘુગ્રંથમાં કરી છે. તેમાં પુષ્ટિમાર્ગનો સમગ્ર સિદ્ધાંત-સાગર છલકાવી દીધો છે.

પુષ્ટિમાર્ગીય જનો માટે તેમની આ છેલ્લી આજ્ઞા ખૂબ જ મહત્ત્વની છે; સતત ગંભીરતાથી ધ્યાનમાં રાખવા જેવી છે. આથી એ આજ્ઞાનું સરળ-સરસ વિવરણ આ નાનકડા પુસ્તકમાં આપણા સૌના મનન-ચિંતન-સેવન માટે રજૂ થયું છે.

'પંચશ્લોકી'માં આપે સમગ્ર પુષ્ટિમાર્ગનો સાગર ભરી દીધો છે. તેનું આચમન આ પુસ્તકમાં છે. શ્રીવલ્લભ-વિચારનો આ સમૃદ્ધ વારસો આપણે જીવીએ અને આપણી પછીની પેઢીઓને આપીએ.

■

પુષ્ટિ પ્રિન્ટ્સ, ૧૩, જી.આઈ.ડી.સી. ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા. ફોન : ૨૪૫૩૦૪